

સી. જમનાદાસની કું. મુંબઈ.

જંજીરને ઝણકારે

ચાંપશી વિ. ઉદેશી

પ્રકાશક : સી. જમનાદાસની કંપની
બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

આવૃત્તિ ત્રીજી : ૧૯૨૯
કિંમત ૧-૪-૦

સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં
મૂળચંદભાઈ ત્રીકમલાલ પટેલે
છાપ્યું: પાનકોરનાકા-અમદાવાદ.

પ્રસ્તાવના

જો આ જગતના માનવીઓ પોતાના હૃદયની વિરૂદ્ધની બનાવટી વાતો કરવાનું મૂકી દયે તો ખરેખર જગતનાં દુઃખો અર્ધા ઓછાં થઈ જાય. મનુષ્યનો સર્વશ્રેષ્ઠ ધર્મ અંતરના અવાજને માન આપવાનો છે. તેમજ જેટલે અંશે પોતાના આંતરધ્વનિને માન આપી વર્તવાની તેની ફરજ છે તેટલે જ અંશે અન્યના અંતરનો અવાજ સાંભળી, તે સત્ય ને વાસ્તવિક જણાય તો તેને માન આપવાની પણ તેની ફરજ છે.

ને—આ નવલકથા લખવાનો મૂળ હેતુ એ જ છે. માનવ જીવનનો આદર્શ હૃદયની આજ્ઞાનુસાર જ ઘડાવો જોઈએ— પછી એ આદર્શે ચાલતાં સુખ આવે કે દુઃખ, જીવન રહે કે મૃત્યુ આવે. આ વાર્તાના પાત્રોમાં રમાકુમારી અને અંબર એ પ્રકારના આદર્શે ચાલનારાં પાત્રો છે ને એ આદર્શ જાળવવા જતાં છેવટે તેઓ મૃત્યુ પામે છે. અંબરનો આંતરધ્વનિ વાસ્તવિક હોવા છતાં રાજા સમરસિંહ તેને માન નથી આપતો અને પરિણામમાં અન્યને માટે અને પોતાને માટે દુઃખ જ ઉત્પન્ન કરે છે.

રાજા રામસિંહનું પાત્ર રજપુત શૌર્ય ને રજપુત ટેકનો નમુનો છે, પણ કેટલીક વાર એ ટેક—દુશ્મનાવટ માટેની ટેક કરૂણ પરિણામ લાવે છે તે છેવટના પ્રકરણ પરથી જણાઈ આવશે.

પુષ્પાનું પાત્ર આદર્શ બલિદાનનું જ્વલંત દ્રષ્ટાંત છે. સ્વભૂમિના ગૌરવ માટે તે પોતાના જીવનનું બલિદાન આપે છે. જેને શત્રુ ગણે છે તેને કમને પરણે છે, પણ સહવાસ ને સહચાર માયા ઉત્પન્ન કર્યા વિના નથી રહેતાં, તેથી જયસિંહને છોડતાં તેને દુઃખ ઉત્પન્ન થાય છે.

• વિજયવતીનું પાત્ર પણ આદર્શરૂપ જ છે. અંબર માટેનો તેનો પ્રેમ છેવટ સુધી અચલ જ રહે છે.

નવલકથા લખવાનો આ મારો પ્રથમ જ પ્રયાસ છે. એટલે એ લખવા માટેની સર્વ શક્તિઓ વિકાસ ન જ પામી હોય એ સ્વાભાવિક છે, પણ મારો મુળ હેતુ હૃદયના ભાવો સ્પષ્ટ કરવાનો જ છે અને એ પ્રકારનું આલેખન આ નવલ કથામાં કેટલે અંશે સફળ થયું છે તે વાંચનારે જ જોવું રહ્યું.

ભાષા બને તેટલી નિરાડંબરી ને સતત્ રાખવા યત્ન કર્યો છે. હું સરળ ભાષામાં માનનારો છું. એટલે ભાષાના આડંબરના પ્રદર્શનથી વેગળો જ રહ્યો છું.

જનસમાજ તરફથી આ નાના પુસ્તકને આવકાર મળશે તો ભવિષ્યમાં આથી વધુ સુંદર ને અસરકારક નવલકથા રજુ કરવાનો મારો નમ્ર ઇરાદો છે.

મહા શિવરાત્રી
સંવત ૧૯૮૨
તા. ૧૧–૨–૨૬

ચાંપશી વિઠ્ઠલદાસ ઉદ્દેશી

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

ગુજરાતી ભાષામાં કોઇ પણ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થાય એ તે પુસ્તકના લેખક અને પ્રકાશક ઉભય માટે સૌભાગ્યની વાત ગણાય છે. આજ એ સૌભાગ્યની પ્રાપ્તિ માટે પ્રથમ કરૂણાનિધાન જગદીશ્વરનો અને તે પછી ગુજરાતી વાંચનાર આલમનો મારે આભાર માનવાનો છે.

આ ત્રીજી આવૃત્તિ મુંબઇના જાણીતા બુકસેલર્સ મેસર્સ સી. જમનાદાસની કંપનીએ પ્રકટ કરવાનું માથે લઈ મને ઉપકૃત કર્યો છે.

કલકત્તા
તા. ૨૨ સપ્ટેમ્બર ૧૯૨૯

ચાંપશી વિ. ઉદ્દેશી

અ નુ ક્ર મ

જંજીરને ઝણકારે

પ્રકરણ ૧ લું

જીતાયેલાં

અજયગઢને આરે સોહાસણી સંધ્યા ઢળી રહી હતી. કોઇ નિર્દોષ કુમારીકાના હૃદયની મધુર આશા સમા એ સંધ્યાના રંગો એ નગરના મકાનોની કોરને અને નગર બહારના વનમાંનાં વૃક્ષપત્રોને સોનેરી રંગથી રંગતા હતા.

અનંત વર્ષો વહેશે, પણ સંધ્યા ને ઉષા તો એ જ! પરમાત્માની પરમ પ્રતિનિધિ પ્રકૃતિ ચીરકાળ સમાનભાવે જાય છે ને આવે છે.

આ એ યુગ હતો જ્યારે મનુષ્યો તલવારની ધાર પર સદૈવ પ્રાણને બાંધીને ફરતા. જીવનના એક પલ્લામાં મર્યાદા અને ટેક અને બીજા પલ્લામાં મૃત્યુ રાખતા. જીવતા તો જન્મસિદ્ધ હક્ક સાથે જીવતા, નહિ તો અતિ આનંદથી મૃત્યુને ભેટતા. અજયગઢની રજપુત પ્રજા એ રજપુતયુગના આદર્શ સમાન જણાતી હતી.

અજયગઢમાં શૌર્ય ને વીરત્વ સાથે કળા ને સહૃદયતાનો પણ નિવાસ હતો જ. તેનાં મકાનો કળાનાં નમુનારૂપ હતાં, તેની પ્રજા વીરત્વ ને સહૃદયતાની સ્થૂલ મૂર્તિ સમી જણાતી. ટુંકમાં જીવનને ઉચ્ચ બનાવનાર જે જે ભાવનાઓ માનવજીવનમાં હોવી ઘટે એ સવ થોડે કે વધુ અંશે આ નગરમાં જણાતી.

અને એ નગરનો રાજમહાલય શ્વેત સ્ફટિકનો જાણે મીણમાંથી કોતરેલો હોય તેવો જણાતો. તેની છત જાણે ગગનરાજ સાથે દિનરાત પ્રણયગોષ્ટી કરતાં ધરાતી જ ન હોય એવો આભાસ કરાવતી.

ઝરૂખામાં અનેક વેળા ઉષાએ કે સંધ્યાએ રાજકન્યા વિજયવતી પોતાની દાસી સહિત ઉભેલી જણાતી.

અજયગઢનો રાજા સમરસિંહ વીરત્વ ને ટેકની સાક્ષાત્ મૂર્તિ સમો હતો. આજ બાસઠની વયે પણ તલવાર સાથેની મિત્રાચારી તેણે ઘટાડી ન્હોતી. બાર વર્ષ પહેલાં રાજરાણી કલ્યાણવતીના મરણ-સમાચારે અજયગઢની પ્રજાના હૃદય રડયાં હતાં. પ્રચંડકાય સમરસિંહે એકાંતમાં નાનાં બાળક પેઠે એ સમયે આંસૂ સાર્યાં હતાં.

એ સમયે સમરસિંહને સંતાનમાં પાંચ વર્ષની માત્ર એક જ પુત્રી હતી. આજ બાર વર્ષની ઉષા ને સંધ્યા વહ્યા બાદ એ રાજકન્યા વિજયવતી સત્તર વર્ષની હતી.

સમરસિંહનું વીરત્વ અને કલ્યાણવતીનું સૌંદર્ય; ઉભયે સપ્રમાણ સંમિશ્રણે વિજયવતીમાં વાસ કર્યો હતો. રજપુતોમાં પડદાનો રિવાજ હોવા છતાં માતૃહીના વિજયવતી તરફના અખૂટ વાત્સલ્યભાવને લીધે સમરસિંહે વિજયવતીને નાનપણથી જ ગમે ત્યાં ફરવા દીધી હતી. રાજમહાલયના ઉદ્યાનમાં જે રીતે તે સંકોચ વિના ફરતી તે જ રીતે નગરના રસ્તાઓમાં પણ ઘોડા પર સ્વારી કરીને, હાથમાં ભાલો લઇ, પ્રજાજનોની નજરમાં સાક્ષાત્ વીરતાની દેવી લાગતી એ ફરતી.

રાજમહાલયમાં કે તેના ઉદ્યાનમાં તો રાજકુટુંબીઓ કે ઉચ્ચ અધિકારીઓ જ પ્રવેશી શકતા. અનેક પ્રકારનાં વૃક્ષો, લતાઓ ને નિકુંજો એ ઉદ્યાનમાં કળાપૂર્વક અસ્તિત્વ ધરાવતાં જણાતાં. સ્થળે સ્થળે વિરામને અર્થે આરસનાં આસનો નજરે પડતાં. ઉષાનો ધીર ગંભીર વાયુ, કે સંધ્યાનો રમતિયાળ, પ્રમત્ત વાયુ વૃક્ષપુષ્પોની સુગંધને સંગ્રહી લઈ ઉદાર હસ્તે સારાય ઉદ્યાનમાં એ સુગંધને વેરતો.

ને આજ—આ સંધ્યા સમયે એ ઉદ્યાનના એક આરસના આસન પર એક રજપુત રમણી જાણે મનના કોઇ પ્રબળ ને વેગભર્યા

ભાવને અટકાવી રહી હોય, જાણે તેના હૃદયમાં કોઇ પ્રમત્ત વાવાઝોડું, કોઇ મહામન્થન ઉદ્દભવ્યું હોય એ ભાવે બેઠેલી જણાતી હતી. મુખ પર વિષાદ ને વિચારની છાયા ક્રમવાર જતી ને આવતી. કોઇ વાર મુખના સૌન્દર્યની રેખાઓ વચ્ચે વિષાદ કોઇ અવર્ણનીય રંગ પૂરી એ સૌન્દર્યને દ્વિગુણ કરતો.

સૌમ્યતા ને સપ્રમાણતા એ રમણીને અંગેઅંગે ને મુખ પર તરવરતાં. દેહ પરની શ્વેત ચુંદડી અવયવોના રંગમાં ભળી જઇ શ્વેત પ્રભાવથી કોઇ અનેરી પવિત્રતા જગાડતી. તેને સત્કારવા માટે, તેના પુજારી થવા માટે, એ સૌન્દર્યને પવિત્રતાના ઉપાસક થવા માટે માનવ હૃદય ઢળી પડતું ને એ હૃદયના શતશત ભાવ એ પવિત્રતાના ચરણ ચૂંમતા.

વધુ સમય નહિ થયો હોય ત્યાં એ રમણીએ ઉદ્યાનની વૃક્ષ-ઘટામાંથી એક રજપુત યુવાનને નીકળતો જોયો. જોતાં જ જાણે અનેક વર્ષથી વિખૂટાં પડેલ પિતાપુત્રી, પતિપત્ની, કે બે સખીઓ પાછી મળે ત્યારે જે ઉત્સુકતા તે ઉત્કટતા મનમાં જાગે તે એને હૃદયે જન્મી. તે અર્ધ ઉભી થઇ ને રજપુત યુવાન પાસે આવ્યો કે બોલી:— "આવી કે પુષ્પા ?"

" ચૂપ !" તે યુવાને નાકે આંગળી મૂકી કહ્યું: " અહીં પુષ્પા નામથી ન બોલાવ. વૃક્ષો પર સણુસણાટ કરી વહેતો વાયુ કદાચ એ ગુપ્ત વાત રાજમહેલમાં પહોંચાડે. પુષ્પસિંહ કહેતી જા. "

" લે–બેત્રણ દહાડે માંડમાંડ મળ્યાં, ત્યાં તો શરૂઆતમાં જ તેં મને ધમકાવવા માંડી. ઠીક, હવે નહિ ભૂલું. પણ નવા શા સમાચાર છે ?"

· બંધીવાનને—દાસને પોતાની મુક્તિ સિવાયના સર્વ સમાચાર સરખા જ છે, રમા ! રમા ! મારૂં હૃદય દિનરાત રડે છે. કયાં

આપણી જન્મભૂમિ રામગઢ ને ક્યાં આ અજયગઢ ! રે ! કઈ અશુભ ઘડીએ આપણો પરાજય થયો ? અજયગઢના એ ક્રુર-નિષ્ઠુર સેનાપતિએ પોતાની સેના લઈ આપણા નગર પર હલ્લો કર્યો. આપણી સેના લડી ને અંતે જબરી લડત પછી મૃત્યુરૂપે પરાધીનતાની વેદી પર હોમાઇ—આપણે કેદી થયાં—આ અજાણી ભૂમિમાં, શત્રુ વચ્ચે, તેમના અંતરની આપણા પ્રત્યેના વૈરભાવની ભડભડ બળતી આગની ધગધગતી આંચ સહેવા, અહીં આવ્યાં. હજારો અભિશાપ હો એ દુષ્ટ સેનાપતિ—"

" ધીરી પડ, પુષ્પા ! ધીરી પડ ! પ્રકૃતિ, કાળ ને પરમાત્માની મરજીને આધીન થતાં શીખ. આપણી આ દશા માટે રામગઢની પ્રજા ઓછી દોષિત નથી. વીલાસ ને આનંદમાં વીરત્વ ને ટેક વિસાર્યાં, છેક છેલ્લી ઘડીએ-જ્યારે અજયગઢના સેનાપતિએ આક્રમણ કર્યું ત્યારે-જાગૃત થઇ ! ને પરિણામે—"

"એટલે ! એનો અર્થ ? શું અજયગઢની પ્રજા વિલાસમગ્ન નથી ? લે, આવતી કાલે જ જોજે. એ હેવાન સેનાપતિ અંબરે વિજય મેળવ્યો તેના હર્ષમાં અહીંની પ્રજા કેવો ઉત્સવ ઉજવે છે તે ! રે આપણે જીવતેજીવત આપણા શત્રુઓનો વિજયોત્સવ જોવો ? ફચડાઓ–ફચડાઓ–એમના પ્રત્યેક વિજયનાદથી આપણું હૃદય ફચડાઓ ને ચુરેચુરા થઇ જાઓ ! કઇ આંખે એ ઉત્સવ જોઇશ ? "

"હા–હા ! ખરૂં કહ્યું-પુષ્પા ! ખરૂં કહ્યું ! હવે મને યાદ આવ્યું સંગ્રામમાં હું મારા પિતાની પડખે જ હતી-પિતાના જમણા હાથ પર તલવારનો પ્રચંડ ઘા કરનાર એ સેનાપતિ અંબર જ હતો, પણ–

" પણ–હજી યે પણ ? તું શું એમ ધારે છે કે હું આંખો ને હૃદય વગરની છું ? સેનાપતિનું નામ સાંભળતાં ને બોલતાં

તારે મુખે શેરડા કાં પડે છે? કહે કે તારા પિતાથી પણ એ હેવાન શત્રુ તને વધારે પ્રિય છે."

"ના–છેક એમ તો નહિ જ–રે! મારા પિતા! મને પુત્ર સમા લાડકોડથી ઉછેરનાર! હા! મને યાદ છે! એ પ્રચંડ ઘાથી તે અશ્વ પરથી ઢળી પડયા. હું મારા અશ્વ પરથી હેઠે ઉતરી નીચી વળી તેમને તપાસું છું ત્યાં તો દુશ્મનોએ ઘેરીને મને જકડી લીધી. ઘાયલ પિતા પર તેઓ વધુ ઘા કરવા જતા હતા ત્યાં એ વીર ને દયાળુ સેનાપતિએ—"

"દયાળુ! ધન્ય તારી વિવેકબુદ્ધિને! તારા પિતા પર તલ્વારનો ઘા કરનાર તારે મન દયાળુ?"

"પણ દુશ્મન સૈનિકો મારા પિતાને મારી જ નાખત. એણે હુકમ કર્યો કે ચાલો પાછા વળો. આપણી જીત થઇ. એ તો મર્યો જ સમજો. હવે એના પર ઘા શો કરવો?"

"ત્યારે એમ જ કહે ને કે તારા પિતાને મરેલા સમજી કે તરતમાં મરશે એમ સમજીને તેને વધારે ઘા કરવાની ના પાડી. દેશકલંકિની! બાળી નાખ! તારા એ દૂષિત હૃદયભાવને બાળી નાખ! તારા દેશને પરાધીન કરનાર શત્રુને 'વીર' ને 'દયાળુ' ન કહે. યાદ રાખ, પ્રથમ દેશ, પ્રથમ જન્મભૂમિ, પ્રથમ 'મા' પછી આપણે ને આપણી સ્વાર્થ-ભરી ઇચ્છાઓ!"

"હા! તારૂં કહેવું બરાબર છે. હું કાલે ઉત્સવ નહિં જોઉં. મારા પિતાને હણનારને અપાતા ધન્યવાદ નહિ સાંભળું. હું ભૂલી. રે પિતા! પિતા! તમે કયાં હશો? પ્રભુ કોઇ અદ્રશ્યભાવે પણ મારા હૃદયના પ્રશ્નનો જવાબ દે કે મારા એ પ્રિય પિતાને આ જન્મમાં હું કોઇ વાર મળીશ કે નહિ?"

" પિતા ન મળે તો તેનું વેર લેવાની પ્રતિજ્ઞા કર. શત્રુઓના જૂથ વચ્ચે પણ તારા હૃદયમાં જન્મભૂમિના ગૌરવનો દીપ જાગતો રાખ ! તું સ્ત્રી છો, રજપુત સ્ત્રી છો, તારી માએ તને ધાવણમાં વીરત્વ જરૂર પાયું હશે. આજ નહિં તો કાલ–બે દિન પછી–વર્ષે–પાંચ વર્ષે પણ તારા પિતાના મૃત્યુનું વેર લેવાની પ્રતિજ્ઞા કર ને એ અધમ સેનાપતિને તારા હૃદયપ્રાસાદની ઉંચી અગાસીએથી નીચે ફેંકી દે. "

" હા ! હું તેમ કરવા યત્ન કરીશ—"

"યત્ન ? પ્રતિજ્ઞા નહિ ? જાતિકલંકિની ! દેશકલંકિની ! તારા જેવી સ્ત્રી ધરાવનાર રામગઢ પરાધીન થવાને જ યોગ્ય છે. હજી તું યત્ન જ કરીશ ? "

" પુષ્પા ! તારાં આ વચનો ભભૂકતી જવાળા થઇ મારા હૃદયને સ્પર્શતાં જાય છે, પણ કોણ જાણે અંતરમાંનું કોઇક જળ તેને હોલવી નાખે છે. "

" વાહ રે તારૂં જળ ! બાપને મારનાર અને સ્વદેશને પરતંત્ર બનાવનાર માટેના અભિશાપને બુઝાવનાર એ જ અભિશાપિત તરફનો મોહ ? "

" પુષ્પા ! મને આટલી ન તરછોડ, હું એને ભૂલવા બનતું કરીશ, એને ભૂલીશ ! એ મુખ, એ પ્રચંડ ને સુન્દર કાયા, એ વીરત્વ ! હા ! એ સર્વ ભૂલી જઇશ ! મને થોડો સમય દે, મને વિચારવા દે. હમણાં મારૂં હૃદય રડે છે. મને જવા દે. રાજકુમારી ઉઠી હશે ને મારે માટે તપાસ કરશે તો કદાચ આ મેળાપનો ભેદ ખુલ્લો પડશે. "

" ઠીક જા, ફરી મળજે. પણ યાદ રાખ કે હું પુરૂષવેષે છું, છતાં તારા જેવી અબળા જ છું, પરંતુ મેં હૃદયમાંથી એક ક્ષણને

માટે પણ દેશપ્રેમ વિસાર્યો નથી. જન્મભૂમિના ગૌરવની તુલનામાં અન્ય કોઈ સુખની લાલસા કરી નથી."

રમા ઉઠી, લથડતી ચાલી. પુષ્પાએ જોયું કે થોડેક દૂર ગયા બાદ તેણે પાલવ વડે આંસુ લૂછ્યાં, તે તેને વૃક્ષોની ઘટામાં અદશ્ય થતી જોઇ રહી.

તે મનમાં ગણુગણીઃ "બિચારી રમા !"

ને તે જ વખતે બેઠકની પાછળની વૃક્ષઘટામાંથી એક પુરૂષનો આકાર નીકળી આવ્યો. તેને જોતાં જ પુષ્પા ચમકી ને બોલી ઉઠી "કોણ કિલ્લેદાર ?"

*

પ્રકરણ ૨ જું.

કિલ્લેદાર

"જી હા–કિલ્લેદાર." કિલ્લેદારે હસીને કહ્યું "મજાનો વેષ ભજવો છો–પણ અજયગઢમાં કંઇ બધા આંધળા નથી વસતા." પુષ્પા ઝંખવાઇ ગઈ. પોતે પુરૂષવેષમાં સ્ત્રી છે એ ભેદ કિલ્લેદાર જયસિંહે જાણી લીધો એ વિચારે તેનું હૃદય કંપી ઉઠયું. લડાઇમાં એ પુરૂષવેષે જ લડી હતી ને પુરૂષવેષે જ કેદી થઇ હતી.

"તમારા અજયગઢના પુરૂષો આવા જ ધંધા લઇ બેઠા છે કે ? કોઇની ગુપ્ત વાત સાંભળવી એ જ તેમનું વીરત્વ છે કે ?"

"ને રામગઢની સ્ત્રીઓના એ જ ધંધા કે પુરૂષવેષે પરરાજ્યમાં ફરવું કેમ ?"

પુષ્પા ફરી નિરૂત્તર થઈ ગઇ. તેણે એકવાર કિલ્લેદાર સામે જોયું. રાજા સમરસિંહના પરમ વિશ્વાસુ ને અજયગઢના અજીત

કિલ્લાના તકેદાર એ રજપુત વીરની આંખમાં તેને જૂદા જ ભાવ જણાયા. જીતાયેલા દેશની સ્ત્રીઓ દાસી બનવા છતાં પોતાના દેશને છોડાવવાની ચર્ચા કરે એ સાંભળી જીતનાર દેશના વતનીનો પિત્તો ઉકળવો જોઇએ, આંખમાં તેજ ને વૈરભાવ હોવાં જોઇએ, મુખ પર ક્રોધની તસતસતી રેખાઓ ઝળકવી જોઇએ; તેને બદલે અત્યારે કિલ્લેદારના મુખ પર છૂપું સ્મિત ને આંખોમાં કોઈ વિરલ મૃદુભાવ જણાતાં હતાં.

સામું જોઈ તેણે નીચું જોયું–તેને લાગ્યું કે એ રીતે કિલ્લેદારને એક નજરે જોવામાં તેણે ભૂલ કરી–તે પસ્તાઇ. મનમાં ગાંઠ વાળી કે જીવ જાય તો બહેતર, પણ આ વિવેકહિન કિલ્લેદારથી દબાવું તો નહિં જ.

"કાં–ઉત્તર ન મળ્યો ને !" કિલ્લેદારે હસતાં હસતાં કહ્યું: "અરે કાંઇ હોંશીયારી વગર રાજાએ મને એમને એમ કિલ્લેદાર તો નહિ બનાવી દીધો હોય ? હવા વાતને લઇ જતી હોય તો એ હવાને પણ રોકી સેવક એ વાત જાણી લ્યે એવો છે.

શું બોલવું તે પુષ્પાને સૂઝયું નહિં આંખે અંધારાં આવવા જેવું તેને લાગ્યું. જન્મભૂમિથી દૂર દેશગૌરવને તે પોષી રહી હતી, એ પોષણ પર આજ કોઈ તીવ્ર ઘા, પ્રથમ વાર પડયા જેવું તેને લાગ્યું. તેના મુખમાંથી શબ્દો સરી પડયા " જયસિંહ ! "

" ગભરાઓ નહિ–તમારો ભેદ હું કોઇને પણ નહિં જણાવું. ખાત્રી રાખો કે બાગનો પવન પણ એ જાણશે નહિ. "

પુષ્પાનો ગભરાટ સ્હેજ ઓછો થયો. કપાળ પર પરસેવાનાં બિન્દુ બાઝયાં હતાં તે એક પવનલહરીથી સ્હેજ હાલ્યાં, અને એ

ચલનના સ્પર્શે-ઠંડા પવન સાથેના એ સ્પર્શે-તેના અસ્વસ્થ હૃદયને સ્હેજ સ્વસ્થ બનાવ્યું.

"તમારી કૃપા થઇ." પુષ્પાએ નીચું જોઇ રહીને જ કહ્યું.

"જગતમાં વિનિમય એ સનાતન પ્રથા છે, એક વસ્તુ એક કે બીજે સ્વરૂપે આપ્યા વગર બીજી વસ્તુ મળતી નથી."

"એટલે?"

એટલે કે મારા મૌન્યનું મૂલ્ય તમારે ચૂકવવાનું છે.

"યુદ્ધમાં જીતાયેલી કેદી સ્ત્રી પાસે આપવાનું શું હોય? મારી પાસે ધન નથી.

પણ ધનથી અધિક કૈંક છે. ગરીબ કે ધનિક પ્રત્યેક સ્ત્રી પાસે એક વસ્તુ તો સમાન હોય છે.

"તે કઇ?"

તે હૃદય !- ને એ જ હૃદય હું ચાહું છું. જ્યારે તમે કેદી થઇ રાજમહેલમાં આવ્યાં ત્યારથી મને શંકા હતી કે તમે પુરૂષ નહિં, પણ સ્ત્રી છો. એ શંકાએ જ મને આજે છૂપાઇને આ સર્વ વાત સાંભળવા પ્રેર્યો હતો. રજપૂત રમણી! હું તમારા ગુણનો-તમારી વીરતાનો દાસ છું. અજયગઢનો અજીત કિલ્લો મેં અભેદ્ય રાખ્યો છે, પણ મારા હૃદયના કિલ્લાને તમે ભેદી જીતી લીધો છે."

પુષ્પા ચમકી! કોઇએ તલ્વારનો ઝાટકો માર્યો હોત તો એ આટલી ન ચમકત. પુરૂષ વેષમાં પોતે સલામત રહી સ્ત્રીત્વ ને શિયળ જાળવી શકશે એ વિચારે તે પકડાયા પહેલાં મગ્ન હતી. અત્યારે તેથી બમણી આશ્ચર્યચકિત થઇ.

ક્ષમા કરો, આપ શત્રુ છો. પ્રથમ તો મારૂં દેશાભિમાન તમારા તરફ લેશ પણ સમભાવ રાખવા મને ના પાડે છે."

"પ્રણયના બદલામાં ક્રોધ ને તિરસ્કાર આપવો તેનું નામ દેશાભિમાન? દેશાભિમાન મનુષ્યત્વથી પણ વધી જાય છે?" જયસિંહે પૂછ્યું.

પુષ્પાથી કોણ જાણે કેમ ફરી સ્હેજ ઉંચુ જોવાઈ ગયું. જયસિંહના મુખ પર રતાશ રમી રહી હતી. એ રતાશ પાછળ તેને રજપુત વીરત્વનાં દર્શન થયાં પણ. . . .

પણ તે જ વખતે તેના મગજમાં એક વિચાર ઓચિંતો આવ્યો. થોડીક ક્ષણ પહેલાં સેનાપતિ અંબર તરફ સમભાવ રાખવા માટે રમાને તેણે તિરસ્કારી હતી. ને હવે?

હવે તેને લાગ્યું કે જયસિંહને તિરસ્કારી ચાલ્યા જવું જ યોગ્ય હતું. કદાચ તેનું હૃદય પીગળે, કદાચ દેશપ્રેમ પર હૃદયનો કોઈ ક્ષણિક ભાવ જીત મેળવી જાય—ના—ના-એમ ન જ થાય. પુષ્પાને મન પ્રથમ દેશ, પછી બીજું!

"જવા દો, વધુ વાત કરવાની મારી મરજી નથી." એમ કહી તેણે પગલાં ઉપાડયાં.

જયસિંહે માર્ગ રોક્યો.

"મારા પ્રશ્નનો ઉત્તર?"

"ઉત્તર મારો દેશપ્રેમ."

"ને મારા હૃદયનું તમારે મન મૂલ્ય?"

"એક શત્રુના હૃદયનું જેટલું મૂલ્ય મારે મન હોઇ શકે તેથી લેશ પણ વધારે નહિ."

"એમ ? "

"હા. "

"ત્યારે કાલે સવારે તમારો ભેદ ખુલ્યો સમજજો. તમારો દેહ એની સજારૂપે કાલે જ નાશ પામશે ને તે સાથે તમારૂં દેશાભિમાન પણ મૃત્યુ પામ્યું સમજજો. "

પુષ્પા કંપિ ઉઠી. તેનો દેહ સ્હેજ કંપથી હાલ્યો. ખરેખર ! રાજા સમરસિંહ પાસે ભેદ ખુલે તો ?

તો શું ?

મૃત્યુ ! અનિવાર્ય મૃત્યુ !

અને પછી ?

પછી અનંત અંધકારમાં વિલીનતા ! રમાને અનંત વિયોગ ! દેશપ્રેમની દયાજનક રાખ !

તેણે વિચાર કર્યો, ફરી વાર વિચાર કર્યો, બેચાર ક્ષણ મૌન ધારણ કર્યું, કૈંક નિશ્ચય કર્યો, બે પળમાં જ કોઇક ઠરાવ પર તે આવી ગઇ.

" મારૂ ચિત્ત અત્યારે ગભરાય છે એટલે હું ના કહી બેઠી. મને વિચાર કરવાનો સમય આપો—માત્ર પંદર દિવસ આપો. તમે રજપુત વીર છો—મારી આટલી વિનંતી કબુલ રાખો. પ્રેમને વિયોગમાં તપીને પરિપકવ થવા દો. "

છેલ્લાં વાક્યે જયસિંહ આનંદિત થયો. " પ્રેમને વિયોગમાં તપીને પરિપકવ થવા દો ! " ત્યારે પુષ્પા પોતાને ચાહે છે ખરી !

" ખુશીથી. જયસિંહ આટલી વિનંતી યે કબુલ ન રાખે તેટલો અધમ નથી."

"ત્યારે હું જાઉં છું. પણ જો જો મારો ભેદ...."

"બેફીકર! એ ભેદ અને મારૂં શિર એક સાથે બાંધી રાખ્યાં છે—પ્રેમની જંજીરથી."

પુષ્પા ચાલી, જયસિંહ તેના દૂર જતા આકાર તરફ જોઈ રહ્યો ને મનમાંજ સ્હેજ મલકાયો.

*

પ્રકરણ ૩ જુ

રાજકુમારી વિજયવતી

ઉષાના સુવર્ણરંગી કિરણો અજયગઢના રાજમહેલને સ્પર્શતાં જ જડ રાજમહેલ જાણે ચેતન સ્વરૂપે પ્રકાશતો હોય તેમ જણાવા લાગ્યો. એ મહેલના ઝરૂખાઓ કોઇ યૌવનની શ્વેતરંગી સાડીમાં સોનેરી બુટ્ટાઓ ચમકતા જણાય તેમ ચમકવા લાગ્યા. આશા અને ઉલ્લાસ, ચેતન અને જીવન એ સ્ફાટિક મહેલને પત્થરે પત્થરે જાગી ઉઠયાં.

અજયગઢની પ્રજા માટે આજ આનંદનો દિવસ હતો. વીર સેનાપતિ અંબરે રામગઢના શત્રુરાજ્યનો પરાજય કર્યો હતો. આજ રાજા સમરસિંહ સેનાપતિને શિરપાવ આપવાના હતા. નગરના ચોકમાં વચ્ચે ઉભા કરેલ શમીયાણામાં, ભર પ્રજા વચ્ચે, સેનાપતિ અંબરની રાજા કદર કરનાર હતા.

અને એ સમસ્ત પ્રજા કરતાં પણ વધારે હર્ષમાં રાજમહેલની એક વ્યક્તિ હતી. રાજકુમારી વિજયવતી ન્હાનપણથી જ સેનાપતિ તરફ પક્ષપાતી હતી. પોતાનો પિતા એ વીરની સમસ્ત પ્રજા વચ્ચે પ્રશંસા કરશે એ વિચારે તે હર્ષઘેલી જેવી થઈ જતી હતી.

એ હર્ષ પાછળ એક અદ્રશ્ય ભાવ છૂપાયો હતો. જ્યારે જરેયા

વિજયવતી સેનાપતિ અંબરને નિહાળતી ત્યારે ત્યારે તેનાથી દીર્ઘ શ્વાસ લેવાઇ જતા, આંખો ઢળી પડતી, અને તે કોઇ ઉંડા વિચારમાં પડી જતી. એ શો ભાવ હશે તે પ્રથમ તો રાજકુમારીને સમજાયું નહિ, પણ ધીરે ધીરે તેને જણાયું કે જગત જેને 'પ્રેમ' ના નામથી ઓળખે છે તે જ એ ભાવ હતો.

વિજયવંત સેનાપતિને યુદ્ધના પોષાકમાં, વીરત્વભર્યા ચ્હેરા સહિત, સસ્મિત્ મુખ સહિત અને વિશાળ દેહ ધારનાર રૂપે નિહાળવા રાજકુમારી આજ આતુર બની રહી હતી.

દાસીઓએ તેની આજ્ઞા મુજબ આજ તેને વહેલી જ ઉઠાડી હતી. રાજકન્યા અતી ઉલ્લાસપૂર્વક હમણાં જ સ્નાનાગારમાં ગઇ હતી.

મહેલના ઝરૂખામાં સૂર્યનાં સોનેરી કિરણોથી રંગાતી; હમણાં હમણામાં રાજકુમારીની માનીતી થઇ પડેલી દાસી રમા, કોઇ ગહન વિચારમાં ઉભી હતી. તેના શ્વેત દેહ પર સૂર્યકિરણોની પથરાતી સોનેરી ઝાંય કોઇ દિવ્ય તેજસ્વી રંગ પ્રગટ કરતી હતી. વાયુની લ્હેરી ક્વચિત્ છાનીમાની આવી તેની શ્વેત ઓઢણીને સ્હેજ લડાવી ચાલી જતી. સારૂં ય અજયગઢ આજ હર્ષઘેલું હતું; પણ રમા વિચારમાં પડી હતી કે આજનો દિવસ તેને માટે હર્ષનો હતો કે શોકનો ?

પુષ્પાના કાલના ટાણા પછી તેણે સેનાપતિ તરફ ઉત્પન્ન થતા સમભાવને મૂળથી ઉચ્છેદી નાખવાનો નિશ્ચય કર્યો હતો. 'આજ હું વિજયોત્સવમાં નહિ જાઉં. રાજકુમારી કહેશે તો કહીશ કે શરીરે સારૂં નથી.' એવા એવા વિચાર કરતી તે ઝરૂખામાં ઉભી હતી.

• એક નિશ્વાસ નાખી તેણે ક્ષિતિજ પરથી બહાર નીકળેલા પ્રચંડ તેજસ્વી સૂર્ય પ્રતિ જોયું. ત્યાં તો તેની કલ્પના સતેજ થઈ.

સૂર્યના ગોળ આકારમાં તેણે સેનાપતિનું વીરત્વભર્યું અને તેજસ્વી મુખ જોયું, જાણે એ તેજ તેને આમંત્રણ આપતું હોય ! જાણે એ આંખો અનેક અમોલ વાતો કરતી હોય ! મહાપ્રતાપી મુખ પર જાણે સ્મિતરેખાઓ તરવરતી હોય ને એ જ રેખાઓ જાણે તેના હૃદયપટ પર સ્થાયીભાવે અંકાઇ જતી હોય !

જે ભાવથી દૂર રહેવા રમાએ નિશ્ચય કર્યો હતો તે બમણા આવેગથી તેના હૃદયને ઘેરવા લાગ્યો, તેણે સૂર્ય સામેથી મુખ ફેરવી લીધું, ઝળઝળીઆં આવી ગયેલ આંખોને એકવાર એ હાથે ઢાંકી દીધી, પણ ત્યાં તો કંઇક અવાજ સંભળાતાં :—

પાછું ફરી તેણે જોયું તો રાજકુમારી વિજયવતી !

તેને જોતાં જ રમાને જણાયું કે એ કંઇક પૂછશે.

જાણે જીવનમાં આજ સૌથી વધારે આનંદનો દિવસ હોય એવો રાજકુમારીનો શણગાર હતો. હમણાં જ સ્નાન કરી આવેલ શ્વેતકાય ષોડશી સ્નિગ્ધકાયે ખીલી રહી હતી. દેહના પ્રતિ અંશમાંથી યુવાની, ઓજસ્વિતા ને સુંદરતા ઝરી પડતાં. ન્હાનપણથી જ વિજયવતી ઘોડા પર ચડતી, શિકારે જતી ને અનેક જાતની રમતગમતો કરતી. આ સર્વને પરિણામે તેની કાયા સુન્દર ને સબળ બની હતી. આજ ઉલ્લાસે એ સૌન્દર્ય ને સબળતામાં કોઇ નવો જ રંગ પૂર્યો.

શ્વેતરંગી દેહ પર આસ્માની રંગની જરીયલ બુટ્ટાવાળી ઓઢણી સૌન્દર્યને શતધા વધારતી. હાથમાં સુન્દર સોનેરી કંકણો સૂર્યના પ્રકાશમાં દ્વિગુણ પ્રકાશી ઉઠતાં. હાથે મઢેલી સોનેરી રેખા જાણે રાજકુમારીના ઉલ્લાસનું સ્થૂલ સ્વરૂપ ! લલાટ પાસેથી મોતીની સુન્દર લટ ગુંથી હતી.

આછું સ્મિત વેરતી વિજયવતી રમા તરફ જોઇ રહી. રમાએ પણ બનાવટી સ્મિત કરી જવાબ વાળ્યો.

"કેમ–સુરજથી કંઇ રીસામણાં લીધાં હતાં કે?" તેણે પૂછ્યું. "ના–ના–તાપ સહ્યો ન્હોતો જતો, એટલે પળવાર આંખો ઢાંકી દીધી હતી" રમાએ સ્હેજ અચકાતાં કહ્યું.

"પણ સૂરજ તે ક્યાંય છાબડે ઢંકાતો હશે?" વિજયવતી હસીને બોલી "પણ, ચાલ તૈયાર થા. આજે આપણે મંડપમાં જવું છે. મારી સાથે રહીશ તો ઓઝલ પડદો નહિ ચાલે. આજે તો સેનાપતિને....ત્હને ખબર છે ને આજે ઉત્સવ છે તે?"

"હા. પણ મારે શરીરે સારૂ નથી. હું આજ નહિ આવું." રમાએ હૃદયના વેગને મહા મહેનતે અટકાવતાં કહ્યું, કારણ તેનું હૃદય તો ત્યાં જવા માટે ધસી રહ્યું હતું.

"એ ન ચાલે–આવવું જ પડશે–અરે! પણ સમજી–તમારા રામગઢને સેનાપતિ જીતી લાવ્યો ને તમને બંદીવાન બનાવી લાવ્યો એટલે તમે તેના વિજયોત્સવમાં ભાગ કેમ લ્યો–એમ જ ને?

રમા નિરૂત્તર રહી.

"ગાંડી તે ગાંડી જ. આ જગતમાં દુશ્મન કોણ ને મિત્ર કોણ? સૌ સરખાં જ. હું તને ક્યાં મારી શત્રુ ગણું છું કે દાસી યે ગણું છું? મને તો લાગે છે કે તું મ્હારી બ્હેન જ છે."

"તમારી કૃપા રાજકુમારી! પણ મને એ વાતની યાદ ન અપાવો. તમે તો મને સગી બ્હેન પેઠે રાખો છો, પણ મારા પિતાને હું ભૂલી શકતી નથી. તે જીવતા હશે કે મરી ગયા હશે એ જ વિચાર મને અસ્થિર કરી નાખે છે." રમાની આંખમાં આંસૂ આવ્યાં.

"રમા! ધીરી પડ—આંસૂ ન સાર. હું છૂપી રીતે તારા પિતાની શોધ કરાવીશ. તારી મરજી થશે તો તને તારે દેશ મોકલીશ. તને રોતી જોઇ મારૂં હૈયું છાનુંછાનું રડે છે."

"કુમારી! જગત આખું તમારા જેવું હોય તો? પણ ના, એમ નથી. નિષ્ઠુર માનવો જે ધરતી મહાન જગતપિતા પરમાત્માની છે તે ધરતીના એક નાના શા અંશ માટે લોહીની નદી વહેવડાવે છે. સ્વબાંધવનાં ગળાં કાપે છે, અને તેમનું એ વર્તન જગતમાં 'વીરતા' ને નામે ઓળખાય છે."

"એ બાબત પર આપણે પછી વાત કરીશું, ચાલ આંસૂ લુછી નાંખ. વખત થવા આવ્યો છે. ઉત્સવમાં ચાલ એટલે મન હલકું થશે."

એમ કહી તેણે રમાનો હાથ ખેંચ્યો. રમાએ બીજા હાથની હથેલીથી આંસૂ લુછી નાખ્યાં. રાજકુમારીએ હસતાં હસતાં કહ્યું "રમા! તારા વિના મારાથી એક ડગલું આગળ ન ભરાય. મેં તને કહ્યું કે હું તને તારે દેશ મોકલી દઇશ તે ખોટું હોં. મને તો તારા વિના ન ચાલે. તને મોકલી દઉં તો મારી 'રમા' હું ક્યાંથી લાવું?"

રમા ગંભીર જ હતી. કોઇ અકથ્ય લાગણી તેના હૃદય પર હલ્લો કરી રહી હતી. નિરાશા અને રાજકુમારીના પ્રેમભર્યાં વચનો, સેનાપતિ પ્રતિ હોવો જોઇતો કુદરતી તિરસ્કાર અને તેના પ્રતિ પોતાના હૃદયમાં જન્મેલી કોઇ ગહન વૃત્તિ; એ ઉભય વચ્ચે તેનું હૃદય ઝોલાં ખાતું હતું.

ત્યાં એક દાસી આવી; નમન કર્યું, ને બોલી "રાજકુમારી! પિતાજીએ કહાવ્યું છે કે શમીયાણામાં ચાલો."

"ચાલ રમા! વખત થઇ ગયો" કહી રાજકુમારી રમાને અંદર ખેંચી ગઇ.

જવું-ન જવું એ ગડમથલમાં રમા હતી, પણ રાજકુમારી છોડે તેમ ન હતી. તે મુંગે મોઢે તાબે થઇ. મનમાં સંકલ્પ કર્યો કે "જવાથી શું? એ સેનાપતિને હું નહિ જોઉં; આંખો નિચી જ ઢાળી રાખીશ, કાન બંધ રાખીશ; હૃદયશૂન્ય થઈ જઇશ.'

અને એ રીતે ગાંઠ વાળી તે વિજયવતિ સાથે જવા તત્પર થઇ

*

પ્રકરણ ૪ થું

નયનોની બલિહારી

અજયગઢના ચોકની વચ્ચોવચ્ચ ઉભા કરેલ લાલ કપડાના શમીયાણા હેઠળ પ્રજાજનો ભેગા થતા જતા હતા. રાજ્યના સર્વશ્રેષ્ઠ વીર સેનાપતિ અંબરને નિહાળવા પ્રજાજનો અધીર બન્યા હતા. સૂર્ય ઉગતાંજ લોકો ભેગા થવા લાગ્યા. સૌ પોતપોતાના મોભા પ્રમાણે આગળ કે પાછળ જગ્યા લેતા.

અંતે વીર અંબર પણ આવ્યો અને રાજસિંહાસનની ડાબી બાજુના એક આસન પર બેઠો. પ્રજાએ હર્ષનાદથી તેને વધાવ્યો.

ત્યાં તો નેકી પોકારાઇ. "અજયગઢાધિપતિ મહારાજા સમરસિંહનો જય હો" એ અવાજ પ્રજાજનોને કર્ણપટે અથડાયો. મહારાજા સમરસિંહ આવ્યા. સર્વ ઉભા થયા ને રાજા રાજસિંહાસને બેઠા પછી બેઠા.

રાજાએ રાજકુમારીને તેડી લાવવા કહેણ મોકલ્યું અને રાજકુમારી આવે તે દરમ્યાન ભાટે રાજા સમરસિંહના ગુણ નીચેના કવિત્તથી ગાયા:—

અગ્નિકો કાલ પ્રતિ દિન જો કરાલ ભયો,
બસ્તીનકો ઢાલ ભયો, હમેશા સરતાજ હૈ,
નહીયન કે પૂરસો ચકચૂર હૈ સમરમેં જો,
રૈયતકો નૂર ભયો, સાર્યો સબ કાજ હૈ,
વીરતાકો દૂત માનો રાજપૂત હૈ સપૂત,
તાર્યો સબ કુલ ઐસો મેરા મહારાજ હૈ,
કહત હૂ મૈં ઇતનો હી જગમેં હૈ પ્રભુરાજય,
ઐસો હી અજયગઢમેં તેરો નૃપ ! રાજ હૈ

"આજ મારાં નહિ, વીરતાની સાક્ષાત મૂર્તિ સમા સેનાપતિ અંબરના ગુણગાન ગાઓ" રાજાએ કહ્યું.

"જેવી મહારાજની આજ્ઞા" કહી ભાટે ફરી શરૂ કર્યું:—

ધ્રુવ સો ગંભીર ઓર સમરમેં હૈ અતી ધીર,
અંબર વો નરવીર બસ્તીનકો પ્રાણ હૈ.
જાકી બીરતા અપાર દેશકો બડો શૃંગાર.
શત્રુ ન કો બાર બાર છીનં લીયો પ્રાણ હૈ;
ગાય તોરી કિરત અબ અજયગઢકો સારો ગઢ,
તારે ગુન પઢ પઢ કર રૈયત ગુલ્તાન હૈ
કહત હૂ યે દાસ તેરો ત્રાસ કીયો શત્રુનકો,
અજયગઢકે ચંદ્ર જેસો તેરો અબ માન હૈ.

"વાહ વાહ વાહ વાહ" એવો ચારે તરફથી અવાજ નીકળ્યો, અંબર નીચુ જોઇ રહ્યો. આજ સારી પ્રજા તેને અંતરથી વધાવી રહી હતી.

એટલામાં રાજકુમારી, તેની પાછળ રમા ને બીજી બે દાસીઓ એમ ચાર જણા આવી પહોંચ્યાં.

અપુત્ર રાજા સમરસિંહ પોતાને જમણે હાથે રાજકુમારીને બેસાડતો.

રાજકન્યા હંસગતિથી ઉલ્લાસભરી આવી—સેનાપતિ પ્રતિ એક દૃષ્ટિ ફેંકી, પણ અંબર નીચું જોઇ રહ્યો હતો.

તે ધીરેથી સિંહાસન પાસે આવી. આજ અંબરને વધાવતી પ્રજા તેને અતિ પ્રિય લાગી. દેવને મળવા જાણે ભક્ત જતો હોય એ ભાવે તે પગથીઉં ચઢી ને અંતે રાજાની જમણી બાજુએ આવીને બેઠી.

રમા રાજકુમારીના આસન પાછળ ઉભી રહી. તે પછી રાજા સમરસિંહે બોલવું શરૂ કર્યું:—

"પ્રજાજનો ! તમે સારી પેઠે જાણો છો કે આપણા રાજ્યના સેનાપતિ અંબરે અતિ વીરતાપૂર્વક રામગઢના રાજાને હરાવી વિજય મેળવ્યો છે, તેને અભિનંદન આપવા તમે સૌ અહિ આવેલા છો. અંબરે આપણુ સર્વને બચાવ્યા છે, કારણ કે જો શત્રુની જીત થાય તો આપણી આજ કેવી દશા હોત તેની કલ્પના તમે કરી શકશો. અંબર વીર છે. રાજભક્તિ છે અને રાજા તથા પ્રજાનો પ્રાણ સમાન છે. આ સર્વ કારણથી હું તેને આ રત્નજડિત તલ્વાર ભેટ આપું છું, અને એ આપતાં તેને યાદ દેવડાવું છું કે તે આ તલ્વારને સદાય જાગતી ને પાણીદાર રાખે."

અંબર આ સર્વ ઉભો થઇ નીચું જોઇ સાંભળી રહ્યો હતો. હવે તે પગથીઆં ચઢી રાજા આગર આવ્યો.

રાજાએ પાસે ઉભેલા ચોકીદારના હાથમાંની થાળીમાંની તલ્વાર ઉપાડી પોતાને હાથે અંબરના હાથમાં મૂકી.

અંબરે નમન કરી તલવાર લીધી, ને પછી ઉંચું જોયું, રાજા, રાજકુમારી ને રમા એ ત્રણે તરફ એક પછી એક સ્હેજ નજર ફેંકી.

રમાએ આવી મોટી સભા કદી જોઇ ન્હોતી. તેનું શરીર કંપતું હતું—દેશાભિમાન કચડાતું હતું—પુષ્પાના શબ્દો કાનમાં રણકારા કરી હૃદયમાં વીંછીની પેઠે ડંખી રહ્યા હતા. તે નીચું જ જોઇ રહી હતી, પણ અંબરે તલ્વાર લીધી તે વખતે કોણ જાણે કેમ તેનાથી ઉંચું

જોવાઇ ગયું–પ્રતિજ્ઞા યાદ ન રહી–ને તેની અને અંબરની આંખો મળી !

અંબરની એ આંખોમાં શું હતું ? વિરતાની પાછળ સહાનુભૂતિ ને સમભાવનો અતી ધીર, ગંભિર સાગર ! ચપળતાની પાછળ દયા ને નમ્રતાનો અમૃતભર્યો ભંડાર ! તેજસ્વિની પાછળ આદર અને અનુકંપાની શીતળ શાંતિભરી છાયા !

અને અંબર સ્થિર થઈ ગયો ! હાથમાંની તલવાર હાથમાં જ રહી ગઇ ! આ બંદિવાન રમણી આટલી સુંદર તેને કદી જણાઇ ન્હોતી. આજ તેના મુખ ઉપર સૌમ્યતાની રેખાઓ તરવરી રહી હતી. આંખમાંનું તેજ જાણે હ્રદયની વાત હમણાં બહાર કાઢશે એમ જણાતું. અંબરે આજ એક વસ્તુ મેળવી ને એક ખોઈ–પ્રજાજનોનું અભિનન્દન મેળવ્યું ને પોતાનું હ્રદય ખોયું !

રાજકુમારીએ આ જોયું અંબરની આંખોમાં કૈંક રહસ્ય છૂપાયેલું જોયું. તેનું આનંદિત હ્રદય એકાએક ગ્લાનિ પામ્યું. શું અંબર રમાને–આ બંદીવાન કરી આણેલી દાસીને–ચ્હાતો હશે ?

" રાજન્ ! " અંબરે તરત જ આંખો ફેરવી લઇ કહ્યું: " આ તલ્વાર અજયગઢની આખી પ્રજા મને સમર્પે છે. એનું પાણી હું કેમ ઘટવા દઉં ? આજ સમસ્ત પ્રજા સન્મુખ પ્રતિજ્ઞા લઉં છું. " મારા પ્રાણ જાય તોયે આ તલ્વારની લાજ હું નહિ ખોઉં "

પણ ત્યાં તો એક દૂતે દોડતા આવી એ મહાસભામાં પ્રવેશ કર્યો. " મહારાજનો જય થાઓ ! ખબર મળ્યા છે કે રામગઢના રાજા રામસિંહ ફરી સૈન્ય એકત્ર કરી આપણા પર ચઢી આવે છે. કાલ સવાર સુધી તો આપણા નગરના દરવાજા બહાર આવી પહોંચશે એમ જણાય છે. "

આખી સભા આ સાંભળી સ્તબ્ધ થઇ ગઇ. રમાના આખા દેહમાં એક ઝણઝણાટી વછૂટી, રાજાનાં નેત્રો રક્તવર્ણ થયાં.



અંબર સ્થિર થઈ ગયો. હાથમાંની તલવાર [illegible]

"એમ? ત્યારે–વીરો! થાઓ ફરી વાર તૈયાર અને તમારી તલ્વારનો સ્વાદ ફરી એક વાર દુશ્મનોને ચખાડો."

પળવારમાં સેંકડો તલ્વારો મ્યાનમાંથી નીકળી અને ઉંચે ચમકી રહી. એ સર્વના ચળકાટથી સભામંડપમાં વિજળી ચમકી રહી હોય એવો આભાસ થવા માંડ્યો.

રમા ગાભરી બની-શું પાછી લડાઇ થશે? પોતાના દેશના વતનીઓ સાથે આ અજયગઢવાસીઓ શું પાછા લડશે?

રાજકુમારીએ સેનાપતિ સામે જોયું, તે વીર ધીર અને ગંભીર ભાવે સ્તબ્ધ ઉભો હતો. તે હવે બોલ્યોઃ "રાજન્! આજ્ઞા આપો! અમે પ્રાણ અને દેશાભિમાન એક જ મુઠ્ઠીમાં બાંધી ફરીએ છીએ. અમારી સ્વતંત્રતા માટે અમારી તલ્વાર સદા જાગતી જ છે. દેશ માટે હોમાવું એ પરમ સુખ છે–આજ્ઞા આપો, રાજન્! અને તમારા અંતરની આશીષ વરસાવો."

"પિતા!" રાજકુમારીએ અતી ઉત્સુકતાથી પૂછયુંઃ "આ વખતે કોણ સેનાપતિ થશે?"

"પ્રજા જેને નીમશે તે" સમરસિંહે કહ્યું અને પછી સભા તરફ ફરીને પૂછયું: "પ્રજાજનો! સૈનિકો! તમે કોને સેનાપતિ નીમવા ઇચ્છો છો?"

"અંબરને–અંબરને" એક સાથે અનેક સ્થળેથી અવાજ સંભળાયો.

"ઉત્તમ વાત છે." રાજાએ કહ્યું: "અંબર! અજયગઢના અજીત વીર! જા, તૈયાર થા! મારા તને આશીષ છે કે આ વખતે પણ તું વિજયવંત થઈ પાછો ફર અને તારા દેશનું ગૌરવ વધાર. આ તલ્વાર, જે તને અજયગઢની પ્રજાએ પોતાના રક્ષણ માટે સોંપી છે, તેનો પ્રથમ ઉપયોગ બહુ સારી રીતે તું કરીશ એવી પ્રજાને આશા છે. વિજયવતી! ઉઠ અને અંબરને પુષ્પ માળા પહેરાવ."

રાજકુમારી કંપતી કંપતી ઉઠી. રમાની પાસે ઉભેલી એક અન્ય દાસીના હાથમાંથી ફુલની માળા લીધી. હાથ કંપતા હતા—હૃદય તેથી યે વધારે કંપતું હતું. પગમાં એક ડગલું આગળ ભરવાની શક્તિ નહોતી!

તેણે હૃદયબળ એકત્ર કર્યું. અંબર પ્રતિ બની શકે તેટલો સમભાવ ફરી વાર એકઠો કર્યો ને આગળ વધી અંબરના ગળામાં માળા પહેરાવી.

"જય હો—સેનાપતિ અંબરનો જય હો" એ અવાજથી આખો મંડપ ગાજી રહ્યો.

એ મહાન કોલાહલમાં અંબરે પુન: એક વાર રમા પ્રતિ જોયું, અને કોઇ ન જાણે તેમ એક નિશ્વાસ નાખ્યો. રમાએ અચાનક સામે જોયું અને અંબરને નિશ્વાસ નાખતો દીઠો. તે ગભરાઇ ગઇ—તેનું હૃદય રડી રહ્યું. પ્રણય અને દેશાભિમાન વચ્ચે તેના હૃદયમાં તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું.

"અંબર! વિજયવંત થાઓ ને અમર કીર્તિને વરો" રાજકન્યાએ સ્હેજ કંપિત સ્વરે કહ્યું.

"કુમારી! ઉપકાર" અંબર એટલુંજ બોલી શકયો. વિજયવતી પાછી વળી આસન પર બેઠી.

"ત્યારે તૈયારી કરો" રાજાએ કહ્યું: "અને અંબરની સરદારી હેઠળ આજે સાંજે જ કુચ કરી નગર બહાર શત્રુઓનો ભેટો કરો. આપણે બાયલા નથી કે કિલ્લામાં ભરાઇ રહીએ. આજની સભા હવે પૂરી થાય છે."

સર્વ ઉભા થઈ ગયા, અને એક પછી એક મંડપ બહાર નીકળવા લાગ્યા. સૈનિકોમાં અપૂર્વ ઉત્સાહ ફેલાયો હતો.

મંડપ ખાલી થતો ગયો. રાજા સમરસિંહ ધીરે ધીરે પગથીઆં ઉતર્યા. તેની પાછળ રક્ષકો ચાલ્યા.

અંબર ગહન વિચારમાં હતો. તેણે એ વિચારનિદ્રામાંથી સાવધ થઇ હવે પગલાં માંડી ચાલવા માંડયું. વિજયવતી ને રમા તેની પાછળ જ હતાં.

રમાને માથામાં ચક્કર આવતા હતાં. પોતે શું સાંભળ્યું, શું જોયું એ વિચારે તે અર્ધમૂર્છિત જેવી થઇ ગઇ. આખો સભામંડપ ગોળ ફરતો લાગ્યો. રાજકુમારી તેના તરફ જોઈ તેની હાંસી કરતી હોય એવો ભાસ થયો. અંબર કરડી આંખે જાણે ઠપકો આપતો હોય એવું તને લાગ્યું.

એકાએક અંબર ચાલતો અટકી ગયો અને છેલ્લી વાર રમાને જોઇ લેવા પાછળ એક નજર નાખી. રમાની ને તેની આંખો મળી; પણ ત્યાં તો "અંબર!" કહેતી રમા મૂર્છિત થઇ સભામંડપના ગાલીચા પર ઢળી પડી!

*

પ્રકરણ ૫ મું

આંસૂનો ભેદ

રાજમહેલમાંના પોતાના ઓરડામાં રાજકુમારી વિજયવતી એક વિરામાસન પર કોઈ ઉંડા વિચારમાં બેઠી હતી. ઘડીકમાં તેના મુખ પર રતાશ ધાઇ આવતી ને ઘડીકમાં આંખો ક્રોધભરી વક્ર થતી. તે મનમાં જ વિચારતી હતીઃ—

"ના, એમાં કંઇ સંદેહ નથી. મૂર્છા પામતી વખતે રમા "અંબર" એ જ શબ્દ બોલી હતી. સભામાં અંબરનો ભાવ જૂદો જ હતો. રમા તરફ છૂપી નજર નાખતાં મેં એને જોયો હતો. અંબર! અંબર! આવું દુઃસાહસ! આવું વિચારહીન કાર્ય? બે બદામની એક ક્ષુદ્ર દાસી પ્રત્યે પ્રેમભાવ! ના—ના—એ ન જ બને, બાલ્યકાળથી જેના પ્રત્યેના મારા પ્રેમને હું મારા હૃદયમાં

પોષતી આવી છું એ અંબરને એક દાસીના પ્રેમપાશમાં બદ્ધ થવા દઉં? નહિં, અંબર મારો જ છે. રાજકુમારી વિજયવતી અંબરની પૂજારણ છે, અન્ય કોઇનો ઇષ્ટદેવ એ નહિ જ થઇ શકે–"

પણ તેની વિચારમાળા તૂટી, કારણ તેણે સામેથી રમાને આવતી જોઈ.

"આવ રમા, હું તારો જ વિચાર કરતી હતી."

"મારો?" રમાએ કૃત્રિમ આશ્ચર્યભાવ ધારણ કરી પૂછ્યું.

"હા, કારણ કે હમણાં જ ખબર આવ્યા છે કે તારા રામગઢવાસી સૈનિકો હાર્યા છે ને અમારી જીત થઇ છે."

"મારા પિતા! મારા પિતા!" રમા અર્ધમૂર્ચ્છામાં હોય તેમ બોલી.

"કિન્તુ રમા! સેનાપતિ વિના એ ન થાત" વિજયવતીએ કહ્યું.

"અવશ્ય" રમાથી બોલાઇ ગયું.

"તે પ્રચંડકાય મહાવીર અંબર દેખાવમાં અતી સુંદર છે, નહિ વારૂ?" વિજયવતી રમા સામું એકીટશે જોઇ રહી. રમાથી એ નજર ઝીલી શકાઇ નહિ. રાજકુમારીની એ નજરમાં છૂપો માર હતો એમ તેને લાગ્યું. તેણે આંખો નીચી ઢાળી કહ્યુ "હશે."

"પણ તને ખબર છે રમા! આ વખતની જીત માટે અજયગઢને ઘણી મોંઘી કિંમત આપવી પડી છે. અમે અમારા રાજ્યના સ્થંભરૂપ, પ્રજાના અડગ રક્ષણહાર સેનાપતિને આ યુદ્ધમાં ખોયો છે. યુદ્ધદેવીએ તેના પ્રાણની આહુતી લીધી!"

રમાના આખા દેહમાં કોઇ પ્રબળ વિજળી પસાર થઇ ગઇ. અંબર ગયો! ઇષ્ટ મૂર્તિ અદશ્ય થઇ! તેની છાતી ભરાઇ આવી, નીચી ઢાળેલી આંખોમાંથી દડદડ આંસૂ પડવા લાગ્યાં. એ આંસુમાં આખો સંસાર પીગળી જતો હોય એમ તેને લાગ્યું.

રાજકુમારી આસન પર બેઠી બેઠી સ્હેજ નીચી ઝૂકી ને રમાની આંખમાંથી દડદડ આંસૂ પડતાં જોયાં.

"કેમ! કાલે મેં તને પૂછ્યું કે તું મૂર્ચ્છા પામી તે અંબર તરફના પ્રેમને લીધે કે? તેં ના કહી મને ઉડાવી, પણ આજ-આજ આ આંસૂનો ભેદ મારી સન્મુખ સ્પષ્ટ રીતે ખુલ્લો થયો છે. તારૂં આ પ્રત્યેક અશ્રુબિન્દુ બોલી ઉઠે છે કેઃ "હું સેનાપતિને ચાહું છું" અભાગણી! એક દાસી થઇ આવું સાહસ! ખબરદાર! એ અંબર મારો છે. તેનો વિચાર—"

"પરંતુ એ તો—"

"ના, એ યુદ્ધમાં હણાયો નથી, જીવતો છે. તારા હૃદયનો ભાવ જાણવા હું ખોટું બોલી હતી."

રમાએ તે જ વખતે મનમાંનો મનમાં પ્રાર્થના કરી "પ્રભો! એ જ સત્ય હો. તે સદા જીવતા રહે! સદા સુખી રહે!"

"એનો વિચાર તારા મનમાંથી કાઢી નાખ. યુદ્ધમાંથી પાછા ફર્યા પછી મારા પિતા મારો હાથ તેને સોંપનાર છે. એક ક્ષુદ્ર દાસી સાથે અજયગઢના સેનાપતિનો લગ્નસંબંધ કેવળ અસંભવ છે."

રમાની આંખમાં અશ્રુધારા ફરી વહેવા લાગી. તે રાજકુમારીને પગે પડી બોલી "કુમારી! કુમારી! ક્ષમા કરો! હું એક શુદ્ર દાસી છું. મારી ને તમારી સરખામણી નથી. મેં તેને મારા હૃદયમાં સ્થાન ન આપવા બનતું કર્યું છે ને હજી કરીશ. હું તેને ભૂલવા મથીશ. તમે તેની સાથે લગ્નસંબંધથી જોડાઓ ને ભગવાન તમને સુખી રાખે એ જ હું ચાહું છું. એક દાસી થઇ મેં આ દુઃસાહસ કર્યું તે માટે ક્ષમા ચાહું છું. અહીં દાસી તરીકે હોવા છતાં તમે મને એક બ્હેન પેઠે ચ્હાઇ છે. તેના બદલામાં મારા વર્તનથી તમને આટલું દુઃખ થાય એ મને મરવા જેવું થાય છે. વિજયવતી! બ્હેન! મને માફી આપો."

રાજકન્યાનું હૃદય સ્હેજ ભરાઇ આવ્યું. પોતે રમાને વધારે પડતું કહ્યું હતું એમ લાગ્યું. તેણે હાથ ઝાલી રમાને ઉઠાડી.

"રમા ! મારા પિતાએ ક્યારનો ય મને તેની સાથે પરણાવવાનો સંકલ્પ કરી રાખ્યો છે અને મારા પિતા પછી રાજ્યસિંહાસન પણ એને જ મળનાર છે.

રમા મનમાંને મનમાં વિચારવા લાગી " તે સુખી થાઓ! તે સુખી થાઓ ! મારે એના સુખમાં અંતરાયરૂપ શા માટે થવું જોઇએ ? હું અહીં એક દાસી તરીકે છું ને સદા દાસી જ રહીશ. એ રાજસિંહાસને બેસશે તો તેની દાસી થઈ તેના ચરણ સેવીશ. ભક્તને ભક્તિ વિના બીજું શું જોઈએ ? પ્રભો ! અંતર્યામી ! મનોબળ દે! હૃદયની પવિત્રતા દે! સુદ્ધ નિષ્કામ ભકિત દે. મોહજાળ કાપ !"

"હું સ્નાન માટે જાઉં છું. તું અહીં જ રહેજે" કહી વિજયવતી ઉઠી.

રમાની વિચારમાળા પુનઃ શરૂ થઇ. " શત્રુ, હત્યારો, મારા દેશને હરાવનાર, મારી ભૂમિનું ગૌરવ હણનાર ને મારા પિતાને ઘાયલ કરનાર તથા મને બન્દિની બનાવનાર તેને હું કાં ભૂલી શકતી નથી? પરમાત્મા ! તેં પ્રેમનું એવું સ્વરૂપ કાં ઘડયું કે એ શત્રુ કે મિત્ર, જાતિ કે વિજાતિ, રંક કે રાય, કંઇ જ ન જુવે ? પિતા ! પિતા ! જો તમ જાણો કે હું એ સેનાપતિને–"

તે કંપી ઉઠી ! અજયગઢનો કટ્ટો શત્રુ તેનો પિતા તેના હૃદયનો આ ભાવ વાંચી જાય તો તેના પર કરોડો ફિટકાર વરસાવે એ વિચારે તે કંપી ! તેને ભાસ થયો કે જાણે તેનો પિતા તેને કહી રહ્યો છે. " રમા ! જાતિકલંકિની ! દેશદ્રોહીની! ધરતીમાં સમાઇ જા! તું રજપુત સ્ત્રી છો. મારા પર તલ્વારનો ઘા કરનાર, શત્રુ પર તારે વેર લેવું ઘટે, છતાં તું તેને ચાહે છે–મનમાં તેનો વિજય ઇચ્છે છે ! તેનો વિજય એટલે તારા દેશનું ને તારા પિતાનું

સત્યાનાશ ! ભૂલી જા. એ નરાધમ અંબરને ભૂલી જા ! નહિ તો હું જાણીશ કે તું મારી—"

પણ એટલામાં તેણે નગારાંનો અવાજ સાંભળ્યો. ઝરૂખામાં આવી જોયું તો જણાયું કે આ નાદ વિજયવંત થઇ પાછા ફરેલા સૈનિકોના વિજયનો હર્ષનાદ હતો !

*

પ્રકરણ ૬ ઠું.

વીરનું હૃદય.

અજયગઢવાસીઓના આનંદનો આજ પાર ન્હોતો. સેનાપતિ અંબરે ફરી રામગઢના સૈન્યનો પરાજય કર્યો ને અજયગઢનું મુખ ઉજળું કર્યું. પ્રત્યેક અજયગઢવાસીના પગલામાં નવું ચેતન, વાણીમાં નવો ઉલ્લાસ ને દેહમાં નવો તનમનાટ આવ્યાં હતાં.

આજે સવારથી જ અજયગઢવાસીઓ ચોક વચ્ચેના શમીયાણામાં એકઠા થવા લાગ્યા. આજે સેનાપતિ અંબર શત્રુ-કેદીઓને લઇ નગરમાં પ્રવેશ કરી, એ જ શમીયાણામાં રાજા સમીપ હાજર થનાર હતો.

લોકો કહેતા હતા કે રાજા આ વખતે અંબરને મોટું ઇનામ આપશે. કોઇ કહેતા કે રાજકુમારી સાથે તેનું લગ્ન કરશે, કોઇ કહેતા કે હવે એ વૃદ્ધ થયા છે એટલે અંબરને રાજસિંહાસને બેસાડી પોતે નિવૃત્તિ સેવશે.

સૂર્યનારાયણ પધારતાં જ ચેતન પ્રસર્યું. લોકો સુંદર ને નવાં વસ્ત્રો પહેરી તૈયાર થવા લાગ્યા. સ્વચ્છ રસ્તાઓ પર સીપાઇઓ અને ઘોડેસ્વારો વ્યવસ્થા રાખવા લાગ્યા. ઘોડાના પગના દાબડાનો પ્રત્યેક અવાજ જાણે વિજયની એક નવી જ કહાણી કહેતો હોય, તેમનો પ્રત્યેક હણહણાટ જાણે અજયગઢનું કોઇ નવું જ ગૈરવ પોકારતો હોય.

અહીં રાજમહેલમાં રાજકુમારી વિજયવતી અનેરા ઉલ્લાસથી શણગાર સજવા લાગી. અંબરનું વિજેતા તરીકેનું ગર્વભર્યું સપ્રમાણ મુખ જોવા એ આતુર બની રહી. મનમાં નવાં નવાં સ્વપ્નો રચવા લાગી. જાણે તેના પિતાએ અંબર સાથે તેને પરણાવી. અંબરે આનંદિત થઇ કહ્યું "પ્રિય રાજકુમારી! તમારી આ કેવી મહદ્ કૃપા? મને રંકને તમે આટલો અધિકારી ગણ્યો?" રમા બળી રહી હતી.

પણ એ સ્વપ્નસૃષ્ટિને નગારાના અવાજે તોડી. સેનાપતિ અંબર અજયગઢના સૈન્ય સાથે અને શત્રુરાજ્યના કેદીઓ સાથે નગરના દરવાજામાં પ્રવેશી ચૂકયો હતો.

નગારાનો અવાજ વધુ પાસે આવતો લાગ્યો. રાજકુમારી વસ્ત્ર પહેરી તૈયાર જ હતી, તે તરત ઝરૂખામાં સેનાપતિને જોવા દોડી.

બાગની પેલી બાજુએ કીડીની હાર પેઠે સવારી જતી જણાઇ, નગારાં પછી ચાર ચારની ટુકડીમાં અજયગઢના સૈનિકો સગર્વ ચ્હેરે મદભર્યાં પગલાં સહિત પદ્ધતિબદ્ધ ચાલતા હતા. વિજયવતીને જાણે કોઇ સ્વર્ગનું દૈવી સૈન્ય, કુચ કરતું હોય એવો આભાસ થયો. એ સૈનિકોની પાછળ એક શણગારેલા અશ્વ પર સેનાપતિ અંબર બેઠો હતો. તેના અશ્વના શરીરનો તનમનાટ અને મુખનો હણહણાટ તેના સ્વામીની સ્થિતિનાં સત્ય સૂચક હતાં. રાજકુમારીને અશ્વ પર બેઠેલી આ વીરમૂર્તિ કોઇ દેવમૂર્તિ સમી ભવ્ય ને વંદનીય જણાઇ. અંતરમાં ને અંતરમાં એ મૂર્તિને ભાવનાવંદન કર્યું.

સેનાપતિના અશ્વની પાછળ હાથમાં બેડી પહેરી ચાલતા રામગઢના કેદીઓ હતા. બેઉ બાજુ ઉઘાડી તલ્વારથી ઘેરાયેલા આ સૈનિકો અતી લજ્જાથી નીચું જોઇ ચાલી રહ્યા હતા. સવારી ક્યાંક જરા વાર ઉભી રહી જતાં તેમને નીચું જોઇ ઉભા રહેવું ભારે પડી જતું. અજાણ્યા નગરમાં શત્રુઓના વિજયનાદ તેમનાં અંતર

ભેદી નાખતા હતા. લોકો વારંવાર 'સેનાપતિ અંબરનો જય, મહારાણા સમરસિંહનો જય' વિગેરે હર્ષનાદને ગગન સુધી પહોંચાડતા હતા. એ કેદીઓની પાછળ પાછું અજયગઢનું સૈન્ય હતું.

સવારી વિજયનાદ વચ્ચે પસાર થઇ. રાજકુમારીના હૃદયનો પ્રત્યેક ધબકારો તેને આશાનો સંદેશ પહોંચાડવા લાગ્યો. 'આ અંબર! આ સેનાપતિ! આ વીર! તેને પામવા હું ભાગ્યશાળી થઇશ! હા! ધન્ય, ઘડી!"

ને એ વિચારે મુખ પર સ્મિત ધાઈ આવ્યું, હર્ષની રેખાઓ મુખપટ પર અંકિત થઇ. પ્રણયની રતાશ ગાલમાં છવાઈ રહી. તે પાછી ફરીને બે ડગલાં આગળ ચાલી, ત્યાં સામેના ઉંબર પર સ્તબ્ધ બની રમાને ઉભેલી જોઇ.

તેનો દેહ સ્તબ્ધ હતો, હૃદય રડતું હતું. મહામહેનતે રોકી રાખ્યા છતાં આંખ આંસુઓથી ભીની થઇ હતી!

'રમા' વિજયવતીએ સહેજ અનુકંપાથી કહ્યું "પિતાજીનું તેડું હમણાં આવશે, આજે અહીં રહીશ કે આવીશ?"

રમાએ સાંભળ્યું હતું કે આજે શમીયાણામાં યુદ્ધમાં પરાજિત થયેલા રામગઢના કેદીઓને પણ રાજા સન્મુખ હાજર કરવામાં અવનાર હતા. તેનો પિતા કયાં હતો. તે એ જાણતી ન હતી. વખતે એ કેદીઓમાં હોય!

મનુષ્યની આશા અમર છે. નિરાશાના ભયંકર કૂપમાં સતત્ ડૂબ્યા રહેવા છતાં તે કદાપિ મૃત્યુ પામતી નથી. રમાના હૃદયમાં તેના પિતાનું મુખ નિરખવાની આશા સદા જાગતી જ હતી. રાજકેદીઓની શી દશા થાય છે તે જાણવા એ અધીરી હતી. તેણે કહ્યું "તમે કહો તો આવું."

"પણ તે દિવસની પેઠે બેભાન થઇ અમને બધાંને ગભરાવી ન મૂકતી. જરા આમન્યા રાખજે."

"ઠીક" રમાએ ધીરે સ્વરે કહ્યું.

ત્યાં તો એક દાસી આવી.

"કુમારી! સીપાઇ બહાર ઉભો છે. મહારાણાએ આપને શમીયાણામાં બોલાવ્યાં છે."

વિજયવતી તત્પર થઇ. રમાએ આડું જોઇ છાની રીતે પાલવથી આંસૂ લૂછી નાખ્યાં.

આજે શમીયાણામાં પુષ્કળ ભીડ હતી. લોકો હર્ષઘેલા બની શમીયાણાને ગજાવતા હતા, પણ એટલામાં મહારાજા આવવાની ખબર સાંભળી શાંત બન્યા.

રાજા સમરસિંહે સિંહાસને બેઠા પછી ચારે તરફ નજર નાખી. પ્રજાસમૂહ દરીયાનાં મોજાં પેઠે શમીયાણામાં રેલી રહ્યો હતો. આટલી વૃદ્ધ વયે આ સ્વર્ગીય દૃશ્ય! આ વિજય! સર્વ અંબરની વીરતાનો પ્રતાપ!' એવા વિચારો વિજળીવેગે તેના મગજમાંથી પસાર થઇ ગયા.

ને એટલામાં નગારાંનો અવાજ સંભળાયો. અંબર સવારી સહિત આવતો હતો. રાજાએ એ દિશામાં આંખો ફેરવી. તરત એક સીપાઇને રાજકુમારીને તેડવા મોકલ્યો.

શમીયાણા પાસે આવતાં સવારી થંભી ગઈ અને સેનાપતિ અંબર વિજયના આનંદમય વાતાવરણ વચ્ચે સૃષ્ટિને સ્વર્ગ સમાન કલ્પતો અશ્વ પરથી ઉતર્યો. ચુંટેલા સૈનિકો લઇ વીશ કેદીઓ સાથે શમીયાણામાં પ્રવેશ કર્યો.

'અંબરનો જય—સેનાપતિનો જય-વીરતાનો જય-મહારાણા સમરસિંહનો જય' આદિ અવાજો શમીયાણામાં ગાજી રહ્યા. એ અવાજો શમીયાણાના વિશાળ ચંદરવાના પટને ભેદી ગગનમંડળ સુધી પહોંચી ગયા!

અંબર દૃઢ પગલે, સંયમભર્યે ચ્હેરે, વિજયનું ગૌરવ વરસાવતી આંખે શમીયાણામાં આવતો હતો. અતી ગંભીર ભાવે રાજાના સિંહાસન સુધી આવી તેણે નમન કર્યું.

રાજા ઉભો થયો. હર્ષથી છલકાતે હૃદયે એક હાથે અંબરનો જમણો હાથ પકડી બીજે હાથે તેની પીઠ થાબડી.

"તેં અજયગઢનું મુખ ઉજળું રાખ્યું છે અંબર !" મહારાજે કહ્યું.

"એ આપના જ પુણ્યનો પ્રતાપ છે રાજાધિરાજ!" અંબરે નમન કરી કહ્યું.

"આવ—આસન પર બેસ?" રાજાએ ડાબી તરફનું આસન બતાવ્યું.

અંબરે ધીરભાવે ત્રણ ચાર પગલાં ભરી આસન પર જગ્યા લીધી.

"અંબરનો જય, મહારાણાનો જય, અજયગઢનો જય." ફરી હર્ષધ્વનિ ચારે તરફ ગુંજી રહ્યા.

ને એટલામાં રાજકુમારી વિજયવતીએ શમીયાણામાં પ્રવેશ કર્યો. પ્રજાસમૂહ શાંત થઈ ગયો.

કસુમ્બલ જરીબુટ્ટાવાળી ઓઢણીમાંથી રાજકુમારીની શ્વેત પ્રચંડ કાયા સૌંદર્ય અને વીરત્વની અનેરી ગ્રંથીમાંથી જન્મેલ કોઇ નવા જ તત્વનો આભાસ કરાવતી! શરીર પરનાં આભૂષણો દ્વિગુણ પ્રભાવથી ચમકી રહ્યાં હતાં. સૂર્યપ્રકાશમાં ચાલી શમીયાણામાં આવેલી રાજકુમારીના મુખ પર રતાશ રમી રહી હતી. તેની રગેરગમાં આનંદ અને ઉલ્લાસ નાચી રહ્યાં હતાં, રકતમાં પ્રેમ-તત્વનો પ્રવાહ ભળી તેને વધુ વેગથી વહેવડાવતો હતો. અર્ધસ્મિત-ભર્યું મુખ અર્ધ ઉઘડેલા કમળ જેવું જણાતું. તેનું પ્રત્યેક પગલું આશાનો નવો સંદેશો કહેતું હતું. અને એનો પ્રતિધ્વનિ જાણે કયાંકથી આવી રાજકુમારીને કાને અથડાતો. અન્યને તો એ ધ્વનિ સંભળાતો યે નહિ, પણ રાજકુમારીના કાન અને તેનું હૃદય પળેપળે એ ધ્વનિથી હાલી ઉઠતાં.

*

પ્રકરણ ૭ મું
આત્માનો અવાજ

એવા કલ્પી લીધેલા ઉલ્લાસમય વાતાવરણમાં મહાલતી હંસગતિથી રાજકુમારી વિજયવતી શમીયાણામાં આગળ વધી; એક છાની, પણ આશાભરી, નજર અંબર પ્રતિ ફેંકી. ધ્રુવને પ્રભુદર્શનમાં જણાઇ હશે એવી ભવ્યતા ને દીવ્યતા આજ રાજકુમારીને અંબરના મુખની પ્રતિ રેખાએ પ્રકટતી જણાઇ.

પણ તેટલામાં તેને કાને અવાજ સંભળાયો. "કોણ પિતા?"

ને તેણે જોયું તો તેની દાસી રમા વીશ કેદીઓની હારમાંના જમણી તરફના પ્રથમ કેદીને ગળે વળગી પડી હતી.

એ કેદી રમાનો પિતા હતો! રમાએ ગભરાતે દિલે દાખલ થતાં ચોપાસ નજર ફેરવી હતી ત્યાં તો પોતાના પિતાને દીઠા! સતત ચિન્તનનું અને હૃદયે કરેલ ઇચ્છાતપનું ફળ તેને મળ્યું; અને આવેશમાં એ પોતાના પિતાને વળગી પડી.

"રમા" રમાના કેદી પિતાએ ધીરેથી તેને કહ્યું "ચૂપ રહેજે! હું રામગઢનો રાજા છું એ ભેદ ન ખોલતી."

'ઠીક' રમાએ ધીમેથી એટલો જ જવાબ આપ્યો.

"શું એ તારો પિતા થાય રમા?' રાજા સમરસિંહે આશ્ચર્યથી પૂછ્યું.

"હા મહારાજ" રમાએ ઉલ્લાસભર્યા સ્વરે જવાબ આપ્યો.

અંબરે એ ક્ષણે મનમાં ને મનમાં જ પ્રભુની પ્રાર્થના કરી: 'પ્રભો! દયામય! એ બન્દિની સુખી થાઓ! એની આશા ફળો! અંતર્યામી! રાજા સમરસિંહને પ્રેરો કે એ આ કેદીઓને મુક્ત કરે."

એ સમયે રાજકુમારી વિજયવતી રાજાના જમણા હાથ પરના

સિંહાસન પર આવી બેસી ગઇ હતી ને આ પિતાપુત્રી તરફ ઉત્સુકભાવે જોઈ રહી હતી.

હવે રમા પિતાના પાશમાંથી છુટી થઇ તેની બાજુએ આવી ઉભી રહી હતી.

વિજયવતીએ આ વખતે મનમાં ઇચ્છા કરી કે રાજા સર્વ કેદીઓને છોડી મૂકે ને પિતાપુત્રી પોતાને વતન ચાલ્યા જાય. એમાં તેનો સ્વાર્થ રહ્યો હતો. એમ થાય તો એ નિર્વિઘ્ને અંબર સાથે–

ત્યાં તો તેણે રાજા સમરસિંહનો અવાજ શમીયાણામાં ગાજતો સાંભળ્યો.

"અંબર ! મારા રાજ્યની શોભારૂપ વીર ? તારી વીરતાનો આ જીવતો જાગતો એક વધુ દાખલો છે. તેં અજયગઢની લાજ આજ શત શત ગણી વધારી છે. બોલ, બોલ ! નરવીર ! ખુસીથી બોલ ! તારા અંતરની ઇચ્છાને અજયગઢની પ્રજા વચ્ચે ઉચ્ચાર અને આ વૃદ્ધ રાજા સમરસિંહ એ ઇચ્છાને જરૂર ઝીલી લેશે."

"રાજાધિરાજ ! શું માગું ? શું ચાહું ? ધનની લાલસા નથી. વૈભવ ને વિલાસ વીરને કામનાં નથી. લાલસા તો આપના પ્રતાપે–આપની આશીષે–તૃપ્ત થતી જ રહે છે. હવે શું માગું રાજન ? વીરનું ભૂષણ ક્ષમા જ છે. આપો રાજવી ? એ ક્ષમાનું દાન આપો. આ શત્રુકેદીઓને મુક્ત કરો."

" અંબર ? શું બોલી રહ્યો છે તું ? " રાજાએ સ્હેજ કઠોર અવાજે કહ્યું " જે વિજય મેળવવા અજયગઢના અનેક સૈનિકોના લોહીની નદી તેં વહેવડાવી છે, જે વિજય મેળવવા અનેક કષ્ટો ને

અતુલ ચિન્તા આપણા રાજ્યે વહોરી લીધાં છે તે વિજયના પરિ-ણામરૂપ આ કેદીઓને એ વિજય પછી તું છોડી મુકવા ઇચ્છે છે. ? કાલ ઉઠીને એ પાછા સામે નહિ થાય તેની શી ખાત્રી? વિચાર કર અંબર ! તારા કર્યા કારવ્યા પર પાણી ન ફેરવ."

"પૂજ્ય નરેશ! શું તમે જ નહોતું શીખવ્યું મને કે ક્ષમા વિનાની વીરતા સુગંધ વિનાના પુષ્પ જેવી છે! એ ભાવના—એ આદર્શ—મારા હૃદયની રેખાએ જડાઇ રહ્યાં છે. ક્ષમાની એ કલ્પના મૂર્તિ હૃદયપટેથી ઉદ્‌ભવી મારી આંખો સામે ખડી થઇ મારા કાનમાં સંભળાવી રહી છે કે "દયા દેખાડ!"

"શું એ જ તારી ઇચ્છા છે—દઢ ઇચ્છા છે ?"

"હા રાજન્! " અંબરે જવાબ આપ્યો.

વિજયવતીએ એ ક્ષણે પ્રભુને પ્રાર્થના કીધીકે રાજા એ વીસે કેદી તથા રમાને છોડી મૂકે.

" તો તારી ઇચ્છા હું પૂરીશ જ—પણ તેમાં માત્ર એક અપવાદ રહેશે. રામગઢ ફરી આપણી સામે માથું ઉંચું નહિ કરે તેની જામીનગીરી તરીકે આ બન્દિની રમા અને તેનો પિતા આપણે ત્યાં કેદમાં રહેશે. બાકીના ઓગણીશ કેદીઓ આ જ ક્ષણેથી છુટા છે. "

અંબરે વિચાર કર્યો " રે પ્રભો ! શી નિષ્ઠુરતા તારી ? જેને સુખી ને સ્વતંત્ર કરવા ક્ષમાની ભીખ માંગી તે સુખી ને સ્વતંત્ર ન જ થઇ. એ બન્દિની બન્દિની જ રહી. "

તેણે અનુકંપાભરી એક દૃષ્ટિ રમા તરફ ફેંકી. રમા શાંત અક્ષુબ્ધ હતી! નહોતો મુખ પર વિકાર કે નહોતો બન્દિની થવાનો

દુઃખભાવ ! એ જ સૈમ્ય મુખપ્રદેશ—એ જ પ્રેમભક્તિભર્યો આંતર પ્રદેશ વીર સેનાપતિના ઇષ્ટધામસ્વરૂપ હતો !

ને એ જ ક્ષણે રમાએ ઉપકારભરી દૃષ્ટિ સેનાપતિ પ્રતિ ફેંકી. જાણે એ આંખો શત શત યુગની છાની વાતો—અનંત અનંત વર્ષોથી જડાયેલી પ્રેમવાર્તા—જુગજુગજૂનો ઉપકાર પ્રકટ કરી રહી હતી. જાણે એ બોલી રહી હતી. “ વીર ! હૃદયવાંચ્છિત વીર ! શો ઉપકાર માનું ? ઉપકારના બદલામાં તમારે ચરણે શું ધરૂં ? ”

અને એ કલ્પનાપ્રદેશમાં જ અંબરે ઉત્તર આપ્યો “તારૂં હૃદય ! બન્દિની રમણી ! નિર્મળ પ્રેમનીતરતું તારૂં હૃદય !”

“ જાઓ બંધુ ! ” રમાના કેદી પિતાએ બોલવા માંડયું “ જાઓ-તમે છુટા છો. પણ યાદ રાખો કે તમારા ભાવિ આચરણનો જામીન હું છું. યાદ રાખો, ભુલી ન જાઓ કે રામગઢનું ભવિષ્ય તમારા પર લટકી રહ્યું છે. જાઓ ! ”

ને એમ કહી એ પ્રચંડકાય રજપુત કેદીએ પોતાના સાથીઓને, મુક્તિનો માર્ગ દેખાડતો હોય તેમ પોતાનો એક હાથ લાંબો કર્યો. સારા ય શમીયાણામાં એ કેદીની પ્રચંડ મૂર્તિ, પ્રખર અવાજ, અને અખૂટ દૃઢતા ફેલાઈ રહ્યાં.

તેમની બેડીઓ કાઢી લેવામાં આવી અને ગંભીર ભાવે એ ઓગણીશ કેદીઓ પોતાના એક બાકી રહી ગયેલા સાથી પર નજર ફેંકતાં એક પછી એક ચાલ્યા ગયા.

રાજા સમરસિંહ એ જોઇ રહ્યો ને તેમના ગયા પછી અંબર પ્રતિ ફર્યો.

“ અંબર ! સારા અજયગઢમાં તારી જોડી નથી. તારા દેહ-મંદિરમાં આવું સુંદર, પવિત્ર ને આવું ક્ષમાશીલ હૃદય છૂપાયેલું છે

તે મેં આજેજ જાણ્યું. તું સાચો વીર છો; અને એ માટે હવે સાંભળ ! વર્ષો થયાં મેં અંતરમાં પોષેલી મારી અભિલાષા આજ સાંભળ ! હું પુત્રહીન છું. ભગવાને મારાં પૂર્વનાં પાપે મને સંતાનહીન જ રાખ્યો છે. ખેર ! જેવી તેની ઈચ્છા. તે માટે મને સંતાપ નથી. હવે મારી એજ ઈચ્છા છે કે મારી આ પુત્રીનું પાણી ગ્રહણ કરી તું મારા રાજ્યનો ઉત્તરાધિકારી થા !

અંબર પર જાણે વિજળી તૂટી પડી ! જાણે પ્રલયનાં મોજાંઓ તેના દેહ પર પછડાવા લાગ્યાં ! આકાશનો ગગડાટ તેના કર્ણપટને ભેદવા લાગ્યો ! તેને કાંઈ સૂજ્યું નહિ. શો જવાબ દેવો ? તેનું મસ્તક ભમી રહ્યું. શરીર પરસેવે રેબઝેબ થઇ રહ્યું. અંતર લડી રહ્યું—મથી રહ્યું—ઝઝુમી રહ્યું ને અંતે વિજયવંત થઇ બહાર આવ્યું.

" રાજન્ ! ક્ષમા કરો, મારા જેવા ક્ષુદ્ર મનુષ્યને આટલું મહત્વ ન આપો. આપનો ઉત્તરાધિકારી થવાને હું લાયક નથી. રાજકન્યાનો હસ્ત ગ્રહણ કરવા જેટલી મુજ પામરની યોગ્યતા નથી. "

" યોગ્યતા—અયોગ્યતા અમારે જોવાની છે અંબર ! માણસ પોતાનું પ્રતિબિંબ આરીસામાં જ જોઈ શકે, પણ હું અને અજયગઢની આખી પ્રજા એ જાણી ચૂકયાં છીએ. તારો વિનય પણ પ્રસંશાપાત્ર છે, પણ હવે તેની જરૂર નથી–હું તને મારો આપ્તજન ગણી ચૂકયો છું. "

" બસ કરો—રાજાધિરાજ ! આપની કૃપા મારે કબુલ નથી " અંબરે દઢ થતાં કહ્યું.

"કારણ ?" રાજાએ ઉત્સુકતા અને ક્રોધથી મિશ્રિત થતા ભાવે પૂછ્યું.

"કારણ જાણતો નથી સ્વામિ ! હું તો માન આપી રહ્યો છું માત્ર મારા આત્માના અવાજને ! અંતર કહે છે. " ના કહે " તથા આત્મા પોકાર કરી રહ્યો છે " એ કરીશ મા."

" એટલે ? " રાજાએ સિંહાસન પર સ્હેજ ઉંચા થઇ, ભવાં ચઢાવતાં પૂછ્યું " શું મારી આજ્ઞાનું આ પ્રકારે અપમાન ? "

"રાજન્ ! સ્વયં ભગવાન આવી આ ક્ષણે મને આવી આજ્ઞા કરત તો તે યે હું ન કબુલત."

"પણ તારૂં હિત–અહિત પણ નથી વિચારતો ? "

" હિત–અહિત જાણતો નથી; શુભ–અશુભ જાણતો નથી--નથી જાણતો મંગળ અમંગળ, પરંતુ જાણું છું એક માત્ર મારા અંતરને ! એ જ અંતરમાં અંતર્યામીનો વાસ છે, એટલે એ અંતર્યામીની પ્રેરણા એ જ મારા અંતરનો અવાજ છે."

"મારા આખા જીવનમાં–મારી આ બાસઠ વર્ષની વયમાં મારાં હુકમને પાછો ઠેલનાર તું જ આજ પહેલીવાર નીકળ્યો. રાજત્વનો પ્રભાવ, રાજાનો ક્રોધ, રાજ્ય સિંહાસનની અવકૃપા; એ સૌનાં ફળનો તને કદાચ અનુભવ નહિ હોય. હોત તો આવા ઉદ્ધત જવાબ તું ન આપત. રાજદંડ કેવો કપરો છે તેનું તને ભાન નથી."

" આપો—ખુશીથી આપો—રાજન્ ! જે યોગ્ય સમજો તે દંડ ખુશીથી આપો. જે હૃદયની પ્રેરણાથી દેહનું હલનચલન થાય છે તે હૃદયના માનને ખાતર દેહ દંડ ખમવા તૈયાર છે."

" પણ ભૂલ મા—એ દંડ સાધારણ નથી "

રમા કંપી !

વિજયવતી ભયભીત બની !

"ગમે તેવો કપરો હોય નરેશ ! તો યે હું તમારા દીધેલા દંડને સત્કારવા તૈયાર છું. પણ એ પહેલાં તમારે ચરણે પડી માગી લઉં છું કે આપની આ માગણી કબુલ રખાવવા આગ્રહ ન કરો. એ માગણીનો પ્રતિ અક્ષર મારા હૃદયને વીંછીંના દંશની પેઠે અનેક સામટા દંશ દઇ રહ્યો છે. માટે વડીલ ! પિતારૂપ વડીલ ! એ વાત બંધ કરો. દંડ ગમે તે આપો. પણ એ ન ઉચ્ચારો—એ ન ઉચ્ચારો !"

એમ કહી એ વીર રાજાના ચરણ પાસે પડયો. જે વીરે યુદ્ધમાં વજ્ર સમા હૃદયે શત્રુ સૈનિકોનો સંહાર કર્યો હતો તે વીરનું હૃદય આજ મીણની પેઠે પીગળી જતું જણાયું. વીરોના સમ્રાટ સમો એ પ્રચંડકાય વીરવર આજ નાના બાળક પેઠે રાજાને ચરણે ઢળી પડયો—તેનું અંતર રડવા લાગ્યું. એ દૃશ્ય જોઇ વિધાતા અદૃશ્ય રહી કઠોરભાવે હસવા લાગી !

"બસ" રાજાએ ઉભા થતાં કહ્યું "હા કે ના ! વધુ વાત નહી. તને તારી વીરતાનો, તારા હૃદયનો ગર્વ છે તો મને મારા રાજત્વનો, રાજા તરીકેની મારી આજ્ઞાનો ગર્વ છે. બોલ, શું કબુલ છે ? રાજકુમારી કે મૃત્યુ ?"

"મૃત્યુ !"

આખી સભા કંપી ઉઠી. પ્રજાજનોમાંના અનેકનાં હૃદય દ્રવી રહ્યાં.

રમાને આંખે અંધારાં આવવા લાગ્યાં. જાણે દુનિયા પર પ્રલયનાં મોજાં ફરી વળતાં હોય એવો ભાસ થયો. સૂર્યનો



વિજયવતીએ ઉભાં થઇ રાજાનો હાથ પકડયો

પ્રકાશ કે વાયુની લહેરીનું અસ્તિત્વ જ ન હોય એવી એને કલ્પના થઇ.

'ફરી વાર બોલ' રાજાએ ક્રોધથી ધ્રુજતાં કહ્યું 'ફરી વાર બોલ તારે શું કબુલ છે, રાજકુમારી કે મૃત્યુ ?'

'મૃત્યુ' ફરી એ જ દઢ સ્વર શામીયાણાના પડદાઓને અથડાયો.

ને એક ક્ષણમા રાજા સમરસિંહની કટારી ઉંચી થઇ, પણ ત્યાં તો વિજયવતીએ ઉભાં થઇ રાજાનો હાથ પકડયો!

*

પ્રકરણ ૮ મું.

મારો દેશ !

પ્રભાતની જ્યોત્સ્ના ખીલી ઉઠી. રજનીનો ગૂઢ અંધકાર વિલીન થયો અને ઉષાના ઓજસ્વી ઉજાસે પૃથ્વીના આંગણાંને ભભકાવી મૂક્યું. દિવાકરના ફુટતા જતા કિરણોના સ્પર્શથી નિશાનું જડ વાતાવરણ ચેતનભર્યું બનતું ગયું. પ્રવૃત્તિની જ્યોત જાગી ઉઠી, આશાના અંકુર પ્રસ્ફુટિત થયા, હૃદયની પાંખડી પાંખડીએ ઉલ્લાસસુગન્ધ મ્હેકી રહી.

રાજમહેલના ઉદ્યાનમાં પુરૂષવેષે પુષ્પા પત્થરના એક આસન પર ગહન વિચારમાં બેઠી છે. કિલ્લેદાર જયસિંહને પંદર દિવસનો આપેલ વાયદો ગઇ કાલે સાંજે પૂરો થયો છે! આજ સોળમા દિવસનું પ્રભાત છે. જયસિંહ આજ 'હા' 'ના' નો જવાબ લેવા આવનાર છે.

કર્ત્તવ્ય અને સ્વસુખ વચ્ચે પુષ્પાના હૃદયમાં મન્થન ઉદ્દભવ્યું હતું. પોતાના દેશનો રાજા રામસિંહ અને રાજકુમારી રાજા

સમરસિંહની આજ્ઞાથી કેદમાં હતાં, પુષ્પાને એ વિચાર માત્ર પીગળાવી દેતો; તેને પ્રશ્ન ઉદ્દભવતો "મારા દેશ માટે મેં શું કર્યું ? રજપુતાણીને યોગ્ય મેં કયું બલિદાન આપ્યું ?"

જયસિંહને તે ચ્હાતી ન્હોતી જ—શત્રુને તે ચ્હાઇ શકે જ નહિ, પરંતુ તેના વિના—

હા ! તેની મદદ વિના પોતાના રાજા તથા રાજકુમારીની મુક્તિની આશા અસંભવિત હતી, કારણ તેઓ ઉભય કિલ્લાની કાળી દિવાલો વચ્ચેના કેદખાનાની કોઇ ઓરડીમાં હતાં અને કિલ્લાના સર્વ ભાગની ચાવીઓ જયસિંહ પાસે જ રહેતી એ પુષ્પાને ખબર હતી.

હવે શું કરવું ? જયસિંહ હમણાં આવશે તેને શો જવાબ દેવો ? પોતાનું સુખ સાચવવું કે દેશ માટે કર્ત્તવ્યની વેદીમાં હોમાવું ?

"પ્રભો ? દિશા સુઝાડ—માર્ગ દેખાડ, અંતરમાં દેશપ્રેમનો ટમટમતો દીપ ઓલવાઉં ઓલવાઉં થાય છે. તું એને પ્રદીપ્ત રાખ. જગતનાથ ! તારા વિના મનોબળ કોણ આપશે ? હું એક ક્ષુદ્ર રજપુતાણી છું. કસોટીનો વખત આવતાં ડગી જાઉં છું. શત્રુઓ વચ્ચે, મારા દેશના પ્રાણસ્વરૂપ રાજાને કેદમાં જોઉં છું. તેમને છોડવી શકે એવું કોઇ હોય તો તે હું જ છું, છતાં મારૂં મન કાં અચકાય છે ?"

તેણે ક્ષણવાર આકાશ પ્રતિ જોયું હા ? એ આકાશના ભુરા વાદળપટ પર તેણે રામગઢની આકૃતિ સોનેરી રેખાઓ વડે આલેખાયલી જોઈ. તેનું હ્રદય નાચી ઉઠયું. તેની દેશભક્તિ ભભકી ઉઠી. તે આસન પરથી અર્ધી ઉભી થઇ અને મનમાં ને મનમાં જ બોલી "મારો દેશ ! મારો દેશ !"

ને એ દેશના મુકુટરૂપ નૃપતિને છોડાવવાના વિચારે તે આનંદિત બની જાણે તેણે જયસિંહ સાથે લગ્ન કરવા હા કહી અને—

અને એ જયસિંહની મૂર્તિ તેની નજર સામે ખડી થઇ. પંદર દિવસ પહેલાં તેણે બતાવેલી અમાનુષિક વર્તણૂક તેને સ્મૃતિપટે ધાઇ આવી. અરે ! એ શત્રુને—એવા હલકા આદર્શ ધરાવનારને જીવન સોંપવું ? ના—એ કેમ બને ? જગતમાં પ્રત્યેક માનવી પોતાનું સુખ જુવે છે. જયસિંહને તેનું હૃદય તિરસ્કારતું—પ્રથમ મનુષ્ય તરીકે ને પછી શત્રુ તરીકે.

બસ થનાર હશે તે થશે, એ જયસિંહને તો આજે ના જ પાડવી. સત્યને આંચ નથી, ધર્મ અચલ છે. જયસિંહ તેને સહાય કરનાર કોણ ! સહાય કરનાર તો એ શકિતવંત સ્વામી છે.

ને તેણે બે હાથ ભેગા કરી દયા યાચતી આંખો વ્યોમ પ્રતિ ઉંચી કરી. એ આંખોમાં આર્દ્રતા હતી, હૃદયની કુમાશ હતી; દેશપ્રેમનાં વહેતાં નીર હતાં, કોમળ સ્વભર્યું કરૂણાનું સંગીત હતું.

ને એણે વ્યોમમાં શું જોયું ? સોનેરી રેખા ન મળે. ભૂરાં વાદળાં ધસીને દોડતાં હોય ! તેને લાગ્યું કે એ ભૂરાં વાદળાં જાણે અજયગઢનું સાગરનાં મોજાં સમ ઉલટતું સૈન્ય ! હાય ! તેણે પોતાના દેશને ભૂંસાઇ ગયેલો જોયો ! તેનું નામ નિશાન ન હતું !

પુષ્પાથી એ કેમ ખમાય ? રામગઢ પરાધીન રહે એ પુષ્પા જીવતેજીવત કેમ જોઇ શકે ? તેની માએ ધાવણમાં તેને દેશપ્રેમ પાયો હતો—પરાણામાં સ્વદેશનાં ગીતો તેના કર્ણમાં રેડયાં હતાં. એ માતાએ પોતાના પ્રત્યેક ચુમ્બનની ઉષ્ણતામાં દેશપ્રેમની ધગશ પુષ્પાને ગાલે દૃઢભાવે અંકિત કરી હતી.

રામગઢ પરાધીન? રાજા રામસિંહ કેદમાં? રે! એ વિચાર માત્ર પુષ્પાના હૃદયને વિંધવા માટે પૂરતો હતો.

ના—મારૂં ગમે તે થાઓ. સંસારમાં ભાવના સિવાય ચીરંજીવ શું છે! બહારથી દેખાતું સુખ ક્યાં સુધી રહેશે? મૃત્યુ સુધી! પણ ભાવના—દેશપ્રેમની ભાવના—સનાતન ને અમર છે.

હું હોમાઇશ, નથી ચ્હાતી તેને પરણીશ. પરણીને મારા દેશના ગાદીપતિને મુક્ત ને સ્વતંત્ર કરીશ. એ મારા દેશનો નરવીર નૃપતિ મુક્ત થતાં ફરી વાર સૈન્ય એકઠું કરી લડશે. રામગઢ ફરીવાર સ્વતંત્ર થશે. હા ! કેવો આહ્લાદજનક વિચાર ? કેવું મીઠું સુખ !

ને એ સમયે પવનની એક લહરી ધીમો સુસવાટ કરી ચાલી ગઇ. એ સુસવાટે વૃક્ષનાં પત્રો હાલી રહ્યાં—પુષ્પાને લાગ્યું કે એ પત્રો રામગઢની સ્વતંત્રતાનાં ઉત્સવગીત ગાઇ રહ્યાં હતાં. આ ઉષા તેના દેશની મુક્તિની ઉષા હતી. આ પ્રકાશ તેના અંતરમાં બળતા દેશપ્રેમના ઉજ્જવલ દીપનો પ્રકાશ હતો. આ સમીરલહરી તેના દેશના સુખની લહરી હતી.

પુષ્પાએ નિશ્ચય કર્યો કે ગમે તે થાય પણ રાજા રામસિંહને છોડાવવા જ. જયસિંહની માગણી કબુલ રાખવી.

ત્યાં તો તેને કાને કોઇના આવવાનાં પગલાંનો અવાજ અથડાયો. જયસિંહ આવતો હતો.

આશા અને ગર્વ, ઉલ્લાસ અને સત્તા, તેના મુખપટ પર ભભકી રહેલાં પુષ્પાને જણાયાં. કોઈ ઉત્સવદિન સમો ભપકાદાર પોષાક તેણે ધારણ કર્યો હતો.

" પધારો વીરવર ! " પુષ્પાએ બનાવટી સત્કાર કરતાં કહ્યું " હું આપની જ રાહ જોઈ રહી હતી."

" શો ઠરાવ થયો ? " જયસિંહે પૂછ્યું.

"તમારા સમા વીર નર મારા ભાગ્યમાં ક્યાંથી ? હું તમારી અર્ધાંગના થવા અંતરથી ખુશી છું, પણ એક વિપદ છે. "

" શી ? "

" હું અત્રે પુરૂષ વેષે રહું છુ"

" પણ હવે તો સ્ત્રી થઇ જવાનું છે ને ? "

" હા–હા–પણ એ જ મુશ્કેલી છે. રાજા સમરસિંહ મને શોધવા માટે આકાશ પાતાળ એક કરે એવો સંભવ છે. "

કંઇ ફીકર નહી. કિલ્લાના ગુપ્તમાં ગુપ્ત ભાગમાં હું તમને રાખીશ એટલે તમને ત્યાં કોઇ જોશે નહી."

" મારે ત્યાં પુરૂષવેષે રહેવાનું છે કે સ્ત્રી વેષે ? " પુષ્પાએ પૂછ્યું.

" સ્ત્રી વેષે "

" ને કોઇ પૂછશે કે કિલ્લામાં વળી આ નવી સ્ત્રી કોણ આવી તો ? "

" કિલ્લામાં ? અરે ! કોની માએ શેર સુંઠ ખાધી છે કે કિલ્લામાં રહી વળી કિલ્લેદારને જ કંઇ સવાલ પૂછે ? રાજા સમરસિંહનું રાજ્ય કિલ્લાની બહાર, બાકી કિલ્લામાં તો તમારા આ સેવકનો દોર ચાલે છે. "

પુષ્પાએ મોં મલકાવ્યું. અંતરમાં આ પામર મનુષ્ય તરફ તેને ઘૃણા ઉત્પન્ન થઇ. આવા મિથ્યાભિમાની માનવની પત્ની થવાના વિચારે તેનું હૃદય ચીરાઇ જતું હતું.

થોડીવાર બેઉ મૌન્ય રહ્યાં, પછી જયસિંહે કહ્યું "ત્યારે પધારો હવે. સારા કામમાં ઢીલ કેવી ?"

એમ કહી તેણે પુષ્પાનો હાથ ઝાલ્યો. પુષ્પા છાની રીતે કંપી ઉઠી, એક છાનો નિશ્વાસ લઇ અંતરમાં તેણે અંતર્યામીને પ્રાથના કરી કે પોનાના કાર્યમાં તેને સફલતા મળે. રામસિંહ મુક્ત થાય, રાગગઢ સ્વતંત્ર થાય એ યાચના તેણે જયસિંહ સાથે ચાલતાં પ્રત્યેક પગલે પ્રભુને કરી.

*

પ્રકરણ ૯ મું

વૈરાગ્નિ

આજ જયગઢના રાજમહેલ પર સૂર્યનાં પ્રખર કિરણો તપતાં થાકી જઈ હવે ઓછાં ઉગ્ર થવા માંડયાં હતાં. બપોર વીતી ગઇ હતી. સંધ્યાનું આવાગમન થવાનાં ચિન્હો જણાઇ રહ્યાં હતાં.

ગ્રીષ્મના કઠીન તાપે રાજકુમારી પોતાના આવાસમાં અકળાઇ રહી હતી. પણ એ અકળાટને વટાવી જાય એવો ખરો ને ધગધગતો અકળાટ તો તેના હૃદયમાં પ્રેમની નિરાશાએ ફેલાવ્યો હતો.

તેના હૃદયના સુમનોહર આશાવૃક્ષ પર અંબરે કઠોરભાવે કુહાડો મારી તેને જડમૂળથી કાપી નાખ્યું હતું. ભર સભામાં અજયગઢની આખા પ્રજા વચ્ચે-તેના પિતાની માગણી તેણે પાછી ઠેલી હતી. તેના પિતાનું અને પોતાના સત્ય પ્રેમનું હડહડતું અપમાન થયેલું રાજકુમારીને લાગ્યું.

જ્યારે રાજા સમરસિંહ અંબરને મારવા તૈયાર થયો હતો ત્યારે રાજકુમારીએ જ અંબરને બચાવ્યો હતો, છતાં અંબરે શબ્દથી કે નયનથી પણ ઉપકાર પ્રગટ કર્યો નહોતો. આટલી હૃદયહીનતા ? આટલું નગુણાપણું ? જીવનનું આટલું ઓછું મુલ્ય ?

૧

રાજાએ અંબરને સેનાપતિપદેથી બરતરફ કર્યો હતો. અંબરે તેની પરવા નહોતી કરી એમ વિજયવતીને લાગ્યું.

અને અંબરના આવા ઉદાસીન ભાવ છતાં તેના પ્રત્યેનો મોહ, તેને નિરખવાની-તેને પામવાની—લાલસા રાજકુમારીના અંતરમાંથી ખસતી ન્હોતી.

ત્રણ દિવસ વીતી ગયા. તેણે અંબરને જોયો નથી. આજ રાજા સમરસિંહ શિકારે ગયેલ હોવાથી વિજયવતી આવાસમાં મુંઝાતી હતી.

રમા કેદમાં ગઇ તેથી વિજયવતી અર્ધી સંતોષાઈ ને અર્ધી નાખુશ થઇ. રમા કેદમાં હોવા છતાં અંબર રાજકુમારી પ્રતિ ઉદાસીન જ હતો એ વિચારે વિજયવતી સળગી રહી હતી.

તેણે શાંત થવાના અનેક પ્રયાસો કર્યા. ગુલાબજળવાળા પાણીમાં સ્નાન કરી વસ્ત્રો બદલ્યાં, પણ એ સ્નાનથી તેના અંતરની ઉષ્ણતા કેમ શમે ?

તેણે વીણા લીધી અને કંઈ ગાવા યત્ન કર્યો. સૂર મેળવી ગાવું શરૂ કર્યું.

(સોરઠ)

વાદળની છાયા !
જીવન આ વાદળની છાયા !
જૂઠી આ જગ કેરી માયા !
જીવન આ વાદળની છાયા !
પ્રેમપૂર્યા રંગો ઉદ્ભવતા !
વાદળપટ પર નવનવ સરતા ;
પણ પીગળે ક્ષણમાં
અરે ! એ રંગ તણી કાયા;
વાદળની છાયા !

જીવન આ વાદળની છાયા !
ડાળે ડાળે ઝુલવે સમીરણુ
સૌરભભર અતિ મત્ત કુસુમગણુ
પણુ વાયુ સુસવાટે
ભૂમિ પડવા એ સરજાયાં ;
વાદળની છાયા !
જીવન આ વાદળની છાયા !

રાજકુમારી આગળ ન ગાઇ શકી. તેનું હૈયું ભરાઇ આવ્યું–રડું રડું થઇ રહ્યું. આંખમાં ઝળહળીઆં આવ્યાં. તેણે એક ઉંડો નિશ્વાસ નાખી વીણાને બાજુએ મૂકી.

અને એ નિશ્વાસની ઉષ્ણુતામાંથી એક છાની જવાળા ભભૂકી. રાજકુમારીને રોમ રોમ વૈરભાવ વ્યાપી રહ્યો. આંખોમાં ઝળ હળીઆં હવે નહોતાં. રજપુતાણીની એ આંખો હવે તણુખાઝરતી થઇ. પોતે કોણુ ? અંબર કોણુ ? ને છતાં તેણે આટલી હદે ગર્વ બતાવ્યો ? એ ગર્વને તોડવો, તેના ચૂરેચૂરા કરી પદદલિત કરવો એ જ હવે રાજકુમારીના હૃદયનું ધ્યેય બની રહ્યું.

તેણે એક દાસીને કહી બહાર પહેરો ભરતા સીપાઇને બોલાવી મંગાવ્યો અને એ સીપાઇને અંબરને તેડી લાવવા માટે આજ્ઞા આપી.

દાસીને કહી વીણા બીજા ઓરડામાં મૂકાવી દીધી. વિરામાસન પર સ્વસ્થ થઇ બેસવાનો તેણે ડોળ કર્યો, સ્વસ્થતા ન મળી.

તેને પ્રત્યેક પળ એક એક જુગ જેવડી લાંબી જણાઇ. બહાર આવતી જતી કોઇ દાસીના પદરવને તે અંબરનો પદરવ કલ્પી લેતી, પણુ અંબરને ન જોતાં નિરાશ થતી. કૃતઘ્ની છતાં અંબર તેનો ઇષ્ટદેવ હતો ! વૈરની સળગતી જવાળામાં પણુ. પ્રેમની ઉષ્ણુતા હતી !

અને અંબર આવ્યો! એ જ દૃઢ પગલાં, એજ ગૌર ગંભીર વદન! એ જ વિશાળ કાયા! એજ સંયમ! એ જ ગૌરવ! એ જ પ્રભાવ!

રાજકુમારી ઘડીભર મ્હાત થઇ. શું બોલવું તે સૂઝયું નહિ. અંબરના દર્શનરૂપી જળથી તેના અંતરનો વૈરાગ્નિ ધીમે ધીમે બુઝાઇ જતો તેને લાગ્યો. તેને લાગ્યું કે અંબરના ચરણ પકડી લઉં-તેને વિનવું કે "પ્રિયતમ! મારૂં જીવન તમારે ચરણે છે. એ જીવનને ક્લેશમય કાં બનાવો છો? તમને પામવા એ મારે સકલ સંસારની સુખસંપત્તિ પામવા જેવું છે."

પણ ના—પોતે રાજકુમારી હતી, અંબર તેના પિતાનો આશ્રિત હતો. રાજકુમારી તેને મળે એ તેણે પોતાનું અહોભાગ્ય ગણવું ઘટે, છતાં અંબરે એ ભાગ્યને ઠોકર મારી હતી. અવશ્ય, અંબરને પોતાના રૂપનું, પોતાની વીરતાનું, પોતાની કીર્તિનું અભિમાન હતું; ને એ અભિમાન ટકાવી રાખવા તે આટલો વિકારહીન દેખાવા યત્ન કરતો હતો.

અંતે અંબરે જ ચૂપકીદી તોડી. "આજ્ઞા રાજકુમારી!"

રાજકુમારી વિરામાસન પર જરા વધુ સતેજ થઇ બેઠી. રૂંધાતા ગળામાંથી પ્રયત્ન કરી સ્વર કાઢયો "અંબર! તમને બોલાવવાનું કારણ કલ્પી શકો છો?"

અંબરે ડોકું ધુણાવી ના કહી.

"અંબર મને કહો—સત્ય કહો—શું તમે મને નથી ચ્હાતા?"

અંબરે ફરી વાર નકારમાં ડોકું ધુણાવ્યું.

"નિષ્ઠુરતાની પણ અવધિ હોય છે. અંબર ! અજયગઢની રાજકન્યા તમારે ચરણે તનમન પ્રાણ ધરી રહી છે. તમારા સ્મિતમાં તેનો સુખભંડાર છે, તમારી સમભાવદર્શક વાણીમાં તેનું સ્વર્ગ છે. તમારી મૂર્તિ તેની દેવમૂર્તિ છે અંબર !"

"રાજકુમારી ! સાવધાન !" અંબરે એક હાથ સ્હેજ ઉંચો કરી કહ્યું. આપણે એકાંતમાં છીએ. ટુંકમાં એ જ જાણી લ્યો કે હું આપની કૃપાનો સ્વીકાર કરી શકું તેમ નથી."

"કારણ ?"

"કારણ આત્માની આજ્ઞા–અંતરનો આદેશ."

"પણ તેનું પરિણામ વિચાર્યું ?"

"કોઇ પણ વસ્તુનું પરિણામ મોતથી આગળ વધી શકતું નથી."

"પણ અંબર ! તમે કંઇક છુપાવી રહ્યા છો. મને નાનું બાળક ન સમજશો. પેલી એ બદામની રખડતી દાસી રમા પાછળ તમે ગાંડા બન્યા છો, એ ગાંડપણામાં તમે તમારી પદવીનું, તમારા ગૌરવનું, તમારા દેશનું ને તમારી જાતિનું અભિમાન પણ ખોયું છે. ક્યાં તમે અને ક્યાં એ દાસી ? એ ભીખારણ..."

"રાજકુમારી ! કશી આજ્ઞા હોય તે કહો. પરનિંદા સાંભળવા હું અહીં નથી આવ્યો."

"છે–એક જ આજ્ઞા છે ! એ જ આજ્ઞા જે મારા પિતાએ ત્રણ દિવસ પહેલાં અજયગઢની આખી પ્રજા વચ્ચે તમને કરી હતી."

"ક્ષમા કરો કુમારી ! એ હુકમ હું પાળી શકતો નથી."

" તો મોત સામું જ ઉભું છે."

" આપો ! પૂનઃપૂનઃ માગી ચૂક્યો છું કે ખુશીથી મોત આપો ! સત્ય માર્ગે જનારને માટે મૃત્યુ દુઃખદાયક નથી."

" પણ તમે ભૂલી જાઓ છો. તમારા એકલાનું મૃત્યુ થનાર નથી."

" ત્યારે ?"

" રાજકન્યા સાથે સ્પર્ધા કરવાની હિંમત કરનાર એ તુચ્છ દાસી રમાનું પણ મૃત્યુ થનાર છે !"

અંબર કંપી ઉઠ્યો. અંતરમાં બોલી ઉઠ્યો "પ્રભો ! દયામય ! એને કુશળ રાખજે. એને સુખી રાખજે !"

" સાંભળ્યું ?" જિયવતીએ ફરી પૂછ્યું.

" હા—પણ કોની આજ્ઞાથી ?"

" મારી આજ્ઞાથી !—હું મારા પિતાને કહું એ આજ્ઞાથી ! વિલંબ માત્ર મારા કહેવાનો છે."

" પણ તેને મરતી જોવા હું જીવતો નહિં હોઉં."

" એટલે ?"

" તેમ જોતાં પહેલાં હું મારો પ્રાણ આપીશ."

" અજયગઢનો સેનાપતિ આત્મહત્યા કરવા જેટલો કાયર છે એ આજે જ જાણ્યું. પણ ના-મારી ભૂલ થઈ. એમ નહિ. હું મારૂં વૈર કેમ લેવું તે સારી રીતે સમજું છું. બોલો અંબર ! બોલો. હું તમારે ચરણે મારૂં સર્વસ્વ અર્પણ કરૂં છું, મને તમારી અર્ધાંગના બનાવશો કે નહિ ?"

"નહિ! અજયગઢની આખી પ્રજા સાંભળે તેમ હું કહી ચૂક્યો છું કે 'નહિ.' અત્યારે પણ એ જ 'નહિ' કહું છું."

"ત્યારે સાંભળો. મોત તેનું પણ ખરૂં ને તમારૂં યે ખરૂં, પણ એ બેઉ મોતના પ્રકાર જૂદા છે."

"એટલે ?"

"એટલે મારા પિતાની આજ્ઞાથી તમારી આંખો સામે રમાને તરફડતી ને મૃત્યુ પામતી જોશો."

"અને પછી હું પણ તે ક્ષણે તેની સાથે જ જઇશ."

"ના તમારૂં મોત જૂદી જ જાતનું છે. એ રમાના વિચારે દુઃખી થતાં રીબાતાં રીબાતાં તમારે જીંદગી પસાર કરવી પડશે. રાજ્યસત્તા તમને આત્મહત્યા નહિ કરવા દયે."

"નિષ્ઠુર! અધમ! શું આ જ તારૂં વૈર છે? મારા કાર્યનો બદલો મારી પ્રણયપાત્રી પાસેથી લેવો એ ક્યાંનો ન્યાય! હું તને એવું વૈર નહિ જ લેવા દઉં. બસ, આજ ક્ષણે આ સામી ભીંતે ટાંગેલી તલ્વાર લઇ મારૂં પોતાનું શિર ધડથી જૂદું કરૂં છું"

તે ધસ્યો, પણ રાજકન્યા તેનો માર્ગ રોકી રહી! અને ક્ષણ વારમાં બે સીપાઇઓ દાખલ થઇ, અંબરનો હાથ ઝાલી, તેને બહાર લઈ આવ્યા.

*

પ્રકરણ ૧૦ મું

કિલ્લેદારની પત્ની

આ જયગઢના કિલ્લાના સહુથી પાછળના ગુપ્ત આવાસમાં કિલ્લેદાર જયસિંહ રહેતો હતો. આ આવાસમાં ચાર ખંડ હતા. પાછલા બે બંધ ખંડમાં કિલ્લાની ચાવીઓ તથા રાજ્યનાં જરૂરી હથિઆરો, કિલ્લાના જૂદા જૂદા ભાગના નકશાઓ, વિગેરે રાખવામાં આવતું હતું.

કિલ્લેદાર જયસિંહ આ ભાગમાં જ રહેતો, હમણાં હમણાં કિલ્લામાં ચોકીદારો પરસ્પર વાતચીત કરતા હતા કે કિલ્લેદાર નવી વહુ લઇ આવ્યા છે. એનો સ્વભાવ ઘણો મળતાવડો છે. દરેક ચોકીદાર સાથે તે નમ્રતાથી જ વર્તે :છે.

જયસિંહ પોતાના જીવનને ધન્ય સમજતો. પુષ્પા તેને અનહદ ચ્હાતી હોય એવો અનુભવ તેને થયો, પુષ્પાની કોઇ વાત તે ઉથામતો નહિ.

" વ્હાલા " પુષ્પાએ એક દિવસે કહ્યું " આ બે બંધ ઓરડામાં શું રહે છે ?"

" કિલ્લાના કેદખાનાની ગુપ્ત દ્વારોની ચાવીઓ તથા નકશાઓ ખાસ એમાં જ રાખવામાં આવે છે. એ સિવાય ખાસ અગત્યનાં હથિયારો પણ તેમાં જ રહે છે. એ સર્વની કિંમત આ કિલ્લેદારનું શિર છે. એમાંથી કાંઇ જાય તો મારૂં શિર જાય. આ રહી તેની ચાવીઓ. "

એમ કહી જયસિંહે પોતાની કમરે લટકાવેલો ચાવીનો ઝુમખો દેખાડયો, અને પુષ્પા તરફ ગર્વમય સ્મિતભરી એક નજર ફેંકી.

પુષ્પા એ ચાવીઓ તરફ જોઇ રહી. તે પછી એ જાદુભર્યું સ્મિત કરી જયસિંહ તરફ જોઇ રહી.

જયસિંહ એ સ્મિત ઝીલી રહ્યો "પુષ્પા!" તેણે કહ્યું "તારાથી હું કેટલો સુખી છું?"

"ને તમારાથી હું યે" પુષ્પાએ ઉત્તર આપ્યો.

ઉભય એક બીજા સામું જોઇ રહ્યાં. જયસિંહ સત્ય પ્રેમ-અમીભરી દષ્ટિથી અને પુષ્પા બનાવટી પ્રેમથી.

∴ ∴ ∴

તે રાત્રે કિલ્લામાં જ્યારે સર્વ નિદ્રાવશ હતાં ત્યારે પુષ્પાને ઉંઘ ન્હોતી આવતી. "શું કરૂં? આજે જ કામ પાર ઉતારૂં?" એમ તેને વિચાર થયા કરતો હતો. ઘડીમાં તેનું સ્ત્રીહૃદય આવું દગાભર્યું કામ કરવા ના પાડતું, પણ દેશપ્રેમ ફરી એને પ્રેરતો.

બારના ટકોરા સંભળાયા. છેલ્લા ટકોરા બાદ પાછું સર્વ સુનકાર થઇ ગયું. પુષ્પાના હૃદયધબકારા તેના કાન સાંભળી રહ્યા હતા.

તેણે પાસે સૂતેલા પોતાના પતિ–શત્રુ રાજ્યના કિલ્લેદાર–તરફ એક નજર ફેંકી. હા! કેવી નિર્દોષ ઉંઘ! ક્યાં ખ્યાલ હતો એ કિલ્લેદારને કે સવારે ઉઠતાં જેને તે ચ્હાય છે તે પત્ની તેને દગો દઇ છોડી ગયેલી જણાશે અને તેના બદલામાં કદાચ તેનું માથું વઢાઇ જવાનો વખત આવશે!

તે કમકમી! શું આનું જ નામ દેશાભિમાન? શું દેશાભિમાન નીતિ અને ધર્મને પણ ન જુવે? તેનાં આ કાર્યને પરિણામે રામગઢ કદાચ સ્વતંત્ર થશે, તો યે એ સ્વતંત્રતાનો

"કોણ પુષ્પા ? અત્યારે ? શા માટે ?"

"રામગઢ માટે-દેશ માટે—જન્મધાત્રી માટે ! ચાલ વ્હેલી થા. તારી અને તારા જીવનની રજનીનો મુક્તિરૂપી સૂર્યથી હવે અંત આવશે ચાલ વ્હેલી થા !"

"પણ રામગઢ શી રીતે જવાશે ?"

"કિલ્લાની બહાર બે અશ્વો તૈયાર છે. અહીં કિલ્લા બહાર નીકળવાનો રસ્તો દેખાડવા આ નકશાઓ બસ છે."

એમ કહી પુષ્પાએ ચોળી નિચે છૂપાવેલા નકશા બહાર કાઢી રમાના હાથમાં મૂકયા.

"ને ચોકીદારો ?" રમાએ પૂછ્યું.

"કિલ્લેદારની આ વીંટી તેમને ચુપ રાખશે." પુષ્પાએ ચોળીના ખીસામાંથી એક ઝળહળતી વીંટી કાઢી. દિવસના ઝાંખા પ્રકાશમાં એ ચમકી રહી !

"ને મારા પિતા ?" રમાએ પૂછ્યું.

"તેને યે છોડાવું છું. તું તૈયાર થા. હું તેની ઓરડીમાં હમણાં જાઉં છું."

રમા ઘડીભર વિચારી રહી. તેને દિવાની ટમટમતી જ્યોતમાં અંબરની પ્રણયજ્યોતનું દર્શન થયું. ટમટમતા દીવાને સેનાપતિનું વિનવણી કરતું મુખ તેણે કલ્પી લીધું.

અંબરનો ત્યાગ ? જેણે તેને માટે રાજકુમારીના પ્રણયને ઠોકર મારી હતી, રાજાના કોપને ગણકાર્યો ન્હોતો, જે તેના હૃદયને ખરેખર વફાદાર રહ્યો હતો એ અંબરનો ત્યાગ ? રે ! એનુ નામ દ્રોહ—હૃદદ્રોહ-સિવાય શું કહેવાય ?

"કેમ શો વિચાર કરી રહી છો ?" પુષ્પાએ પૂછ્યું.

હું નહીં આવું—ના—મને આ કેદખાનામાં જ મૃત્યુ પામવા દે!"

પુષ્પાની આંખો ક્રોધથી ચમકી રહી. એ ચમકારો દિવાની જ્યોતને ઝાંખી પાડવા લાગ્યો.

"શું—શું કહ્યું ? ફરી વાર બોલ !"

"મને અહીં જ મરવા દે."

"પરભૂમિમાં—શત્રુઓ વચ્ચે—કેમ ? કારણ કે અહીં અજયગઢમાં, તારો દેવ અંબર છે"

"હા પુષ્પા ! મારા દેવતા, ઇષ્ટદેવ છે, હૃદયના આરાધ્ય છે. અંબર ! અંબર ! તમને કેમ ત્યાગું ? રાજ્યકોપના ભયે પણ તમે મને ત્યાગી નથી ને હું કારાગૃહનું દુઃખ ખમવાના વિચારે તમને કેમ ત્યાગું ?

"ખબરદાર ! સાવધાન થા રમા ! તું રામગઢને ભૂલી જાય છે: તે એ રામગઢને પરાધીનતાની જંજીરમાં જકડનાર અંબરને દેવ ગણે છે. અભાગણી ! તારા પિતા પર તલ્વારનો ઘા કોણે કર્યો હતો ? તારા પિતાને આજ કેદખાનાની ઓરડીમાં પૂરાવી રાખવાના કારભુત કોણ છે ! એ જ અંબર—જેને તું મુર્ખાઇથી તારો હૃદયદેવ બનાવી રહી છો.

"તે હશે . . . પણ . . ."

"હશે ? તારા દેશ અને તારા પિતાની સ્વતંત્રતા લૂંટાઇ રહી છે ત્યારે તું "હશે" કહી રહી છો ? રે તું રજપુતાણી જન્મી તે કરતાં પત્થર કાં ન થઇ ? તારા કરતાં તો રામગઢના પત્થરો વધારે દેશપ્રેમ ધરાવે છે."

રમા નીચું જોઇ રહી. તેની આંખમાં ઝળહળીઆં આવ્યાં. મુખ પર કરચલી પડી—આર્દ્રતાનિ કરૂણાની ! ગળામાં શોષ પડવા જેવું થયું.

"દેશદ્રોહિની ?" પુષ્પાએ ફરીથી કહ્યું "તું કોની કન્યા છો તે તો વિચાર ? તારો બાપ રામસિંહ આદર્શ રજપુત છે ને તું તેની પુત્રી આવી દેશદ્રોહી—આવી કલંકિત ?"

"પુષ્પા ! પુષ્પા ! દેશદ્રોહ હું કરી શકું છું, પણ હૃદયદ્રોહ નથી કરી શકતી. અંબર ! સ્વામી ! તમે રામગઢ કરતાં પણ મારે મન શ્રેષ્ઠ છો ! પુષ્પા ! મને અહીં જ એ અંબરનો વિચાર કરતાં કરતાં મરવા દે"

"ધિક્ ! તું રજપુતાણી નથી—રસ્તે ભટકનારી ક્ષુદ્ર સ્ત્રી છો. તું રામગઢની માટીમાંથી નથી જન્મી. જન્મી હોત તો આમ ન કરત, અભાગણી ! તને ખબર છે--તને લેશમાત્ર વિચાર પણ છે કે તને અને તારા પિતાને કેદમાંથી છોડાવવા મેં મારા જીવનનાં સર્વ સુખોનો ભોગ આપ્યો છે? જેને હું અંતરથી તિરસ્કારતી હતી તે કિલ્લેદારને હૃદયની વિષારી વેદના વચ્ચે પણ હું પરણી ! તેની પત્ની થઇ રહી ! બનાવટી પ્રેમ તેનો પ્રતિ દેખાડયો ! ને આજ તેના ફળરૂપે કેદખાનાની આ ચાવીઓ, આ નકશાઓ અને આ વીંટી ચોરી લાવી છું. બોલ, એ બધું મેં શા માટે કર્યું ? રામગઢ માટે ધાવણ આપી પોષનાર પૃથિવી માટે, જન્મભૂમિ માટે ! શું મને મારૂં સુખ વ્હાલું ન હતું ? શું મને, હું ચ્હાઉં તેને પરણવાનો ને ન ચ્હાઉં તેને તિરસ્કારવાનો અધિકાર નથી? પણ ના, હું તારા સમી દેશદ્રોહી નથી ! મેં દેશપ્રેમની વેદી પર મારા જીવન-સુખોનું બલિદાન સહર્ષ આપ્યું છે. ચાલ, હજી પણ તૈયાર થા, વખત હાથમાં છે."

રમા, વિધિનો કરૂણ શિકાર રમા, વિચારી રહી. દેશપ્રેમ અને અંબર પ્રતિના પ્રેમ વચ્ચે યુદ્ધ મચી રહ્યું, પણ કેદખાનાની ઓરડીના અંધકારને જેમ પુષ્પાના હાથમાંના દીપે હઠાવ્યો હતો તેમ અંબર પ્રતિના પ્રેમે રામગઢ તરફના પ્રેમને હઠાવ્યો.

તે ચૂપ જ રહી!

"કેમ જવાબ નથી આપતી!" પુષ્પાએ કઠોર સ્વરે પ્રશ્ન પૂછ્યો.

"ના, તું ને મારા પિતા જાઓ. મને રડવા દો, મરવા દો, હું મહા હીનભાગિની છું."

પુષ્પાએ એ જ વખતે દઢભાવે રમાને હાથ ઝાલી લીધો, "રમા! તું ભૂલ ખાય છે, તારૂં ચિત્ત હમણાં ઠેકાણે નથી. ચાલ, મારી સાથે ચાલ, બધું થઇ રહેશે."

એમ કહી તેણે રમાનો હાથ ખેંચી તેને ખસેડવા જેવું કર્યું. રમા દઢ પગલે ઉભી રહી. પુષ્પા તેને જરાક જ ખસેડી શકી.

"ચાલ!"

"ના!"

"અભાગણી!"

"તારે કહેવું હોય તે કહે, પણ મને અહીં મરવા દે."

પુષ્પાએ ફરી હાથ ખેંચ્યો.

રમા ન ખસી—પગલાં પૃથિવી પર દઢભાવે સ્થાપ્યાં.

"ચાલને—ચાલ તારા પિતાની સલાહ લઇએ. તેની ઓરડીમાં તો ચાલ."

રમા એમજ રહી!

"કહું છું ચાલ." પુષ્પાએ હોઠ પીસી, ફરી એક વાર હાથ ખેંચ્યો; ને રમા તરફ ક્રોધભરી નજર ફેંકી.

રમા નીચું જોઇ રડી રહી હતી. તેની આંખમાંથી દડદડ આંસુ વહી રહ્યા હતાં; અને મુખપ્રદેશ પરથી સરી જમીન પર પડતાં હતાં.

પુષ્પાનું અંતર દ્રવ્યું ! તેણે મજબુતીથી પકડેલ રમાનો હાથ ઢીલો કર્યો. કિલ્લેદાર જયસિંહને તે તિરસ્કારતી હતી–તેને ઠગવાજ પરણી હતી, છતાં માત્ર પંદર દિવસના સહવાસ પછી જયસિંહના પ્રેમનો–જયસિંહના હૃદયની દશાનો–વિચાર કરી તેને ત્યાગતી વેળા પોતે રડી હતી એ વિચારે રમાની હમણાંની દશાના ઔચિત્યનો તેને ખ્યાલ આવ્યો.

ને તેણે એ ખ્યાલ આવતાં જ રમાનો હાથ છોડી દીધો ને ફરી વાર રમા તરફ જોયું. તે હજી રોઇ રહી હતી. જાણે તેના અંતરમાં આંસુનો સાગર ભર્યો હતો. એ સાગરનાં પૂર કેદખાનાની ભૂમિને ભીંજાવી રહ્યાં.

"ત્યારે નથી આવતી ?" પુષ્પાએ આર્દ્ર સ્વરે પૂછ્યું.

"ના–મને ન બોલાવ, મને મરવા દે, રડવા દે, વિયોગે ઝુરી ઝુરી આ જ ચટાઇ પર મરવા દે. હું રામગઢ આવવાને યોગ્ય નથી. હું અતિ ક્ષુદ્ર પામર પ્રાણી છું, તારી સંગિની થવાની કે રામગઢના રાજાની પુત્રી કહેવડાવવાની મારામાં લેશમાત્ર યોગ્યતા નથી. હું પરવશ થઇ પડી છું અને વિધાતાને રમવાનું એક કરૂણ રમકડું છું. તું મને રામગઢ લઈ જઇ શું કરીશ ? મરવા દે અહીં જ મરવા દે. હા ! આ ચટાઈ જ મારી મૃત્યુશય્યા થશે. પુષ્પા ! પિતાને આ ન કહેતી. તેમને કહેજે કે હું જડતી નથી. એમ કહી તેમને નસાડી જજે. પ્રભુ ! રામગઢનું ભલું કરો. તેને સત્વર મુકત કરો !"

પુષ્પાનું અંતર ડગમગવા લાગ્યું. તેની દઢ ઇમારત જાણે તુટી પડી ! તેની આંખો ભીની થઇ "રમા ! તો ભલે અહીં

રહે, પણ અરે ! તારા પિતાનો તો વિચાર કર. તે તને યાદ કરી કરી, રામગઢમાં પણ સુખે નહિ રહે."

રમાએ બે હાથે મોં ઢાંકી છુટથી રડવું શરૂ કર્યું. બાપુ ! મારા સ્નેહાળ બાપુ ! હું કેવી વિશ્વાસઘાતી પુત્રી છું ? ઇશ્વર તમને મારો વિયોગ સહવાનું મનોબળ આપે !"

તે હજી રડતી હતી. પુષ્પાનો વખત જતો હતો. કદાચ કિલ્લેદાર જયસિંહ જાગે ને તપાસ કરે તો બધું ધૂળમાં મળી જાય એમ હતું.

"રમા રડતી રહે, વિધાતાની મરજી. મારો વખત જાય છે, હું જાઉં છું. રામગઢ ફરી સ્વતંત્ર થશે તો મળીશું."

એમ કહી દઢ પગલે તે બહાર નીકળી રમા હજી રડતી હતી. વિધાતા એ ઓરડીના ગાઢ અંધકારમાં એ રડતી રમાની દશા પર હસી રહી–શિકારી શિકારની દશા પર ગર્વભરી વૃત્તિથી હસે તેમ.

"અંબર ! હૃદયસ્વામી ! દેવાધિદેવ ! આ આંસુની ભેટ નહીં સ્વીકારો ? હીનભાગિની રમા–રામગઢની એક અનાથ કન્યા, તમારા સમા વીરને ચરણે બીજું શું ધરી શકે ? અંબર ! વ્હાલા ! તમે સુખી થજો ! હું અહીં જ મરણ પામું તો બે આંસુ પાડજો ને હું તમારી રાહ અમરભૂમિમાં જોઇશ એ ન ભૂલશો."

ને પાલવથી તેણે આંસુ લુછ્યાં. એ આંસુઓની ઉષ્ણતા તેના ધગમગતા હૃદયની–અંબર પ્રતિના અનિવાર્ય પ્રેમથી ધગધગતા હૃદયની–સાક્ષી સમાં હતાં.

"રામગઢ ! પિતા ! ક્ષમા કરજો. મેં વિશ્વાસઘાત કર્યો છે, પાતક વહોર્યું છે. તમે મને ન્હાઇ, પોષી, પાળી, પણ મેં તમને દગો દીધો ! અંબર ! પ્રિય ! એ તમારે ખાતર !"

ને સામેની કાળી દિવાલ પર તેણે અંબરને જોયો. દિવાલના શ્યામ પટ પર રૂપેરી રેખાએ એ મૂર્તિ અંકાઈ હતી.

“રમા ! વિશ્વાસની પરમ પ્રતિમા ! હૃદયમાં શંકાને સ્થાન ન આપ. અંબર તારો જ છે. તું સ્થુલ કેદખાનામાં છે અને અંબર એક માત્ર તારા પ્રેમની જંજીરથી બન્દિવાન છે. હૃદય એક માત્ર જાણે છે હૃદયની કથા રમણી ! ચીરી જો એ હૃદય, ને તેમાં “રમા, રમા, રમા” વિના બીજું કંઇ જ ન જણાશે.”

આ કાલ્પનિક વાણી સાંભળી રમાના મુખપ્રદેશ પર સંતોષની રેખાઓ અંકિત થઇ. રમાએ આજ પોતાનું જીવન ધન્ય માન્યું. ઘડીભર એ કેદખાનાની નાની ઓરડી તેને દેદીપ્યમાન સ્વર્ગલોક સમાન જણાઇ. અંબર ત્યાં સ્વર્ગ ! અંબર ત્યાં સુખ ! ને અંબર ત્યાં જ રમા !

પણ તેની એ અર્ધવિચારનિદ્રા સમી સ્થિતિમાં પગલાંના ધબકારાએ ભંગ પાડ્યો, રમાએ સમજી લીધું કે તેનો પિતા ને પુષ્પા એ તરફથી પસાર થતાં હશે.

પગલાં વધારે વધારે પાસે આવતાં હોય એમ અવાજ પરથી રમાને પ્રતીત થયું, ને એ ઓરડીના દરવાજાની છેક પાસે આવવાનો રવ સંભળાતાં પુષ્પા તથા તેના પિતા વચ્ચે થતી વાતચીત રમાને કાને પડી.

“ના ના, પુષ્પા એકવાર મને જવા દે. મને એ સૂતી ઓરડી એકવાર જોવા દે, રમા ! મારી પુત્રી ! આંખોના એકમાત્ર નૂર ! તું હમણાં ક્યાં હઇશ ?” તેના પિતાનો સ્વર સંભળાયો.

“તે તો ગઇ, લાગ મળતાં નાશી છૂટી હશે. તમે ચાલો. સત્વર ચાલો ! વખત જાય છે.” પુષ્પાનો અવાજ સંભળાયો.

“જરા ઉભી રહે, એકવાર મને એ ઓરડી દેખાડ. એકવાર મને એ ઓરડીના પગથારને પકડી લેવા દે કે મારી રમા ક્યાં ગઇ ?

એકવાર, માત્ર એક જ વાર, જો ઠંડી ભૂમિ પર તે સૂતી તે ભૂમિને વાત્સલ્યભાવે ચુમ્બન કરી લેવા દે. પુષ્પા ! તારા રાજાની આટલી માગણી કબુલ કર." તેના પિતાનો ગળગળો સ્વર રમાને કર્ણે પડયો.

"પણ વખત નથી—એ કદાચ રામગઢ પહોચી ગઇ હશે." પુષ્પાનો અવાજ આવ્યો.

" ના, મારૂં અંતર કહે છે કે મને છોડી એ ન જ જાય, તેના પર જરૂર કંઇ વિપદ્ આવી હશે. રમા ! પુત્રી ! મારા આશીર્વાદ છે કે પ્રભુ એ વિપદ્‌માં તારૂં રક્ષણ કરો ! પુષ્પા ! એકવાર મને એ ઓરડી દેખાડ ! જો ! રામસિંહે જીવનભરમાં કોઇને આજીજી કરી નથી. આજ તને આજીજી કરૂં છું." તેના પિતાનો આર્દ્ર સ્વર રમાએ ફરીથી સાંભળ્યો.

" ચાલો ત્યારે ઝટ !" પુષ્પાનો અવાજ સંભળાયો.

રમા ગભરાઇ ! તેનો પિતા જોશે તો ? તેને લીધા વગર નહિ જ જાય ! વખત ખોવો પાલવે એમ ન્હોતું. તે તરત પાણી મૂકવાના મોટા બાજોઠ હેઠળ ભરાઇ ગઈ !

દરવાજો ઉઘડયો ને આગળ પુષ્પા તથા તેની પાછળ રામસિંહ દાખલ થયો.

" શૂન્ય ! શૂન્ય ! પુષ્પા કેવળ શૂન્ય ! આ ઓરડી અને મારૂં જીવન બેઉ શૂન્ય ! "

" ચાલો, જોઇ લીધું, હવે જલ્દી ?" પુષ્પાએ કહ્યું.

" ના ! થોડીવાર, થોડીક ક્ષણ, સબુર કર ! આ પત્થરો જોઇ લેવા દે. મારી આંસૂભીની આંખ, મારૂં રડતું હૃદય, તેમને બતાવી લેવા દે. કેદખાનાની આ ઠંડી ભૂમિને મારા ઉનાં આંસૂ-ઓથી એકવાર ગરમ કરવા દે. એ ભૂમિ પર રમા જ્યા રે લેટી

હશે ત્યારે તેને હૂંફ મળી હશે. એ હૂંફ ગઇ! હવે એ ભૂમિને મારા ઉષ્ણ અશ્રુઓ સિવાય બીજી કઇ હૂંફ આપું ?"

તે રડી પડયો ! રામગઢનો વીર નરેશ રામસિંહ જેણે જીવનમાં અનેક તડકાછાંયા જોયા હતા, જેણે અનેક યુદ્ધો નિહાળ્યાં હતાં જેણે અનેક શત્રુઓના દેહ પર નિષ્ઠુર ભાવે તલ્વાર ચલાવી હતી, જે કાયરતાનો પરમ શત્રુ ને વીરતાનો પરમ પૂજક હતો તે આજ પુત્રી સ્નેહે નાના બાળક પેઠે રડી પડયો !

પુષ્પાની આંખ પણ ભીની થઇ, છતાં વખત જતો હતો એ વિચારી તેણે કહ્યું, "હવે ચાલો !"

"ઉભી રહે ! આ ચટાઇ, મારી પ્રિય પુત્રી રમાને વિસામાનું સ્થાન હતી. તેને એક વાર ચુંમી લેવા દે."

ને નીચા વળી તેણે એ ચટાઇનો એક છેડો ઉંચો કરી, અતી પ્રેમથી, ઉંડા વાત્સલ્યથી, દીર્ઘ નિશ્વાસભર્યા હૃદયે ચુમ્બન કર્યું.

એજ ક્ષણે બાજોઠની હેઠળથી એક ધીમો અવાજ નીકળી એ ઓરડીમાં ગુંજી રહ્યો "પિતા !"

એ અવાજ સાંભળી રામસિંહ ગાંડો બન્યો !

"એ જ, એ જ રમાનો સ્વર ! મારી પુત્રીનો એ જ અવાજ ! રમા ! કયાં છો તું ? પુષ્પા ! પુત્રીનો પિતા તરફ કેવો સ્નેહ હોય તેની તને ખબર નથી. એ મારા વિના ન રહે—હા ! એનો જ અવાજ છે. રમા ! પુત્રી ! વૃદ્ધ પિતાના જીવન ! કયાં છો ?"

ને રામસિંહના એ પ્રશ્ન પછી ઓરડીમાં નિસ્તબ્ધતા છવાઈ રહી!

"કાંઇ નથી—તમને ભ્રમ થયો છે, મેં તો કાંઇ યે અવાજ સાંભળ્યો નહિ. રમાનો અવાજ હોય તો એ અહીં આપણી નજરે ન પડે ?"

"ના–એ જ ધ્વનિ હતો. કદાચ રમાના સહવાસથી આ પત્થરોએ એ અવાજની આર્દ્રતા, મીઠાશ, અને કોમળતા ઝીલી લીધી હશે. એ જ ! એજ પિતાપ્રેમથી દ્રવતો અવાજ ! રમા ! બેટા ! ક્યાં છો? જવાબ દે."

ને કેદખાનાની નિસ્તબ્ધતાએ ફરી વાર નકારસૂચક નિરાશાભર્યો જવાબ પોતાની નિરવતાથી વાળ્યો !

"નથી, કોઈ નથી, ચાલો !" પુષ્પાએ કહ્યું.

"ના છે."

"નથી, નથી, ભ્રમ છે, વખત ન લગાડો. પકડાઇ જઇશું "

"રમા ! રમા!" રામસિંહે ફરી ધીમી બુમ પાડી.

કાંઇ જવાબ ન આવ્યો !

"પુત્રી ! રમા ! તું જ્યાં હોય ત્યાં સુખી થજે. તને લીધા વગર તારો આ નિષ્ઠુર પિતા અજયગઢ છોડે છે, પણ તું તો સમજુ છે, ઉદાર છે, મારી પુત્રી ! "

"ચાલો" પુષ્પાએ રામસિંહનો હાથ પકડી ખેંચ્યો.

"ચાલ" તેણે લથડતા સ્વરે કહ્યું "હા ! કેવો અંધકાર ! રમા વિના કેવો અંધકાર ! રમા ! પુત્રી ! અહીં પાછી કદાચ આવીશ તો આ કાળા પત્થરો મારા હૃદયની દશા તને કહી સંભળાવશે ! હાય નિષ્ઠુર પિતા ! દેશને ખાતર પુત્રીને છોડી જાય છે.

જન્મભૂમિના, જનનીના માતાના પ્રેમને ખાતર પુત્રીપ્રેમને ઠોકર મારે છે."

ને લથડતે પગે તે ચાલ્યો, બલ્કે પુષ્પા તેને ખેંચી ગઇ !

બાજોઠ હેઠળ સંતાયેલી રમાને કાને થોડે દૂરથી આવેલો સ્વર ફરી અથડાયો "રમા ! પુત્રી !"


MDhurandhar
11.25

[illegible]

તે ધીરેથી બાજોઠ હેઠળથી નીકળી ! મહા પ્રયત્ને તેણે સંયમ રાખ્યો હતો. એક વાર ધીરેથી "પિતા" બોલાઇ ગયું હતું. તે પછી ધડકતી છાતીએ તેણે પોતાના પિતાના પ્રેમથી પ્રેરાયેલા કરૂણુ ઉદ્‌ગારો સાંભળ્યા હતા.

હા ! શી વિશ્વાસઘાતી પુત્રી હતી એ ! તેનો પિતા તેના વિના કેદખાનું પણુ છોડવા રાજી નહોતો ને એ પોતાના પિતા વિના અજયગઢમાં રહેવા રાજી થઇ હતી, તેનો પિતા કેવો ઝૂરશે એ વિચારે તે રડું રડું થઇ રહી. રમાને જીવન દુઃખમય–દર્દમય–જણાયું. પ્રેમ શી વસ્તુ હતી ? પ્રેમમાં દુઃખ વિના રમાએ બીજું શું અનુભવ્યું ?

તેને માથામાં ચક્કર આવવા માંડયાં. "પિતા ! નાનપણુથી મારૂં લાલનપાલન કરનાર પિતા મેં દગો કર્યો છે ! મેં તમને છેતર્યા છે. ચોરની પેઠે હું સંતાઇ હતી. તમારા હૃદયની, એ હૃદયના વાત્સલ્યની, મેં કિંમત ન કરી. હું આંધળી જેવી, બહેરી હોઉં તેમ, સંતાઇ જ રહી ! પિતા ! પિતા ! માફી આપો ! ક્ષુદ્ર, સ્વાર્થી પુત્રીને માફી આપો !"

ને સાદડી પર બેશુદ્ધ થઇએ ઢળી પડી. નિસ્તબ્ધ : નિશ્ચેષ્ટ ! માથા પરના વાળ સાદડી પર વેરાઇ રહ્યા !

બે પળ વીતી હશે ત્યાં એ ભયંકર અંધકારને ભેદતો અજયગઢનો વીર અંબર દાખલ થયો, ને બેશુદ્ધ રમાને ઉપાડી સાવધાનીથી એ કેદખાનાની ઓરડીની બહાર નીકળ્યો !

પ્રકરણ ૧૨ મું

જયસિંહની મનોદશા

ધીરે ધીરે પરોઢીયું થવા આવ્યું. મંદ, શીતળ સમીરણની લહરીએ અજયગઢના કિલ્લાની દિવાલ કુદાવી કિલ્લાના ખુલ્લા ચોગાનમાં ખેલી રહી હતી. પ્રાચી પટની સુવર્ણરંગી ઝલક દિવાકરનું આગમન થવાની આગાહી દઈ રહી હતી.

એ પ્રકાશ ને એ સમીરલહરી કિલ્લેદાર જયસિંહના આવાસમાં પણ આવ્યાં અને નાચતાં નાચતાં કિલ્લેદારનો અંગસ્પર્શ કરી ગેલ કરવા લાગ્યાં. એ ચેતનપ્રેરક સ્પર્શથી કિલ્લેદાર જાગી ઉઠ્યો, આંખો ચોળી, સફાળીને બેઠો થયો!

આંખો ચોળી? હા! કારણ?

કારણ કે પરોઢીયાની ગુલાબી ઉંઘમાં હમણાં પંદર દિવસ થયાં જગતમાં પોતાને સૌથી વધારે સુખી માનતા જયસિંહે એક મધુર સ્વપ્ન જોયું હતું.

જાણે પુષ્પા અને પોતે એક ખળખળ શબ્દે વહી જતી, પ્રેમનું સુંદર ગાન લલકારતી, રૂપેરી રંગની નદીના પટ પર એક નાની રમણીય હોડીમાં બેઠાં. બેઉ બાજુના કાંઠા પર લીલાં વૃક્ષોની હાર અદ્ભુત લાલિત્યથી ગોઠવાઇ હતી. એ પ્રત્યેક વૃક્ષને શિરે વાયુનો મુગટ હોય તેમ આછા, કોમળ સુસવાટથી પ્રત્યેક વૃક્ષ હાલી રહેતું. જળના તરંગ પર સૂર્યનાં રશ્મિ આછો ચમકાર કરતાં–ઘડીભર લાગતું કે જાણે એ જળરાશિમાંથી જ એ રશ્મિ ફૂટતાં હોય.

હોડી ધીરે ધીરે સરતી હતી.

"ક્યાં જઈએ છીએ વ્હાલા ?" પુષ્પાએ નિગૂઢ પ્રેમથી પૂછ્યું.

"અદ્‌ભુત પ્રેમપ્રદેશમાં વ્હાલી ! જ્યાં જયસિંહને મન પુષ્પા, અને પુષ્પાને મન જયસિંહ સિવાય બીજું કંઇ જ નથી." જયસિંહે છલકાતા પ્રેમથી પ્રત્યુત્તર આપ્યો.

"વ્હાલા ! પ્રાણાધિક ! આ તમારો પ્રતાપ ! દીન, હીન, પુષ્પાને આજ તમે કેવી સુખી કરી ?" પુષ્પાએ ગળગળ સ્વરે કહ્યું. "પુષ્પા મનુષ્યત્વ કોનું નામ ! પ્રેમ વિનાનું મનુષ્યત્વ, મનુષ્યત્વ નહિ પણ પશુત્વ છે. પુષ્પા ! પ્રિયા ! મારો આ જન્મ સફળ થયો છે."

ને એમ કહી તે પુષ્પાની બાજુએ આવ્યો. ઉંડા પ્રેમભાવે એક ચુમ્બન લીધું. પુષ્પા શરમાઇ ગઇ, ગાલે શેરડા પડ્યા. એ શેરડાની રેખાઓમાં સૂર્યરશ્મિના સુવર્ણ પ્રકાશે અને જળતરંગના રૂપેરી પ્રકાશે કોઇ અદ્‌ભુત રંગો પુરી દીધા. પુષ્પાના એ નવરંગ-મિશ્રિત નાનકડા સૌંદર્યપ્રદેશને જયસિંહ ઘડીભર નિહાળી રહ્યો.

હોડી સરી જ રહી હતી. બેઉ બાજુનાં વૃક્ષો એક પછી એક સરતાં જતાં જણાતાં હતાં.

"ત્યારે શું કિલ્લેદારીનું રાજીનામું આપ્યું ?" પુષ્પાએ પુછ્યું.

"હા—પ્રેમના દિવ્ય પ્રદેશમાં પ્રવેશ્યા પછી જગતવ્યવહારના એ શુષ્ક પ્રદેશમાં ફરીવાર ડોકીયું પણ કરવાનું મન થતું નથી." જયસિંહે ઉત્તર આપ્યો,

"ને એ દિવ્ય પ્રદેશમાં પ્રવેશ કરવાનો પરવાનો અપાવનાર કોણ ?" પુષ્પાએ પુછ્યું.

"તું ! જીવનસખી ! જીવનજ્યોતિ ! તું."

ને એમ કહી તેણે પુષ્પાનો હાથ પકડવા પોતાનો હાથ લંબાવ્યો ત્યાં તો—

ત્યાં તો તેની આંખ ખુલી ગઇ !

તેણે આંખો ચોળી ફરીવાર આજુબાજુ જોયું ! પુષ્પા ક્યાં હતી ? કદાચ વહેલી ઉઠી હશે.

"પુષ્પા !" તેણે ધીરે સાદે બુમ મારી. નિગૂઢ નિરવતા વિચિત્રભાવે હસી રહી !

"પુષ્પા !" ફરી જયસિંહે પોકાર કર્યો.

પણ ક્યાં હતી પુષ્પા ? શું એ ખરેખર હોડીમાં બેસી કોઈ અદ્ભુત પ્રદેશમાં તો નહી ચાલી ગઇ હોય ? જયસિંહે સ્વપ્નમાં ન્હોતું જોયું કે તે હોડીમાં હતી ? ને પોતે યે સાથે હતો. પણ પોતે ત્યારે પાછો અહીં કેમ ?

તે પળ-બે પળ વિચારમાં પડયો. પુષ્પા ક્યાં ગઇ ?

તે તુરત ઉભો થયો. ઉતાવળથી ચારે તરફ ઘૂમવા લાગ્યો. 'પુષ્પા' 'પુષ્પા' એ ધીમો પ્રેમમય ધ્વનિ તેની નાડીમાં રક્તના વહન સાથે નીકળી રહ્યો હતો—પણ ક્યાં હતી એ પુષ્પા ?

તે બહાર દોડયો. બહાર સૂર્યનાં સોનેરી કિરણો અદ્ભુત વાતાવરણ જમાવી રહ્યાં હતાં. પણ એ પ્રકાશ જયસિંહની આંખે જોયો નહિ—એ સુખ જયસિંહના હૃદયે અનુભવ્યું નહિ. તે અર્ધગાંડાની પેઠે આમ તેમ ઘૂમવા લાગ્યો.

ચોકીદારો જોઇ રહ્યા. કિલ્લેદાર કંઇક શોધમાં છે એમ કલ્પી રહ્યા—પણ શું તે કળી શકયા નહિ.

"પુષ્પા !" જયસિંહે અવાજ કર્યો.

ને વાયુની લહરીઓના તરંગમાં એક નિમિષ માત્રમાં એ અવાજ ધસડાઇ દૂર ને દૂર જતો ગયો અને એના પડઘા શમ્યા, પણ એ પડઘામાં વસેલી કરૂણતા જયસિંહને બમણી વ્યથા આપવા લાગી.

"તમે એને જોઇ?" જયસિંહે સામે ઉભેલા બે ચોકીદારોને પૂછ્યું.

"કોને?" તેમાંના એકે પ્રશ્ન કર્યો.

"પુષ્પાને"

"ના જી"

જયસિંહ ગાંડા જેવો બની ગયો. શું વાયુ તેને ઘસડી ગયો? એક રાતમાં અદૃશ્ય થઇ ગઇ? અજબ! જયસિંહની કલ્પના પણ વ્યર્થ જતી હતી.

એટલામાં તેણે રાજા સમરસિંહના ખાસ ચોકીદાર સુમનસિંહને સામેથી આવતો જોયો. એ અતિ ઉતાવળમાં હોય તેમ જણાતો હતો.

"મહારાજા આપને બોલાવે છે." સુમનસિંહે પાસે આવી સ્હેજ નમવા જેવું કરી કહ્યું.

"મને? અત્યારે?"

"હા."

"સવારના પોરમાં?"

"હાજી—ખાસ કારણ છે!"

"શું?"

"અજયગઢના કેદીઓ નાસી ગયા છે! હમણાં જ ખબર પડી! ચોકીદારોને પૂછતાં તેઓ જણાવે છે કે તમારી વીંટી બતાવી એક સ્ત્રી તેમને છોડાવી ગઈ!

જયસિંહ ચમકયો! એકદમ ઉતાવળમાં આંગળી પર નજર ફેરવી! વીંટી ત્યાં ન હતી!

તે ગભરાયો. શું પુષ્પાએ દગો દીધો ?

હા–શા માટે ન દયે ! તે અંતે તો અજયગઢની જ હતી ને ?

પણ ના–એમ કેમ થાય ? પુષ્પાનો પ્રેમ અતુલ હતો. એવું પ્રેમાળ હૃદય–એવો ઉત્કટ પ્રેમભાવ આવો દગો કેમ કરી શકે !

" પધારો—આપને સાથે જ લઇ આવવા મહારાજાએ હુકમ આપ્યો છે. "

જયસિંહ લાચાર થયો. એક તો પુષ્પા ક્યાં ગઇ હશે તેની ચિન્તા ને એ ચિન્તામાંથી એ પોતે મુક્ત થાય તે પહેલાં તો રાજાનો આ હુકમ ! ભયનું ઝઝુમતું વાદળ !

" ચાલ સુમનસિંહ ! " જયસિંહે લથડતે સ્વરે કહ્યું.

ને એ સુમનસિંહની પાછળ જ્ઞાનશૂન્ય બનીને ચાલ્યો. આંખે અંધારાં આવતાં હતાં—કાન કશું સાંભળતા ન્હોતા, સાંભળતા હતા માત્ર તેના અને સુમનસિંહના પગલાંનો પડછંદ અને આંખો જોતી હતી માત્ર એ પડછંદમાંથી ઉદ્દ્ભવતો ભય અને નિરાશાનો વિચાર !

કિલ્લાની બહાર આવતાં જમણી તરફ સુમનસિંહ વળ્યો, પણ કિલ્લેદાર તો વિચારમાં ને વિચારમાં સીધો જ ચાલ્યો.

" આ તરફ બાપુ ! " સુમનસિંહે વિનયથી કહ્યું. જયસિંહને ભાન આવ્યું. તે જમણી બાજુએ વળ્યો.

હા ! શી કઠોરતા હતી વિધિની ? જેને તેણે ચાહી–જીવનથી અધિક ગણી—તે અદશ્ય થઇ અને વિપત્તિમાં તેને જકડતી ગઇ !

*

પ્રકરણ ૧૩ મું

કપરો દંડ

જ્યારે સવાર પડી ત્યારે કિલ્લાના એક ચોકીદારે ઉતાવળમાં આવી રાજા સમરસિંહના વિશ્રામગૃહમાં એક ચીઠ્ઠી મોકલી અને કિલ્લાની બહાર ભીંત પર એ ટાંગેલી તેણે સવાર પડતાં જ જોઇ હતી એમ કહી મોકલાવ્યું.

સમરસિંહે એ ચીઠ્ઠી વાંચી.

"શત્રુ !—તારા સેનાપતિએ મને યુદ્ધના કેદી તરીકે તારી સામે રજુ કરેલ, પણ હું રામગઢનો રાજા રામસિંહ છું એ તું ઓળખી ન શકયો એટલી પ્રભુની રામગઢ પર મહેર હવે હું ને મારી પુત્રી રમા કેદમાંથી નાસી રામગઢ જઇએ છીએ ! નવા યુદ્ધ માટે તૈયાર રહેજે—રામસિંહ"

સમરસિંહનો ક્રોધ હાથ રહ્યો નહિ. તેણે ત્રાડ પાડી "કોણ લાવ્યું છે આ ? તેને તરત બોલાવો."

ને એ ચોકીદાર રાજા સન્મુખ તુરત હાજર થયો.

"કયાંથી મળી આ ચીઠ્ઠી ? ક્યારે મળી ?"

"હમણાં જ—હું કિલ્લાના મુખ્ય દરવાજા પાસેથી જતો હતો ત્યાં ભીંતે વળગાડેલી આ ચીઠ્ઠી જોઇને તરત જ આપની હજુરમાં મોકલી."

"જા દોડ—એ કેદખાનાના ચોકીદારોને પકડીને હાજર કર—જા ! વિલંબ ન કર !"

એ ચોકીદાર દોડયો. સમરસિંહ ક્રોધથી સળગી રહ્યો હતો ! શત્રુરાજા હાથમાં આવ્યો હતો ને નાશી ગયો ! ચોકીદારોનાં માથાં વગર વિલંબે ધડથી જૂદાં કરી નાખવાં એવો દૃઢ ઠરાવ હાથની મુઠ્ઠીઓ વાળીને તથા હોઠ પીસીને તેણે મનમાં જ કર્યો.

ત્યાં રાજકુમારી વિજયવતી આવી !

" કાં શું છે પિતાજી !"

" પલાયન–તારી રમા ને તેનો બાપ પલાયન ! અરે ! એ તો રામગઢનો રાજા હતો ! મૂર્ખ ગમાર ચોકીદારો !"

" શું ત્યારે રમા રામગઢની રાજકુંવરી હતી ?"

" હા !"

ત્યાં તો કેદખાના પર પહેરો ભરતા બંને ચોકીદારોને રાજા સન્મુખ હાજર કરવામાં આવ્યા.

" કેમ ? આમ ચોકીદારી કરો છો ? તમારો અત્યારે જ વધ થશે."

" મહારાજ !" તેમાંના એકે કહ્યું " અમારો વાંક નથી. કિલ્લેદાર સાહેબની વીંટીને માન ન આપીએ તો તમે ધખો ને ?

" કિલ્લેદારની વીંટી ?"

" હાજી–રાત્રે બારેકને સુમારે એક બાઈ કિલ્લેદાર સાહેબની વીંટી દેખાડી કેદીઓને છોડાવી ગઇ. પછી અમારો શો ગુન્હો માબાપ ?"

" એમ ! અરે સુમનસિંહ !"

"મહારાજ !" સુમનસિંહે બહારથી દાખલ થતા કહ્યું.

" કિલ્લેદારને હમણાં જ–તારી સાથે જ અહીં લઇ આવ."

" હાજી " કહી સુમનસિંહ દોડયો.

" અજબ વાત છે વિજયવતી ! આ ભેદ હું સમજતો નથી. પંદર દિવસ પહેલાં પેલો પુષ્પસિંહ નાશી ગયો. એ ક્યાં ગયો તેનો પતો કોઇ પણ બાયલો અજયગઢવાસી નથી દેખાડતો. હવે આ બે ભાગી ગયાં ! પણ કિલ્લેદાર ગધેડો જ ને ? એમ વીંટી રખડતી રખાતી હશે ?"

ચોકીદારો અંદરથી ધ્રુજતા હતા.

એટલામાં સુમનસિંહ કિલ્લેદાર જયસિંહ સાથે દાખલ થયો.

"મુર્ખ! બેવકુફ! કિલ્લેદારી આ રીતે થાય? ક્યાં છે તારી વીંટી?"

જયસિંહ જાણતો હતો કે વીંટી ન્હોતી, છતાં બનાવટી ઢબે તેણે હાથની આંગળીઓ પર નજર ફેંકી ને ચમકયો હોય એવો દેખાવ કર્યો.

કઇ સ્ત્રીને આપી હતી? સાચું બોલ, કેદીઓને ભગાડનાર એક સ્ત્રી છે." સમરસિંહે બુલંદ અવાજે કહ્યું.

મહારાજ! થોડા દિવસ થયાં એક સ્ત્રી સાથે લગ્ન કરી મેં તેને કિલ્લામાં રાખી હતી. કદાચ તે હોય હાય! મને દગો દીધો!" જયસિંહે માથું ઢાળી કહ્યું.

"એક સ્ત્રી!" મહારાજા બરાડી ઉઠયા "રસ્તે ચાલતી સ્ત્રીને પરણ્યો હતો શું? ચાલ સરખો જવાબ દે—કોણ હતી એ સ્ત્રી?"

"મહારાજ!—પુષ્પા!

"પુષ્પા—એ કોણ વળી?"

"પુષ્પસિંહને વેષે ફરતી—!"

"હેં!"

"પુષ્પસિંહ એ જ પુષ્પા! બાપુ! એની સુંદરતા પર હું લોભાયો ને આજ આ દગો થયો!"

"નાલાયક! શત્રુ રાજ્યની સ્ત્રી સાથે લગ્ન? ને આ પ્રકારે છુપી રીતે? સુમનસિંહ! કિલ્લેદારને કેદ કરો ને બીજો કાંઇ પણ હુકમ થાય ત્યાં સુધી સખત કેદમાં રાખો."

"બાપુ! દયા કરો. મારો વાંક નથી!"

"અજયગઢને તેં દગો દીધો છે. ખરા રજપુતને માટે દેશદ્રોહ જેવો કોઇ ગુન્હો નથી. જા! લઇ જા એને સુમનસિંહ!"

ને તે પછી કેદખાનાના બે ચોકીદારો તરફ ફરી રાજાએ કહ્યું "જાઓ! તમે છૂટા છો, પણ હવે સાવધાનીથી વર્તો હવે મારા પોતાના હુકમ સિવાય કોઇ પણ કેદીને છોડવો નહિ."

" જેવો બાપુનો હુકમ " કહી એ બે પહેરેગીરો નમન કરી ચાલ્યા.

" ને જો સુમનસિંહ !" જયસિંહને લઇ જતા સુમનસિંહને રાજાએ કહ્યું " તું હમણાં જ જા અને દશ દશ સીપાઇઓની ટુકડીને ચારે દિશામાં દોડાવ. તું પણ એક ટુકડી સાથે જજે. ગમે તેમ પણ નદી પાર કરી જાય તે પહેલાં એ કેદીઓને પકડો. પકડનારને વંશપરંપરા વર્ષાસન મળશે.

" ભલે બાપુ ! હમણાં જ ગોઠવણ કરૂં છું. "

એ બે અદ્દશ્ય થયા ! રાજા સમરસિંહ વિજયવતી પ્રતિ જોઇ રહ્યો ને કહ્યું " બધી બાજી ઉંધી વળી ગઇ ! "

*

પ્રકરણ ૧૪ મું

સૌભાગ્યવતીને તીરે.

અજયગઢ અને રામગઢના શત્રુરાજ્યોને સૌભાગ્યવતી નામે નદી જોડતી. એ નદીની એક બાજુ અજયગઢ ને અન્ય બાજુ રામગઢ હતું. નાની હોવા છતાં પ્રમાણમાં એનો પટ પહોળો હતો. એ નદીનું અપભ્રંશ નામ 'સોભાગ' હતું અને કેટલાક રસિક જન "સોહાગ" નામે ઓળખતા.

એ નાની નદીને ડાબે કાંઠે અજગઢનો કિનારો હતો. હમણાં સુર્યોદય થઈ ચૂકયો હતો. સૂર્યનાં કિરણો વધુ ને વધુ પ્રખર થતાં હતાં. લીલાં વૃક્ષોનાં પાંદડાં પર સોનેરી ચમકાર આવજા કરી રહ્યો હતો. નદીને કીનારે એક હોડી બાંધી હતી, પણ તેનો માલિક ત્યાં ન હતો.

એટલામાં એ કિનારા પાસે અંબર અને રમા આવ્યાં. રમા છેક જ થાકી ગઇ હતી, લથડતી લથડતી ચાલી રહી હતી, પણ 'આશા' તેને નવું બળ પૂરતી.

"રમા!" અંબરે કહ્યું "હવે અહીં જરા વિશ્રામ લઇએ."

"હા" રમાએ જવાબ આપ્યો.

ને ત્યાં નદીને કાંઠે ઉભય બેઠાં.

સામેના વૃક્ષ પરનાં થોડાંક ફળો અંબર લાવ્યો ને ઉભયે તે ખાધાં. પછી નદીમાં હાથ ધોઇ પાણી પીધું, અને સ્હેજ સ્વસ્થ થઇ બેઠાં.

"રમા!" સ્વસ્થ થયા બાદ અંબરે ઉત્કટ પ્રેમભાવે રમાનો હાથ પકડી કહ્યું "હવે આપણે કોઇ દૂર દૂરના પ્રદેશમાં જઇશું. જ્યાં માનવની સત્ય પ્રેમ પ્રત્યેની બેદરકારીનું નામ માત્ર નહિ હોય એવા કોઇ સુન્દર નિર્જન પ્રદેશમાં આપણે જઇશું. ત્યાં મુક્તકંઠ, મુક્તપ્રાણ પ્રેમના ગુણગાનમાં જીવન વ્યતિત કરશું. એ એકાંત, સૌન્દર્યમય, પ્રેમપૂરિત પ્રદેશની તને રાજરાજેશ્વરી બનાવીશ અને હું થઇશ તારી પ્રેમાળ પુજારી પ્રજા! ત્યાં વાયુને સુસવાટે પ્રેમનાં મધુમધુર ગાન કર્ણપટે અથડાઇ રહેશે. કિલ્કિલ્ વહેતી સરિતાનો શબ્દ પ્રેમગાથા ગુંજી રહેશે. વૃક્ષને પ્રત્યેક પાંદડે 'પ્રેમ' વંચાશે. આકાશના સોનેરી રંગોમાં, સન્ધ્યાના આછા ગુલાબી પ્રકૃતિપટમાં, ઉષાની કમનીય ઉજ્જવલતામાં 'પ્રણય' 'પ્રણય' અને 'પ્રણય' જ વંચાશે. રમા! વ્હાલી! ચાલ! ચાલ! એ નિરવ, નિગૂઢ, નિર્જન, પ્રેમાનનાદિત રમ્ય પ્રદેશમાં ચાલ!"

એમ કહી તેણે ઉભરાતે અંતરે રમાનો હસ્ત ચુંમ્યો.

રમાના ગાલ પર લજ્જાએ રતાશ પૂરી. રતાશની એ રેખાઓ જોઇ સરિતા ઘડીભર થંભવા જેવું કરી એ રજપુત મુગ્ધાને જોઇ રહેલી લાગી.

અંબર રમા સામે જોઇ રહ્યો.

"અંબર ! વ્હાલા ! એક વાત કહું ?" રમાએ કહ્યું.

"અંબરના મનોરાજ્યમાં રમાને કશાનો પ્રતિબંધ નથી" અંબરે ઉત્તર વાળ્યો,

રમાએ ચારે બાજુ ભયની એક ધીમી નજર ફેંકી, અંબર સ્હેજ પાસે આવી ધીમે સ્વરે કહ્યું.

"અંબર ! મારા પિતા રામગઢના રાજા થાય !"

અંબર ચમક્યો ! શું પોતે રામગઢની રાજકન્યા મેળવવા ભાગ્યવંત થયો હતો ?

"રમા ! તો હું મને વધુ ધન્ય સમજું છું. રામગઢની રાજકન્યા અજયગઢના સેનાપતિની હૃદયરાણી થાય એ અજગઢનું ઓછું સૌભાગ્ય નથી."

ને તેણે રમાની પાસે આવી ઉંડા પ્રેમથી તેને એક ચુમ્બન લીધું. અંબરના વિશાળ વૃક્ષઃ સ્થળ પર, સુદૃઢ ભુજપાશમાં રમા ઘડીભર કેદી બની રહી.

"રમા ! પ્રિય ! તારા મનોરથ પૂર્ણ કરવા એ જ મારા જીવનનું ધ્યેય રહેશે. આજ હૃદયને સિંહાસને તારો રાજ્યાભિષેક કરૂં છું મારી દેવી ! અને તેની સાક્ષીમાં પ્રકૃતિ માતાનાં આ સુંદર પ્રેમાળ સંતાનો ઉષા, વાયુ, સરિતા એ સૌને સાક્ષી રાખું છું. તારો આનંદ એ મારૂં સ્વર્ગ, તારૂં હાસ્ય મારૂં ઇંદ્રાસન, તારી મધુર વાણી મારા જીવનનો પરમ ઉલ્લાસ, તારો પ્રેમ મારો મોક્ષ ! હા ! એ સર્વ આજ હું પામ્યો. હવે મને કશાની આકાંક્ષા નથી ! જગદીશ્વર ! જગનિયંતા ! આ સહચરી–આ જીવનસખિ પ્રતિ ભવ સાથે જ રહે એ સિવાય મારી અન્ય કશી યાચના નથી."

"વ્હાલા ! તમારા જેવા સહૃદયી વીર જગતમાં કેટલી રમણી પામે છે ! ધન્ય છે રમા–ધન્ય છે એનું જીવન કે અંબરની એ દાસી બની શકે. એને ચરણે બેસી નિરંતર પ્રેમામૃત પી શકે, એ વીરનરની પ્રેમભરી વાણીની સરિતામાં સ્નાન કરી સ્નિગ્ધ થાય. પ્રાણવલ્લભ ! સૃષ્ટિનું પ્રાકૃતિક સાન્દર્ય, માનવહૃદયમાં અમૃત સમો સ્નેહ અને મનુષ્યાત્મામાં વસતી નિર્મલ ભાવનાઓ; એ વસ્તુઓ પામી તેનો યોગ્ય ઉપભોગ કરનારનું જીવન સફળ છે. પ્રાણેશ ! મારી જીવનઆશા ! તમે મને સદાકાલ તમારા હૈયાના સ્નેહ સરોવરમાં ન્હવડાવજો, અને મારા હ્રદડાના સરોવરમાં તમે રમણ કરજો. આપણે ઉભય સ્નેહને પૂજશું, સ્નેહનાં વ્રત પાળીશું અને આપણા જીવનને સ્નેહમય બનાવીશું.

"રમા ! જીવન ! આપણા બે આત્માનો સંયોગ સ્નેહધર્મને વિકસાવશે અને ગૃહસ્થાશ્રમબાની નિકુંજમાં અનેરી સુવાસ મ્હેકાવશે. હૃદયેશ્વરી ! રમા ! તને પામી હું સમસ્ત બ્રહ્માંડ પામ્યો છું.

ને એમ કહી તેણે ફરી વાર રમાનો હસ્ત ઉછળતા પ્રણયથી ચૂમ્યો. એ બે પ્રેમીઓ પળવાર એક બીજાની સામે સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યાં. એ પરસ્પર દૃષ્ટિપાતે પ્રણયની અનેક ગૂઢ વાતો કરી લીધી, અનેક ગહન પ્રેમસૂત્રો ઉકેલ્યાં. પાસેના વૃક્ષ પર છૂપાયેલી કોયલ "ટુહુ ટુહુ" કરતી અટકી ગઇ, આ પ્રણયી યુગલને નીરખી રહી. ભૂરા આકાશમાં સરી જતી અર્ધ સોનેરી વાદળી ઘડીભર સ્થંભી જઇ આ સ્નેહાળ કાન્ત અને કાન્તાને અનિમિષ નયને નિહાળી રહી.

પણ તેટલામાં દૂરથી ઘોડાઓના દાબડાનો અવાજ સંભળાયો ! રાજાના સિપાઇઓ તો નહિ આવતા હોય ?

અંબર સાવધ બન્યો. ઉભય ઉઠીને ઉભાં થયાં.

"કોણ હશે ?" રમાએ સ્હેજ ગભરાટમાં પૂછ્યું.

"ભય નથી. અંબર આવા પ્રસંગો માટે ટેવાયેલો છે." અંબરે હિંમત આપતાં કહ્યું.

ને એ અવાજ પાસે ને પાસે આવતો ગયો, થોડીવારમાં વૃક્ષોની ઘટામાંથી અશ્વ પર બેઠેલ રામસિંહ અને પુષ્પા નજરે પડયાં.

રમા નિસ્તબ્ધ થઇ ગઈ! તેનો પિતા!

રામસિંહ રમાને જોતાં અશ્વ પરથી કુદી પડયો, અને એક ક્ષણમાં રમાની પાસે આવી બોલ્યો "રમા! પુત્રી! કયાં હતી? તું પુષ્પા! મેં ન કહ્યું કે પિતાપુત્રીનો પ્રેમ તું સમજી શકે નહિ? એ પ્રેમ ગમે તે દશામાં પણ અમને વિખુટાં ન જ પાડી શકે."

ને એ પિતાપુત્રી ભેટી પડયાં! રામસિંહને સ્વર્ગ મળ્યા જેટલો આનંદ થયો.

ભેટયા બાદ તેમણે અંબર પ્રત્યે તિરસ્કારની એક દૃષ્ટિ ફેંકી. "તમે અહીં શા માટે?"

"આપની પુત્રીની રક્ષા અર્થે મહારાજા!"

રામસિંહ ચમકયો! પોતે રામગઢનો રાજા છે એ વાત અંબરે કયાંથી જાણી?

"ક્ષમા કરજો-તમે શત્રુ છો. તમારો હું વિશ્વાસ નથી કરી શકતો. રમા! ચાલ! આ હોડી રહી. ચાલ આપણા રાજ્યમાં!"

રમાએ અંબર પ્રતિ અને પછી યાચના કરતી આંખોએ પિતા તરફ જોયું. જાણે કહેતી હોય કે "અંબર વિના રમા કયાં જાય! ચંદ્ર વિના રજની કેમ સોહાય?"

"ચાલ! ઉભી શા માટે છો? વખત ન ગુમાવ."

"એ નહિ આવે અંબરને લીધા વિના નહિ આવે" પુષ્પા બોલી "એ અને અંબર પરસ્પર પ્રેમથી-"

"શું?" રામસિંહ બરાડી ઉઠયો "શત્રુ પ્રત્યે પ્રેમ? ને તે પણ રામસિંહની પુત્રીના હૃદયમાં? કહે–કહે–રમા! શું તું ખરેખર મારી જ પુત્રી છે? મને વિશ્વાસ નથી આવતો! રામસિંહની પુત્રી આવી હોય?"

રમા શરમાઇને નીચું જોઇ રહી. તેની આંખમાંથી ઉન્હાં ટીપાં ખરી રહ્યાં!

"મને કેદ કરનાર આ નરાધમ તારો પ્રેમી થાય? તને પરણે? નહિ–નહિ. તે પહેલાં હું તારૂં ગળું દાબી તને મારી નાખવી બ્હેતર ધારીશ. રામગઢ અજયગઢ સાથે કદી ન જોડાય! મારી સાત પેઢીની ટેકને આજ તું ચૂકાવી રહી છો રમા! ચાલ! આ અધર્મીનો વિચાર તજી દે."

અંબરનો હાથ તલ્વારની મુઠ પર ગયો. "મુરબ્બી! વિનથી બોલો. હું રજપુત છું. મેં મારૂં હૃદય આપની પુત્રીને આપીને તેના બદલામાં એનું હૃદય મેળવ્યું છે. રજપુત બચ્ચો કદી ભીખ માગતો નથી,"

"પણ રામસિંહ પોતાના બાપ દાદાઓનું વેર પોતાની પુત્રી શત્રુને આપીને લ્યે એવો મુર્ખ નથી. રામગઢનું રત્ન રામગઢમાં જ વરશે, કે અન્ય મિત્રરાજ્યમાં વરશે, અજયગઢમાં ન જ વરે. તારી વીરતા તારી પાસે રાખ. હું ફરીવાર અજયગઢ પર હલ્લો લઇ આવનાર છું ત્યારે કામ લાગશે."

એ સાંભળતાં અંબરે મ્યાનમાંથી તલ્વાર કાઢી. સૂર્યના પ્રખર પ્રકાશમાં એનું પાનું ચમકી રહ્યું!

"ન ખમાય તો આવ. જોઇ લે મારો હાથ" કહી રામસિંહે પોતાના અશ્વની સવારી સાથે બાંધેલી તલ્વાર છોડી.

"અરે પિતા! પિતા! આ શું કરી રહ્યા છો? જેણે મને કેદમાંથી છોડાવી તેની હત્યા કરવા તમે તત્પર થયા છો?"

"ચૂપ!" રામસિંહે ત્રાડ મારી કહ્યું "શત્રુ શત્રુ જ છે; અને શત્રુ સામે ખરો રજપુત શાન્ત ન જ રહી શકે!"

"ત્યારે આવી જાઓ." અંબરે કહ્યું.

"ભલે!" રામસિંહે જવાબ વાળ્યો ને મ્યાનમાંથી નીકળેલી તેની તલ્વાર અંબરની તલ્વાર સામે ઝગમગી રહી.

"અંબર! અંબર! તમે શું કરી રહ્યા છો? ઘડી પહેલાંની તમારી કોમળતા, તમારો પ્રેમ, તમારા હ્રદયની આર્દ્રતા કયાં ગયાં?"

"રમા! રજપુતના જીવનની ઢાલને બે બાજુઓ હોય છે. એક બાજુ કોમળ હ્રદયની. આ બાજુ પ્રેમ, મીઠાશ ને કોમળતાના રંગે રંગાયેલી હોય છે. આ બીજી બાજુ તિરસ્કાર, કટુતા અને વજ્રતાના રંગે રંગાયેલી હોય છે. હું રજપુત છું. અપમાન મારાથી નહિ જ સહાય."

"હાય વિધાતા!" રમા રડી પડી.

"ચાલ–તૈયાર થા. રામસિંહે પહેરણની બ્હાંયને વળ દઇ ઉંચે ચઢાવતાં કહ્યું.

"અંબરની તલ્વાર સદા જાગતી જ છે."

ને બે તલ્વારો એક ક્ષણમાં એક બીજી સાથે અથડાઇ. વિજળી સમા તણખા તેમાંથી ઝરી રહ્યા હોય એવો ભાસ થયો. સૂર્યના તાપની પ્રચંડતામાં એ તણખાનો ચમકાર દ્વિગુણિત થયો.

"નહી" બે તલ્વારોની વચ્ચે રમા આવી ઉભી "તમને નહિ લઢવાં દઉં. લડતા પહેલાં મને મારી નાખો. મારી નજર સામે આવું અમાનુષી વર્તન નહિ જ ચલાવાય. જોઉં કે પિતા અને પતિમાં કોણ વધારે કઠોર છે! કોણ પહેલી તલ્વાર મારા પર ચલાવે છે?"

"રમા—આઘી ખસ" રામસિંહ બોલ્યો "છોકરમતી ન કર."

પણ એટલાગાં તો દૂરથી ઘોડાના દાબડા સંભળાયા. એક

નાની શી ટુકડી એ તરફ આવતી હોય એમ અવાજ પરથી જણાતું હતું.

સૌ સાવધ બન્યા. રામસિંહે ધારી લીધું કે રાજા સમરસિંહના માણસો જ હોવાં જોઇએ. અંબરે પણ એમ જ ધાર્યું.

ને અંબરનું હૃદય એ વિચારે દ્રવ્યું. તેની પ્રિય રમા ફરી કેદમાં! ક્ષણ પહેલાંની કઠોરતા એકદમ પીગળી ગઇ. હૃદયમાં દયાનો ભાવ ને પ્રેમનું ઝરણ વહી રહ્યાં!

હા! આ વખતે ખરેખર રમાને બચાવવીજ જોઇએ.

"વડીલ" અંબર વૈરભાવ ભૂલી જઇ બોલ્યો "આ હિસાબ આપણે અન્ય કોઇ વખત કરશું. હમણાં તો આપ રમા તથા આ બાઇ સાથે હોડીમાં જાઓ ને સામે પાર પહોંચી જાઓ. હું રાજાના સીપાઇઓ સાથે લડીશ ને તેમને રોકી રાખીશ. તમે એ દરમ્યાન સામે પાર પહોંચી જશો.

"અંબર! અંબર! શું આ સત્ય કહે છે?" રામસિંહ માની ન શક્યો.

"હા વડીલ! પણ વિલંબ ન કરો,"

"તો મને માફી આપ. મેં તને અણછાજતાં વચન કહ્યાં છે. અજયગઢ સાથે મારે શત્રુતા છે, પણ અંબર સાથે નથી."

"એ બધું પછી. જાઓ ઝટ!"

ને તેઓ ત્રણે હોડીમાં બેઠાં. અંબરે કિનારે બાંધેલી ગાંઠ છોડી ને હોડી નદીના પટ પર સરતી થઇ!

ત્યાં તો દશ સીપાઇની ટુકડી અંબર સામે આવી લાગી. એ ટુકડીને મોખરે સુમનસિંહ હતો!

"કોણ અંબર! દુશ્મનો પેલી હોડીમાં જાય છે ને તમે અહીં સ્થિર કેમ ઉભા છો?"

"સુમન! રજપુતને સત્ય પ્રિય હોય છે. મેં જ તેમને નસાડયાં છે. આવો, પહેલાં તમે બધા મારી સાથે લડો. મને મારીને પછી અહીંથી આગળ વધો ને પછી હોડીનો પીછો પકડો."

"દેશદ્રોહી! નરાધમ!" સુમનસિંહે ક્રોધથી કહ્યું" શું અજયગઢ જેની વીરતાને પૂજતું હતું એ જ તું અંબર? ના–ના કદી ન હોય."

"એનો જવાબ મારી આ તલ્વાર આપશે" અંબરે તલ્વારનું પાનું હવામાં વીંઝીને કહ્યું.

"સાવધ!" સુમનસિંહે સીપાઇઓને કહ્યું ને પળવારમાં લડાઇ શરૂ થઇ. અંબર એકલો એ અગીયાર વચ્ચે ઝઝુમી રહ્યો! તેમાંના ત્રણને પુરા કર્યા તેને પોતાને બે ઘા વાગ્યા હતા.

ને જ્યારે તેણે જોયું કે હોડી સામે કાંઠે રામગઢના રાજ્યમાં પહોંચી ત્યારે તલ્વાર ફેંકી દઇ તેણે કહ્યું "હું શરણે આવું છું. મને કેદ કરો!"

ને પળવારમાં સીપાઇઓએ તેણે ઘેરી લઇ કેદી બનાવ્યો!

*

પ્રકરણ ૧૫ મું

રાજ્ય દંડ.

રાજા સમરસિંહે સમસ્ત જીવનમાં આવી હીનતા કદી અનુભવી ન્હોતી. ખુદ શત્રુ રાજા, અને તેની કન્યા તેની મુઠ્ઠીમાં અવ્યાં હતાં. વિધિએ કોઇ વિચિત્ર માર્ગે–કોઇ અણધારેલે માર્ગે–એ મુઠ્ઠીમાંથી તેમને અદસ્ય કરી દીધાં!

તેનું સમસ્ત શરીર ક્રોધથી સળગી ઉઠયું હતું. રોમરોમ ક્રોધની ઉષ્ણુતા, વૈરની ચીણગારી, પ્રદીપ્ત થઇ હતી. જીવનમાં

તેણે હાર જોઈ ન્હોતી, વિજય જ નિરખ્યો હતો, એટલે આજ આ હાર તેના અંતરને વીંધી નાખતી હતી. કિલ્લેદાર જયસિંહને તો મૃત્યુથી કોઇ વધારે ક્રુર સજા આપી શકાય એમ હોય તો એ શોધી કાઢીને આપવાનો મનમાં ને મનમાં એ ઠરાવ કરતો હતો.

વિજયવતી પાસે જ હતી, તેના પિતાને સાંત્વન આપતી, પણ સમરસિંહના ક્રોધની જ્વાળા એટલી પ્રચંડ હતી કે એ સાંત્વનજળ નકામું નિવડયું.

અને ખરૂં પુછો તો વિજયવતી અંતરમાં પ્રભુનો પાડ માનતી હતી. રમા અજયગઢના રાજ્યમાંથી દૂર થઈ એ તેને આશીર્વાદ સમાન થઇ પડયું. હવે અંબરને પોતાનો કરવાનાં સુન્દર આશાચિત્રો તેના અંતરપટે અંકિત થવા લાગ્યાં. અંબર જતે દહાડે રમાને ભૂલશે, તેના પ્રતિની પોતાની સતત્ પ્રેમભક્તિ, સતત્ યાચના એને જરૂર વશ કરશે ને પોતે અંબરને પામી શકશે. આ સૌ વિચારની આછી રેખાઓના કાલ્પનિક દર્શન માત્રે વિજયવતીનું હ્રદય કૂદી ઉઠતું.

તેણે પોતાના પિતાને ભોજન કરવા સમજાવ્યા, કારણ મધ્યાન્હનો સમો થયો હતો, પરંતુ સમરસિંહનો ક્રોધ એવો જ હતો. આજ પોતાનું જીવન જૂદું જ જણાયું. રાજા પોતાને એક રાજાને બદલે સત્તાહીન, દીન ભીખારી કલ્પવા લાગ્યો. ભીખારી પણ પોતાના શત્રુને ન છોડત. ને શત્રુ એની પાસેથી છૂટી ગયા! કેવી દયાજનક સ્થિતિ? મનુષ્યની કેવી અલ્પ શક્તિ? અંહભાવનું કેવું મિથ્યા સત્વ?

તે વારંવાર સીપાઇને બોલાવતો ને કશા સમાચાર આવ્યા કે નહિ તે પૂછતો. સીપાઈ ડરતાં ડરતાં "ના મહારાજ? હજી કોઇ આવ્યું નથી" એમ કહેતો ત્યારે તેના ચક્ષુઓમાંથી ક્રોધના ઝીણા પણ ઉગ્ર તણખાઓ ઝરી રહેતા.

અંતે બપોરે એક વાગ્યે સીપાઇ દોડતો આવ્યો. "મહારાજ?

સુમનસિંહ આવ્યા છે; બહાર ઉભા છે. મળવા માગે છે. અંબરને કેદ પકડી લાવ્યા છે."

"અંબરને?" રાજા આશ્ચર્યચકિત થયો. કાંઇક નવીન, પણ તેના હૃદયને ચોંકાવે એવી ઘટના બન્યાની કલ્પના કરી લીધી.

"જા, સત્વર દાખલ કર." રાજાએ અતી ઉત્સુકતાથી કહ્યું.

સીપાઇ ગયો. સમરસિંહની આંખો બારણા પર જ ઠરી હતી. અંબરનો હાથ ઝાલી સુમનસિંહને આવતો તેણે કલ્પી લીધો. જાણે અંબર કોઇ દોષમાં આવ્યો હતો. તે આવતાં વેંત જ રાજાને પગે પડયો ને ક્ષમા માગવા મંડયો, પણ રાજાએ ક્રોધથી—

પણ એ વિચારમાળા તૂટી. બારણાની પેલી બાજુ છેક પાસે જ રજપુત યોદ્ધાનું ભારે પગલું પડે એવાં પગલાં સંભળાયાં સમરસિંહ ક્રોધને વધારે સતેજ કરી આસન પર વધુ ઉગ્રભાવે બેઠો.

સુમનસિંહ આવ્યો. તેની પાછળ બે સીપાઇઓના તાબામાં અંબર હતો. તેણે નીચું જોયું હતું.

"મહરાજ! શત્રુ રાજા રામસિંહ, તેની કન્યા અને પુરૂષવેશે ફરતી પેલી સ્ત્રીને નદી કિનારેથી સામે પાર નસાડનાર આ દેશદ્રોહી અંબર છે. અમે તેમને પકડત, પણ અંબરે અમને રોકી રાખ્યા, અમારા પર તલ્વાર ચલાવીને શત્રુને નાશી જવામાં મદદ કરી."

"શું! તારૂં દેશદ્રોહીપણું આટલી હદે પહોંચ્યું? અજયગઢનું મોં કાળું કરતાં તને લાજ ન આવી? જે દેશની માટીમાં તું રમ્યો છો તે દેશની માટી પર પગ દઇ ફરતા શત્રુઓને સહાય્ય કરવાનો વિચાર સરખો પણ તને કેમ આવી શકે? બાયલા! તું રજપુત નથી. હું ખરેખર આંધળો હતો કે મેં તને મારો સેનાપતિ બનાવ્યો."

"મહારાજ!" અંબરે સ્હેજ ઉંચું જોઇ કહ્યું. "પ્રભુ

મનુષ્યને જે અધિકારે મુકે છે તેવું હૃદય સર્વદા નથી આપતો, એટલું જ ખેદજનક છે. તે રાજાને કોઇ વાર ભીખારી જેવું અને ભીખારીને રાજા જેવું હૃદય આપી દયે છે."

"એટલે?"

"એટલે એ જ કે તમે રાજા હોવા છતાં મારા હૃદયનો પ્રેમ ન પારખ્યો. હું એ શત્રુરાજાની કન્યાને સ્વયં મારા આત્મા કરતાં અધિક ઝંખું છું. તમે મને એ યોગથી વંચિત રાખવાની કૃપણતા બતાવી, તમે રાજા થઇ ભીખારી જેવું હૃદય દેખાડયું, અને મેં સેનાપતિપદેથી બાતલ થયા પછી પણ, અધિકારહીન ભીખારી જેવો બન્યા પછી પણ, એ શત્રુકન્યા, જેને હું પ્રાણથી અધિક ઝંખું છું" તેને અને તેના પિતાને ઉદારતાથી નસાડયાં. તેઓ સહીસલામત પોતાના રાજ્યમાં પહોંચે તે ખાતર હું મારા જ દેશના યોદ્ધાઓ સાથે લડયો. કદાચ હું તેમાં પ્રાણ પણ ખોઇ બેસત. કહો, શું ભીખારી જેવી સ્થિતિમાં પણ મેં રાજા જેવુ હૃદય ન્હોતું દાખવ્યું?"

"ચૂપ! તારી બુદ્ધિ મારી ગઈ છે. દેશાભિમાનને–રજપુત ધર્મને–તું ભીખારીના હૃદયની ઉત્પત્તિ ગણે છે અને દેશદ્રોહને રાજાના હૃદયની પેદાશ ગણે છે? ધિક્ છે! શરમ છે! તેં સમસ્ત રજપુતજાતિને આજ કલંક લગાડયું છે. તેમની વીરતાના, તેમના શૌર્ય ને દેશાભિમાનના ધર્મના, સુવર્ણાક્ષરે લખાયેલા ઇતિહાસને તેં આજ શ્યામ કીધો છે."

"મહારાજ! મેં તેમને નસાડયાં એ મારો ગુન્હો હશે ખરો–રે! છે જ–પણ હું પુછું કે શું આ જગતમાં તમારા હૃદયનું, તમારી આશા ને ઇચ્છાનું અને તમારા સ્નેહનું મુલ્ય છે અને મારા હૃદયનું, મારી વાંચ્છનાઓનું ને મારા સ્નેહનું કશું જ મુલ્ય નથી? હું જેને ચાહું–જેને ઝંખું તેને પામવાનો શું મને અધિકાર નથી?"

"ખરો રજપુત જન્મભૂમિ કરતાં વધારે કોઇને નથી ચ્હાતો–પણ નામર્દ! તું રજપુત જ કયાં છો? અજયગઢ તારી માતૃભૂમિ જ

ક્યાં છે? બોલ—દેશદ્રોહી! જાતિદ્રોહી! ધર્મદ્રોહી! તને શી સજા કરૂં? મારા અંતરની કઠોરતાનો આખો પ્રદેશ ખૂંદી વળ્યા છતાં તારે યોગ્ય સજા મને મળતી નથી."

"સજાને માટે હું તત્પર છું. પરંતુ પ્રભુ! અજયગઢપતિ! ભુલો માં કે મેં અંતરના આદેશને–આત્માના અવાજને–માન આપ્યું છે. અંતરદ્રોહ નથી કીધો–હૃદયને નથી ઠગ્યું, આત્માને નથી અવગણ્યો, બીજો ગમે તે દ્રોહ કીધો હોય."

"તારૂં મૃત્યુ જ આવી લાગ્યું છે, નહિ તો આ ઉદ્‌ગારો તું ન કાઢે. જે અંબરે અજયગઢ માટે બે બે વાર સમરભૂમિ ખૂંદી, પોતાની તલ્વારનો સ્વાદ શત્રુઓને બે બે વાર ચખાડી અજયગઢનું મુખ ઉજ્જવલ કીધું તે જ અંબર આજ શત્રુઓને નસાડે ને એ કાર્યને અંતરનો આદેશ ગણાવે એ વિનાશકાળની મતિ નહિ તો બીજું શું?"

"આપો રાજન્! વિનાશદંડ સત્વર આપો. હૃદયનો સુક્ષ્મ સ્નેહ બાહ્ય દુ:ખને લાવ્યા વિના નથી રહેતો એ સત્ય આજદિન સુધીનો જગતનો ઇતિહાસ કહી રહ્યું છે ને એના ભણકારા હવે મારા કાનમાં વાગી રહ્યા છે."

રાજા સમરસિંહ વિચાર કરી રહ્યો. આસનના હાથ પર બે વાર હાથની મુઠ્ઠીઓ વાળી પછાડી. નેત્રો વધુ રક્તવર્ણ થયાં. જગતમાં વધારેમાં વધારે ક્રુર કઇ સજા હતી?

ને તેના ક્રોધથી ભભૂકતા અંતરે સજા શોધી કાઢી. અંબરની આગલી સેવાઓ અંબરનો શુદ્ધ સ્નેહ–અંબરનું નિખાલસ હૃદય; સૌ રાજાના ક્રોધની આગમાં બળીને ભસ્મ થઇ ગયાં હતાં.

"જા! તું કેદમાં–સાત દિવસ ને સાત રાત સુધી તને અન્ન કે જળનું ટીપું નહિ મળે. જીવ તો તારાં નસીબ! જીવવાની

બહુ ઉત્કટ લાલસા થઇ આવે તો જેને તેં મદદ કરી છે તે શત્રુરાજાને બોલાવજે!" રાજાએ કટાક્ષમાં કહ્યું.

"પિતાજી!" વિજયવતી જે અત્યાર સુધી ધડકતી છાતીએ આ સર્વ સાંભળી રહી હતી તેણે કહ્યું." અંબરની આગલી સેવાઓ ન ભૂલો. અજયગઢ તેનું ઓશીંગણ છે. એ સેવાઓ તેની સજામાં ઘટાડો ન કરાવે? કાંઈ નહિ તો તેનું આ ઘાતક ને અતી કઠોર દયાહીન સ્વરૂપ ન ફેરવાવે?"

"ચૂપ! તે દિવસે જાહેર સભામાં જ આ દેશદ્રોહીનો અંત આવત–મારી કટારી એવા જાતિકલંકીનો અંત લાવવાનું પુણ્ય પામત, પણ તેં મારો હાથ પકડયો! આજ પાછું એનું એ જ! જાઓ, અમલ કરો મારા હુકમનો!"

ને સીપાઇઓ તથા સુમનસિંહ અંબરને લઇ ચાલ્યા. સમરસિંહ ધગધગ સળગતા ક્રોધે એ જોઇ રહ્યો. વિજયવતી ધડકતી છાતીએ–રડતે હૃદયે, ધ્રુજતે શરીરે રાજાની એ ક્રોધભરી આજ્ઞા સાંભળી રહી અને અકથ્ય વેદના અનુભવી રહી!

*

પ્રકરણ ૧૬ મું

આદર્શ સ્નેહ

રમા પોતાના પિતા સાથે રામગઢ પહોંચી. રામસિંહે તો ત્યાં પહોંચી. યુદ્ધની તૈયારી કરવા માંડી, વિખરાયેલા સૈનિકોને તેણે એકઠા કરવા માંડયા.

કિન્તુ રમા–વિરહિણી રમા–દિનરાત વ્યાકુળ રહેતી. અંબર ન્હોતો–જીવનની જ્યોતિ નહોતી. જીવનપથ વિરહના શ્યામ અંધકારથી છવાયેલો હતો.

રામગઢના રાજમહેલની પાછળ એક બહુ મોટો યે નહિ અને બહુ નાનો યે નહિ એવો બગીચો હતો. એમાં એક નાનું સ્વચ્છ તળાવ હતું. એ તળાવની પાળે અત્યારે રમા ગહન વિચારમા બેઠી હતી.

સન્ધ્યાના ગુલાબી ને સોનેરી મિશ્ર રંગો તળાવના જળપટ પર ખેલી રહ્યા હતા. ધીરા વાયુથી ક્વચિત્ તળાવમાં નાની શી તરંગાવલી જાગતી ને કિનારે આવી નાશ પામતી. જાણે ક્ષણિક માનવજીવન–માનવલાલસા–માનવ મિથ્યાત્વ !

રમાએ ઉંડો નિશ્વાસ નાખી વ્યોમ પ્રતિ જોયું. પછી એક દર્દભરી નજર તળાવના શાન્ત પટ પર નાખી.

ત્યાં સન્ધ્યાના સુન્દર રંગો ચિત્રિત્ થયા હતા? રમાની કલ્પના જાગી ઉઠી, અંબર પ્રત્યેનો ઉત્કટ પ્રેમભાવ વિકસિત થઇ ઉઠયો. ને એ તળાવના પટ પર તેની કલ્પનાએ અંબરની મૂર્તિ જોઇ. પાણીદાર અશ્વ પર સેનાપતિને વેષે એ વીર રજપુત બેઠો હતો. રમા ઘડીભર એનું દૈવી પ્રભાવવતું મુખ, એની પ્રચંડ કાયા, એનાં સુદૃઢ ગાત્રો, અને એના વિશાળ બાહુ જોઇ રહી. એના જમણા હાથમાં ભાલો હતો. હા ! એ જ વીર ! રમાના નિર્લેપ હૃદય પર પ્રેમનું લેપન કરનાર, રમાની હૃદયવીણાના તારને બજાવનાર એ રસિક વીર હતો.

તેણે બે હાથ લંબાવ્યા—જળપટને સ્પર્શવા જેવું કર્યું.

એટલામાં વાયુની જલપટ પર તરંગાવલી ઉઠી. એ મિશ્ર સોનેરી ને ગુલાબી રંગો ખંડિત થતા લાગ્યા. હાય! રમાની કલ્પિત મૂર્તિ વીંખાઇ ગઇ! નિષ્ઠુર વિધાતાએ કુદરતનું—વાયુલહરીનું રૂપ લઇ રમાની મનોકલ્પનાએ રચેલાં અતિ સુન્દર સ્વપ્નનો નાશ કીધો.

"અંબર : પ્રિય ! કઠોર છે જગત આખું-કઠોર માત્ર તમારા વિના સમસ્ત સંસારને પ્રકૃતિ પણ નિષ્ઠુર છે. અંબર : રમાના જીવન ! અજયગઢમાં તમારી શી દશા હશે? રે? તમે અમને બચાવવા તમારા જ સીપાઇઓ સાથે લડયા ! તમારૂં શું થયું હશે?"

ને ક્ષણવાર તેણે કલ્પના કરી કે અંબર લડતાં, લડતાં ઘવાયો તેને સીપાઇઓ ઘાયલ સ્થિતિમાં રાજા પાસે લઇ આવ્યા !

ને તેની એ અશુભ કલ્પના આગળ વધી. અંબરનો ઘા ઉંડો હતો ? એ બચે તેમ ન્હોતું, તે તેણે "રમા રમા" ઉચ્ચારતાં-

ને અંબરના મૃત્યુને વિચારે રમાની આંખે અંધારા આવ્યાં, માથું ફરવા માંડયું. તેણે બે હાથે આંખો ઢાંકી દીધી. તળાવની પાળ પરના ઉચા ઓટલાનો ટેકો એણે તે વખતે ન લીધો હોત તો એ પડી જાત !

" હાય હાય ! રમા કેટલી કઠોર—તમને છોડી આવી—તમારા મૃત્યુના કારણરૂપ થઇ તમને દુઃખ સિવાય કંઇ જ આપી ન શકી ! હા ભયંકર દુઃખ ? ભયંકર વ્યથા ! નિષ્ઠુર વિધિની સનાતન કઠોરતા ! અંબર પ્રિય હું તમારી સાથે જ આવું છું. "

ને એ લથડતે પગલે ચાલી--મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે આજે રાત્રે જ્યારે રજનીની શ્યામતા હેઠળ રામગઢ આખું નિદ્રાધીન હોય ત્યારે અજયગઢ ફરી વાર જવું. જગતનો કોઈ ભય, વિશ્વની કોઇ બાધા, વિપત્તિનો કોઇ વિચાર હવે રમાને અટકાવી શકે એમ નહોતાં. એનો નિશ્ચય દૃઢ હતો—એનો પ્રેમભાવ અખંડ હતો—એનો સ્નેહ આદર્શ હતો ?

* * *

એ જ રાત્રિએ જ્યારે સમસ્ત રામગઢ શાન્ત ભાવે નિદ્રાવશ હતું ત્યારે રમા પોતાના ખંડમાં જાગતી બેઠી હતી. ચાંદીની દીવીમાં

ઝીણો દીવો ટમટમતો હતો. એ ઝીણી જ્યોત જાણે રમાના ભગ્ન હૃદયની–રમાના હતાશ અંતરની ટમટમતી પ્રેમજ્યોત! એ જ્યોતને પ્રદીપ્ત રાખનાર આશા હતી! અને એ જ આશા ધારી એ અંબરને નિરખવા જતી હતી. અંબરને વિપત્તિમાંથી છોડવવા પ્રાણ આપવો પડે તો તે પણ આપવાનો સંકલ્પ કરી તે અહીંથી હવે પ્રયાણ કરનાર હતી.

તે એક નિશ્વાસ નાખી ઉભી થઈ. ચારે તરફ નજર ફેરવી. શું આ ખંડને એ ફરી વાર નહિ નીરખી શકે? રામગઢની આ પ્રિય ભૂમિને, રામગઢની એ પૂનિત પૃથ્વિધૂલિને શું એ ફરી વાર નહિ સ્પર્શી શકે? કોણ કહી શકે?

ભારે હૃદયે પાસેના આરસના આસન પર બેસી એક કાગળ પર તેણે નીચે પ્રમાણે લખ્યું.

"પ્રિય પિતા."

જાઉં છું! ક્યાં તે તમે કલ્પી જ લીધું હશે. અજયગઢને જીતો તો તમારી પુત્રીને ત્યાં શોધજો. બાળકબુદ્ધિ માટે ક્ષમા?

લી: હીનભાગી પુત્રી **રમા**"

તેણે એ ચીઠી ફરી વાર વાંચી જોઇ, ઉથલાવી ઉથલાવીને વાંચી.

રે! તેનો પિતા તેને વિશે શું ધારશે? એ પત્ર વાંચી તે તેને કેવો ફિટકારશે? એક રજપુત સ્ત્રીને અણછાજતું કાર્ય એ કરી રહી એમ એ ધારશે.

તેણે એ ચીઠી ફાડી નાખવા હાથની આંગળીઓ વચ્ચે પકડી એ કાગળને ઉંચો કર્યો ને એના ચીરેચીરા કરવાનો વિચાર કર્યો.

પણ ના–તે અટકી!

કેમ?

દીવાની જ્યોતમાં કાગળના શ્વેત પટ પર તેને અંબરની મૂર્તિનાં દર્શન થયાં! એ જ! એ જ! એ જ અંબર! તેને અને તેના પિતાને બચાવવા પ્રાણની પણ કિંમત ન ગણનાર, ઉદાર નરવીર અંબર! એ જ અંબર! રમાનો પ્રાણ–રમાનું જીવન–રમાનો સંસાર, રમાનો પ્રભુ! જાણે એ પોતાને બોલાવી રહ્યો હોય એમ રમને લાગ્યું. જાણે એ કહેતો હોય કે "પ્રાણ સાટે પ્રાણ. સ્નેહ સાટે સ્નેહ, હૃદય સાટે હૃદય અને જીવન સાટે જીવન હોવું જ ઘટે, માટે રામગઢની મુગ્ધા રાજકન્યા! અંબર તેને ભૂલી શકે એમ નથી એ ન ભૂલી જા."

"ના, નહિ ભૂલી જાઉં" રમાએ કલ્પનામાં જ જવાબ આપ્યો.

દિવાની બાજુએ ઉડતો એક પતંગ એ કાગળના પટ પર આવી બેઠો. હા! જીવને સ્નેહ માટે હોમનાર પતંગ! શું રમા તેના કરતાં પણ નપાવટ હતી કે સ્નેહ સાટે સ્નેહ ને જીવન સાટે જીવન ન આપે?

તે ઉઠી. કાગળને શય્યાના તકીયા હેઠળ અર્ધો ખુલ્લો મુકયો.

ને પછી દબાતે પગલે બહાર નીકળી. બહાર વ્યોમપટમાં ઝળકતા તારાઓ રામગઢની એ આદર્શ સ્નેહવતી કન્યાને અભિનંદન અર્પી રહ્યા! વાયુએ સ્નેહનાં ધેનગીત ગાયાં–ચાંદનીએ એ સુન્દરીના પ્રેમપથમાં ચમકતી જ્યોત્સના વેરી! ચંદ્રે શીતળતાની અમૃત સમી ફરફર પૃથ્વીપટે વરસાવી!

નિષ્ઠુર વિધિ આ બધો આડંબર જોઇ કઠોર ભાવે હસી રહી!

*

પ્રકરણ ૧૭ મું

રામગઢના ગઢ બહાર

સવાર પડી: આજે રામગઢના વીર સૈનિકો અનેરા ઉત્સાહથી જાગ્યા. કારણ આજ પ્રયાણ કરવાનું હતું.

ક્યાં? શાનું?

અજયગઢ તરફ! અને જીતવાનું!

રાજા રામસિંહ પણ આજ અપૂર્વ ઉત્સાહથી જાગ્યો હતો.

તેણે નિત્યકર્મ કરી લઈ યુદ્ધનો પોષાક સજ્યો. મહેલની બહાર ચોગાનમાં સૈનિકો એકઠા થતા જતા હતા.

એટલામાં એક દાસી ધ્રુજતી આવી "મહારાજ! રમા બા મળતાં નથી!"

"હેં!" રામસિંહે કહ્યું.

"હા–ને તેમના બીછાના પરથી આ ચીઠ્ઠી મળી."

એમ કહી કંપતે હાથે દાસીએ રાજાને ચીઠ્ઠી આપી.

રામસિંહે તે વાંચી. ક્રોધથી તેનું આખું અંગ ધ્રુજી રહ્યું.

"મૂર્ખ છોકરી! હું જ્યારે રામગઢનું મોં ઉજળું કરવા યત્ન કરૂં છું, ત્યારે એ તેને કલંક લગાડવા ચાહે છે? માતાના સ્નેહ કરતાં–જન્મભૂમિ પ્રત્યેના ભક્તિભાવ કરતાં–રજપુત સ્ત્રીને મન કશું અધિક ન હોવું જોઇએ. રામગઢને નીચું જોવા જેવું એ છોકરીએ કર્યું"

એમ કહી તેણે એ ચીઠ્ઠી ચીરેચીરા કર્યા. ક્રોધથી અર્ધ ગાંડા જેવો તે મહેલની સીડી ઉતરતો નીચે ચોગાનામાં આવ્યો.

ચોગાનમાં રામગઢના પ્રચંડ યોધ્ધાઓ એકત્ર થયા હતા. તેમણે એકી અવાજે ઘોષણા કરી "મહારાજા રામસિંહનો જય થાઓ!"

રામસિંહ એ યોદ્ધાઓના સમૂહ તરફ ઘડીભર ગર્વભરી નજરે જોઈ રહ્યો,

પછી તેણે પોતાની તલ્વાર મ્યાનમાંથી બહાર કાઢી ને એકત્ર થયેલા સૈન્યને સંબોધીને કહ્યું.

"વીરો! યાદ રાખો અજયગઢે બે વાર તમને નીચું જોવડાવ્યું. છે. આજ તમે ત્રીજી વાર ઉઠયા છો. દૃઢ નિશ્ચય કરો કે આ વખતે મુખ ઉજળું રાખીને જ પાછા ફરવું છે. રામગઢની ધજા બે દિવસ

પછી અજયગઢના કિલ્લા પર ફરફરવી જોઇએ. સ્મરણમાં રાખો કે તમારા રાજાને અજયગઢના રાજાએ બંધીવાન બનાવ્યો હતો. તમે તેનો બદલો લઇ એ અભિમાની સમરસિંહને અહીંનો રાજકેદી બનાવો ત્યારે જ ખરા રજપુત કહેવાઓ ! ”

“ એમ જ થશે ! એમ જ થશે ! ” અનેક યોદ્ધાઓ એક સાથે પોકારી ઉઠયા.

ને એ પોકારની સાથે સેંકડો તલ્વારો એક સાથે મ્યાનમાંથી નીકળી પડી. એ બધાનો એકત્ર પ્રકાશ વિજળીની રાશિ સમો લાગ્યો.

“જુવો ! આ વખત મારવું કે મરવું એ નિશ્ચય કરીને જ પ્રયાણ કરવાનું છે, તમારામાંથી જેને મૃત્યુનો ભય હોય તે અહીં જ રહે. ”

“ કોઇને નથી ! કોઇને નથી !” સૈન્યસમૂહમાંથી અનેક અવજ સંભાળાયા.

“ ધન્ય છે ! આજ તમે ખરા રજપુતનો સ્વભાવ દેખાડયો છે. તમારી તલ્વારને ચુંમીને મ્યાન કરો !”

ને સૌ યોદ્ધાઓ પોતાની વ્હાલી તલ્વારને પોતાની આબરૂ જાળવનાર તલ્વારને–ચુંમી રહ્યા ને પછી મ્યાન કરી.

“ચાલો તૈયાર !” રામસિંહે કહ્યું.

સૌ સજ્જ થઈ ગયા. રણશીંગાના અવાજ કાને અથડાવા લાગ્યા. શૌર્યનું વાતાવણ પ્રસરી રહ્યું. વીરતાની ઉત્કટ ને તીવ્ર સુવાસ યોદ્ધાઓને હૃદયખંડે પ્રસરી રહી. તેમના મુખ પર ઉલ્લાસ અને તેજ રમી રહ્યાં. અજયગઢને જીતવાનો આજ આ યોદ્ધાઓએ પાકો નિશ્ચય કર્યો હતો.

કેટલાક અશ્વ પર ચઢી તૈયાર થઇ ગયા. રાજગોરે આવી રાજા રામસિંહને તિલક કર્યું, વિજયશ્રી વરવાનો આશીર્વાદ આપ્યો, ને રામસિંહ અશ્વ પર ચઢી આગળ વધ્યો.

અર્ધા કલાક બાદ રામગઢનું એ બહાદૂર સૈન્ય રામગઢના ગઢની બહાર નીકળ્યું. એ સૈન્યને મોખરે રામગઢનો વીર રાજા રામસિંહ અશ્વ પર બેઠેલો નજરે પડતો હતો.

*

પ્રકરણ ૧૮ મું

રાજકન્યાની મનોદશા

રાજકુમારી વિજયવતી જ્ઞાનશૂન્ય થઇ ગઇ હતી. સમસ્ત સંસાર તેને તેજહીન અને એ સંસારની સકળ વસ્તુઓ તેને આભાસહીન જણાવા લાગી. ન્હોતું નિદ્રાનું જ્ઞાન—ન્હોતી ભોજનની આકાંક્ષા ! અંતરામાં કોઇ પ્રચંડ વેદનાનો દાહ તેને સળગાવી રહ્યો હતો.

અંબરને કેદમાં પડયાં છ દિવસ વીતી ગયા હતા. આજ સાતમા દિવસની સ્હવાર હતી. વિજયવતીએ જળ કે અન્ય વિના કારાગૃહમાં એ જીવતો રહી જાય એ માટે અખંડ ભાવે પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી. એ છ દિવસની પ્રત્યેક પળ એણે એ ચિન્તનમાં ગાળી હતી. વાતાવરણમાં એ જ ચિન્તા સિવાય એને કશું જણાતું નહોતું. દાસીએ આવીને કહ્યું " બા સાહેબ ! આમ કયાં સુધી કરશો ? સાતમા દિવસનું વ્હાણું વાયું ! ચિન્તા કયાં સુધી કરશો ? થનાર તે થશે જ ! "

" શું સૂર્યે ઉદય ને અસ્ત પામવાનો ક્રમ હજી ચાલુ જ રાખ્યો છે ? ના—ના એમ ન હોય. એ દેવદેવ દિવાકર એટલા કઠોર ન હોય, આ દીનહીન રાજકન્ય પ્રત્યે આટલા નિષ્ઠુર ન હોય. મને તો દિવસ રાત કશું જણાયું નથી. પણ કહે, કેદીના શા સમાચાર છે ? "

હજી સુધી જીવે છે—હમણાં જ ચોકીદારે તમારા પિતાશ્રીને ખબર આપી. પણ છેક જ ચેતનહીન—બોલતાં હવે તો બહુ કષ્ટ પડે છે. પણ આજનો દિવસ નીકળી જાય તો સૌ સારૂં થાય. "

" પ્રભુ કરે ને એ જીવે, રે ! એ અજયગઢનું નાક છે. એવો



એ સૈન્યને મોખરે રામગઢનો વીર રાજા રામસિંહ અશ્વ પર
બેઠેલો નજરે પડતો હતો”

વીર—એવો ઉદાર, એવો સુશીલ શોધ્યો જડે એમ નથી, ભગવાન! દીનશરણુ! તમારી આ રંક કન્યાની પ્રાર્થના જરૂર સાંભળજો."

"સાંભળશે બા! ભગવાન જરૂર સાંભળશે" દાસીની આંખમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં.

"વીણા! એ મારૂં પ્રાણતત્વ છે, મારૂં આત્મઓજસ્ છે. એના વિના સૂનો છે મારે મન આખો સંસાર! આ આંખો એના રૂપની પૂજારણુ છે; આ હૃદય એના ગુણોના દઢ પાશે બંધાયેલું દાસ સમાન થઇ રહ્યું છે. આ દેહ એની ચરણુસેવા માટે ઉત્કંઠિત છે, પણુ વીણા! એ બધું શું બનશે? કઠોર વિધાતા આજનો દિવસ થોડી દયા શું દેખાડશે? પ્રભો! જીવનને સાટે જીવન લેવાનો તમારો ન્યાય હોય તો મારૂં જીવન લઇને પણુ અજયગઢના એ શ્રેષ્ઠ નરવીરને જીવન અર્પો!"

"બધું સારૂં થશે બા સાહેબ!" દાસી વીણાએ રૂંધાયેલે સાદે દિલાસો આપ્યો.

"વીણા! એક કામ ન કરે? હું કોઈ રીતે એને એક વાર નજરે જોઇ શકું એવું ન કરે?"

"ક્યાંથી બને? ચોકીદારો છે ને?"

"વિચાર કરી જો, કોઈ માર્ગ સૂઝી આવશે."

વીણા વિચારી રહી. હોઠે આંગળી મૂકી ભ્રુકુટી સ્હેજ ઉંચી ચઢાવી કોઈ માર્ગ ખોળવા લાગી. થોડીવારે ભ્રુકુટી નીચી થઈ. હોઠ પરની આંગળી ખસેડી તેણે કહ્યું.

"હા—એક માર્ગ છે!"

"શો? જલ્દી બોલ!"

"એ જે ઓરડીમાં કેદ છે તેની પાછલી બારી બહાર ખુલા

મેદાનમાં પડે છે. આપણે છૂપી રીતે જઇએ તો તમે ત્યાંથી એને જોઇ શકો.”

“હા—બરાબર માર્ગ શોધ્યો. પિતાજી હમણાં પ્રભુસેવામાં છે તેટલામાં ચાલ આપણે ત્યાં જઇ પાછાં આવતાં રહીએ.”

“ચાલો !”

ને એ બે રજપુતાણીઓ ઉતાવળે પગલે, પણ સાવધાનીથી, રાજમહેલના બગીચામાં આવી. બગીચો વટાવી બહાર નીકળી કિલ્લાના પાછલા ભાગ તરફ ચાલી.

*

પ્રકરણ ૧૯ મું

રણરંગ

રજપુતના જીવનનો સૌથી વધારે ઉલ્લાસભર્યો પ્રસંગ યુદ્ધ હોય છે. રજપુતનાં સ્વપ્નાં, રજપુતની આશા, રજપુતના જીવનનું ધ્યેય, યુદ્ધમાં વીરતા રાખવી વિજયશ્રીને વરવાનું કે સમરભૂમિમાં પ્રાણુ સમર્પણ કરવાનું હોય છે.

એવો ચીરવાંચ્છિત વિરલ પ્રસંગ આજ રામગઢના રજપુત સૈનિકોને પ્રાપ્ત થયો હતો. શત્રુરાજ્યને પરાસ્ત કરવા આજ એ સૈનિકો વિજળી વેગે ધસ્યા જતા હતા. તેમના અંતરમાં યુદ્ધનો ઉલ્લાસ ઉછળી રહ્યો હતો, નસનસમાં વીરતાનો ધોધ ધમધમ પછાડા મારી વહેતો હતો તલ્વાર કમરે હતી, પણ આંખોમાંથી તલ્વારની ઝરતી વિજળીનું તેજ ઝરી પડતું. કર્ણમાં સમરભૂમિનો કોલાહલ તલ્વારના ખણુખણાટ, અશ્વોનો હણુહણાટ, ઘાયલની ચીસો એ સૌ વાગી રહેતાં. પોતાના શૌર્યની કલ્પનાની રેખાઓ સતેજ ભાવે બુદ્ધિપટ પર અંકિત થઈ ઉઠતી ને એ કલ્પનાપ્રદેશમાં મહાલતા એ સૈનિકો આગળ ને આગળ ધસ્યા જતા હતા.

સૌભાગ્યવતી નદી પાર કરી અજયગઢના રાજ્યની સીમમાં ઉતરતાં જ એ રાજ્યના ગુપ્તચરે રાજા સમરસિંહને વિજળીવેગે આ સમાચાર પહોંચાડયા.

એ વર્તમાન સાંભળી રાજા સમરસિંહની આંખમાં ક્રોધના અંગારા ધખધખી રહ્યા. નસોમાં શાંત ભાવે વહેતું લોહી ઉકળેલા પાણીની પેઠે ઉછળવા લાગ્યું. ક્રોધના આવેશથી એ કંપી રહ્યો. સામી ભીંતે પડેલી તલ્વાર ઉપાડી. એક વાર તેના પ્રતિ દૃષ્ટિ ફેંકી ને તિરસ્કારપૂર્વક એક ધીરૂં સ્મિત કરી તેને ચૂંમી, ને એ ઉઘાડી તલ્વારે બહાર આવી સીપાઇને સુમનસિંહને બોલાવવા ત્વરિત સૂચના કરી. અંબર પછી સુમનસિંહ હવે સેનાપતિપદે હતો..

સુમનસિંહ આવી પહોંચે તેટલા સમય દરમ્યાન વૃદ્ધ સમરસિંહ અતી ઝડપથી આમથી તેમ ફરવા લાગ્યો. દુરહના શિકારને જોઇ પાંજરામાંનોસિંહ જેટલી ધગશથી ફરે એટલી ધગશથી તે પોતાના ખાસ ઓરડાની બહારની રવેશમાં એક છેડેથી બીજે છેડે આંટા મારવાં લાગ્યો.

તેને વિચાર આવ્યો. અંબર હોત તો? આજ શો ઉલ્લાસ મચી રહેત? બે બે વાર એ જ સૈન્યને તેણે પરાસ્ત કર્યું હતું. તેને છૂટો કરતાં યે હવે કશું વળે તેમ ન્હોતું, કારણ કે આજે સાતમા દિવસની સવાર હતી. તે છ દિવસને છ રાત થયાં અન્ન ને જળ વગરનો કારાગૃહમાં પડયો હતો ને તેના શરીરમાં ચેતન ન્હોતુ.

રાજાને અંતરમાં ડંખ થવા લાગ્યો. શું તેણે અંબર પ્રતિ ન્યાય દેખાડતો હતો? તેનો ગુન્હો શો હતો? તે એક રજપુતાણીને ચ્હાતો હતો ને એ પ્રેમને વફાદાર રહેવા એ કશું કરતાં અચકાયો ન્હોતો. રાજાની દૃષ્ટિએ એ દોષિત હશે, પણ અત્યારે એ રાજા અંબરના દરેક કાર્યને અંબરની દૃષ્ટિએ તપાસી રહ્યો તો તેમાં તેને અપરાધ ન જણાયો.

તેને અંતરમાં સ્હેજ ગભરામણ થઇ. અંબર પ્રતિ દેખાડેલા કઠોર વ્યવહારનું શાસન આપવા પ્રભુએ આ ઘટના તો ઘડી નહિ હોય ?

રે ! તેમ હોય તો તેનો પરાજય નિશ્ચિત હતો !

તેનું હૈયું ભરાઈ આવ્યા જેવું થયું. આકાશ પ્રતિ એક વાર આંખો ઉંચી કરી તેણે અંતરમાં ને અંતરમાં પ્રભુને પ્રાર્થના કરી કે તેને હાથે અજાણ્યે થયેલા અન્યાયની તે ક્ષમા અર્પે ને વિજયમાળા તેને પહેરાવે. આ પ્રાર્થનાથી તેનું હૃદય સ્હેજ હલકું થયું. તે ફરી આમતેમ ફરવા લાગ્યો, ને એક છેડે આવતાં ફરી વાર સ્થિર ઉભો રહી અંબર માટે વિચાર કરવા લાગ્યો.

તેનું માથું ફરતું હોય એમ તેને લાગ્યું. કારાગૃહની કાળી બિહામણી દિવાલો વચ્ચેથી અંબર તિરસ્કારપૂર્વક–વેરપૂર્વક–તેના પ્રતિ હસી રહ્યો હોય તેમ તેની કલ્પનાએ સાંભળ્યુ. તેનું અંતર પીગળી ગયું. હાર્યા જેવો એ બની ગયોને પાસેનાથંભનો ટેકો ધ્રૂજતે હાથે લીધો.

એટલામાં તેણે આવાજ સાંભળ્યો " મહારાજ ! આદેશ ! "

પાછું ફરી જોતાં તેણે સુમનસિંહને જોયો. ને નીચુ જોઇ મહારાજાની અજ્ઞાની રાહ જોઇ રહ્યો હતો,

" જો ! રજપુતને જીવનમાં એક જ વાર લાધે એવો વિરલ ને અમોલો પ્રસંગ આજ તારે હાથ લાગ્યો છે. અંબરને હાથે બે બે વાર હારેલું રામગઢનું સૈન્ય ત્રીજી વાર આવે અનો અર્થ એ જ કે પ્રભુ તને તારી વીરતાં દેખાડવાનો સુયોગ આપે છે. જા, પ્રભુની એ કૃપાને માથે ચઢાવ, રજપુતનું ખમીર તારામાં કેટલે અંશે છે તે દેખાડ, અજયગઢની માટી માટે તને કેટલી ભકિત છે તે બતાવી આપ, સ્વદેશના ગૌરવ માટે તને કેટલી ધગશ છે તે સંસારને જોવા

દે. જા ! તૈયાર કર તારા સૈનિકો ને તૂટી પર એ બકરાંનાં ટોળાં પર !"

"રાજન્ ? સુમનસિંહે સમરમાં કદી પાછી પાની કરી નથી, ને કયા ખરા રજપુતે કરી છે ? આશીષ આપો પિતા તુલ્ય મહારાજા ! આપનો આશીર્વાદ માત્ર મને વિજય અપાવવા માટે ઘણો છે."

ને તે નમ્યો. સમરસિંહે બે હાથ ઉંચા કરીને આશીર્વાદ આપ્યા ને કહ્યું "જા ! વિજયમાળા પહેરીને પાછો આવ ને અજયગઢનું મોં ઉંચું રાખ."

સુમનસિંહ નમીને ચાલ્યો ગયો.

ને થોડીવારમાં યુધ્ધનાં રણશીંગાંનો પ્રેરક અવાજ વૃદ્ધ રાજાને કાને અથડાયો. મહેલની રવેશમાંથી રાજા જોઇ રહ્યો. યુધ્ધની તયારી થઇ રહી હતી અશ્વો પોતાના સ્વામીને સેવા આપવા અધીરા બન્યા, સૂતેલી તલ્વારો છંછેડાઇ ઉઠી, શત્રુલોહીથી પોતાની ભૂખ મટાડવા ઉત્સુક બની સૌનિકો સજ્જ થયા. અજયગઢ કરી એકવાર વીરતાના વાતાવરણથી ગાજી રહ્યું.

આ તરફ રામગઢનું સૈન્ય ધસમસ્યું આવતું હતું. બે વારની હારથી શિરે ચોંટેલા કલંકને ધોઇ નાખવા એ સૈન્યનો એકેએક સૈનિક અંતરથી ઉત્સુક હતો. એ પ્રત્યેક સૈનિકને નિદ્રાની, ભૂખની કે આસપાસના શીતળ કે ઉષ્ણ વાતાવરણની પરવા ન્હોતી.

વિજય, વિજય, અને વિજય ! એજ તેમનું ધ્યેય ને એ જ એમને બળ પ્રેરનાર પ્રેરણા !

ને અજયગઢના ગઢર બહાર એ સૈન્યનો ભેટો થયો, કોઇ કોઇથી હારે તેમ ન્હોતું. બેઉ બાજુના એ સૈનિકોમાંનો પ્રત્યેક લવૈયો ખરો રજપુત જ હતો. તલ્વારોનું ઘર્ષણ ઝબકારા મારતી વિજળી પેદા કરી રહ્યું, વાતાવરણ ગગનમંડળની ઘોર ગર્જનાનો આભાસ કર્ણમાં રેડી રહ્યું, વીરતાના છેલ્લા પયગામ સમી ઘાયલની ચીસો લડતા સૈનિકોને

અધિક પ્રેરી રહી. અશ્વો એ કોલાહલથી નાચી રહ્યા, જાણે કોઈ ઉત્સવભૂમિમાં હોય !

પણ આજ પ્રભુએ અજય ગઢનો પરાજય નિર્મ્યો હતો. જો આ ત્રીજી વાર અજયગઢનો જય થાય તો તો વિધિની વિચિત્ર અનિશ્ચિતતા કેમ સાબિત થાય? સ્વયં પ્રભુનું સૃષ્ટિનિર્માણ પણ એ જ સિદ્ધાંતપર છે. છાયા પછી તાપ–સુખ પછી દુઃખ–વિજય પછી પરાજય–હર્ષ પછી શોક !

બે કલાકમાં અજયગઢના સૈનિકો વધારે પ્રમાણમાં મર્યા હોય એમ જણાઈ આવ્યું. તેમની સંખ્યા ઘટતી ગઇ. સુમનસિંહ જીવ પર આવી લડી રહ્યો હતો. વૃદ્ધ રાજાના વાકયો તેના કાનમાં ગુંજી રહ્યાં હતાં ને એ ગુંજન એને નવી પ્રેરણા આપી રહ્યું હતું છતાં સંજોગો પરાજયના દેખાઈ રહ્યા હતા.

ને બીજા અર્ધાકલાક પછી રામગઢનું સૈન્ય અજયગઢના દરવાજા ખોલી શહેરમાં દાખલ થયું રાજા રામસિંહ ને પુષ્પા સૌની આગળ ધસમસ્યાં જતાં હતાં.

કારણ ?

કારણ કે પોતાની પુત્રીને ખોળવા–ખોળી કાઢી નીરખવા–રામસિંહ ઉત્સુક હતો વળી તેણે અંબરને યુદ્ધમાં જોયો ન્હોતો, એટલે તેનું શું થયું હશે તે જાણવા પણ એ ઉત્સુક હતો.

તે રાજમહેલમાં ધસ્યો.

ત્યાં આવતાં તેણે શું જોયું ?

રાજા સમરસિંહ આત્મહત્યા કરી પોતાના ખંડમાં નિશ્ચેતન થઈ પડયો હતો,

રામસિંહ જોઇ રહ્યો ! એ પ્રચંડકાય વૃદ્ધ સમરસિંહ–અજયગઢનો વીરસદ્દચરિત્ર નૃપતિ–પરાસ્ત મુખે જીવવા કરતાં મૃત્યુને સહર્ષ ભેટી ચૂકયો હતો. એ મૃત શરીરના મુખ પ્રતિ રામસિંહે એક દ્રષ્ટિ

ફેંકી ! ત્યાં ન્હોતી વિષાદની રેખા, ન્હોતું ગભરાટનું એકે ચિન્હ ! ત્યાં પરમ શાંતિ, અડગ નિશ્ચિંતતા, અપૂર્વ વીરતા, ને દૃઢ સંયમ રમી રહ્યાં હતાં !

વીર વીરને જાણે ! રામસિંહ વીર હતો ને આજ તેણે સમરસિંહ જાણ્યો ! તેની આંખોને ખુણે આંસુની ભીનાશ પ્રસરી રહી. હૈયું સ્હેજ ગળગળું થયું, પોતાના વિજયમાં કંઇક ડંખ લાગ્યો, ઉણપ લાગી !

રામસિંહને આજ પોતાના પર તિરસ્કાર આવ્યો, એ બે વાર પરાસ્ત થયા છતાં તે જીવતો રહ્યો હતો—તેણે સંસારને પોતાનું કલંકિત મુખ દેખાડયું હતું, જ્યારે સમરસિંહે પહેલી જ હારે મૃત્યુનો ભેટો કર્યો હતો, સંસારને પોતાનું દૂષિત મુખ દેખાડયું નહોતું.

ત્યારે ખરો રજપુત કોણ હતો ?

તે કે સમરસિંહ ?

" સમરસિંહ ! સમરસિંહ ! " તેના કાનમાં જવાબ ગુંજી રહ્યો.

ને લાગણીને વશ થઇ એ રામગઢનો રાજા ગુંડણે પડયો ને સમરસિંહ પાસે નીચા વળી તેનો હાથ પોતાની છાતી પર દાબ્યો. તેની આંખમાંનાં આંસૂ એ ચેતનહીન હસ્ત પર ખર્યાં ! હા રજપુત ! વીર ! સમરહિ !

*

પ્રકરણ ૨૦ મું

જય કે પરાજય ?

સૂર્યનાં પ્રખર કિરણોનો પણ એ અંધારી કારાગૃહની ઓરડીમાં બહુજ ઓછો પ્રભાવ પડતો. ચારે બાજુ કાળી ઉંચી ભયાનક દિવાલો ! પછીતની દિવાલમાં એક નાની બારી ઉંચે હતી, તેમાં લોખંડના સખ્ત સળીઆઓ જડયા હતા તેમાંથી જ માત્ર થોડો પ્રકાશ, ને હવા અજવાળું આવતાં. એક મનુષ્ય અન્ય મનુષ્યને માટે

આવી ઓરડી બંધાવે એ મનુષ્યહૃદયનો ચોખ્ખો ગેર ઉપયોગ હતો, પણ આ સંસારમાં હૃદયનો સદ્‌ઉપયો કેટલા કરે છે ?

હા ! આજ સાતમો દિવસ હતો. ! આજ છેલ્લો દિવસ હતો ! અન્નનો દાણો મોંમાં નાખ્યા સિવાય કે પાણીનું ટીપું જીભને અડાડયા સિવાય અંબરે, અજયગઢના એક વારના સેનાપતિએ, સતત્ છ દિવસ ને છ રાત ગાળી હતી. આજ સાતમો ને છેલ્લો દિવસ હતો ! આજ એ જીવી જાય તો વિધાતાએ તેની તરફેણમાં પાસો નાંખ્યો ગણાય ! આજ એ જીવી જાય તો બીજા કેટલાક વર્ષ એ વીર જીવી શકે ! પણ–

પણ વિધાતા યંત્રવત્ ઇન્સાફ સિવાય અન્ય કૈં ક્યારે સમજી છે ? દયા, માયા મમતા કે ક્ષમા તેને ક્યારે વસી છે ? અંબર છેક જ ચેતન રહીત થઇ ગયો હતો. બોલવું પણ મુશ્કેલ હતું. બોલવાનો યત્ન કરતાં જીભ તાળવાને ચોંટી જતી. સાત દિન ને રાત શિથિલ-ભાવે ચટાઇ પર પડયાં રહેતાં ને અન્નજળ ન પામતાં તેના સુગંઠિત ને મજબુત ગાત્રો ધીરે ધીરે ઢીલાં ને દુબળાં પડવા લાગ્યાં.

પ્રભાત થતાં પછીતની ભીંતની ઉંચી બારીમાંથી આવતી સૂર્ય-જ્યોતિ તરફ પોતાની નિસ્તેજ ને ઉંડી ઉતરી ગયેલી આંખો ફેરવી એ જ્યોતિને મનમાં ને મનમાં જ વંદતો. કવચિત્ એ બારીમાંથી આવતી એકાદ શીતળ, ધીમી વાયુ લહરીને તે અંતરમાં ને અંતરમાં જ અભિનન્દતો. રાત્રે નિદ્રાધીન થતાં પહેલાં સર્વજ્ઞ અંતર્યામીની ભાવપ્રાર્થના–મુંગી પ્રાર્થના–તેના હૃદયમાં ઉદ્‌ભવતી, વેગ પામતી ને શમાતી, શમી જતાં એ હૃદયને શાશ્વત શાન્તિ અર્પતી ને એ વીર નિદ્રાવશ થતો.

છેલ્લા છ દિવસના નિયમ પ્રમાણે આજ પ્રભાતે પણ તેને બારી તરફ પોતાની ઉંડી ને નિરાશાની અનેક વાતો પ્રગટ કરતાં

આંખો ફેરવી. સૂર્યજ્યોતિને જોઇ, બે ત્રણ વાર જોઈ, ને એ જ્યોતિ અર્પનાર જ્યોતિર્મય પ્રભુનો પાડ માન્યો. તે જીવવા ઇચ્છતો હતો–હા ! જીવવા અવશ્ય ઇચ્છતો હતો ! પોતાને માટે નહિ પણ–

પણ કોને માટે ?

એ હૃદયમૂર્તિ રમા માટે ! એ જીવનજ્યોતિ સમી નિર્દોષ શાશ્વત પ્રતિમા રમાકુમારી માટે ! અંબરના અંતરને ખૂણે ખૂણે જેના પ્રણયની સુવાસ મ્હેકી રહી હતી, અંબરના પાંપણોની મીટે મીટે જેની સ્નેહકળી ઉઘડતી ને બીડાતી જતી ગેલ કરતી, અંબરના રક્ત વહનમાં જેના સ્નેહનું સત્વ સર્વાંશે મિશ્રિત હતું એવી રામગઢની રાજકન્યા–ગુણની પરમ મૂર્તિ, સૌમ્યતાનો સાક્ષાત આદર્શ ને જ્યોતિભરી પ્રકાશરાશિ સમી રાજકન્યા–રમાને માટે પણ એ જીવવા ઇચ્છતો હતો ને છતાં જો નિષ્ઠુર વિધાતાએ સમરસિંહના આ શાસન દ્વારા તેનું મૃત્યુ નિર્મ્યું હોય તો એ દયાહીન વિધિ પાસે મરતી વખતે તે એક જ યાચના કરવા મ્હાતો હતો ને તે—

તે યાચના સંસારની જે પરમ ગુણવતી ને રૂપવતી સુન્દરી તેની જીવનસહચરી થનાર હતી ને જેને તેની જીવનસંગિની થતાં અટકાવનાર એ ક્રુર વિધાતા જ હતી તે સુન્દરીને મૃત્યુ પહેલાં, છેલ્લો શ્વાસ લેતા પહેલાં, તે એક વાર,–હા ! માત્ર એક જ વાર–નિરખી લઇ, પછી તે પરમ જ્યોતિર્મય પ્રભુના પાદારવિંદમાં જવા ઇચ્છતો હતો.

આ એની ઝંખના હતી, આ એની પ્રાર્થના હતી, આ હવે તેના જીવનનું એક માત્ર ધ્યેય હતું. આ તેના નેત્રની એક જ પિપાસા હતી, આ–ને માત્ર આ જ–હવે તેના કરમાતા ને નિરાશ થતા અંતરની એકમાત્ર લાલસા હતી !

તેણે ઉંચું જોયું. ઉંચે એ ઓરડીનું શ્યામવર્ણું ને બીહામણું લાગતું છાપરૂં હતું. એ છાપરાંને ભેદી તેની કલ્પનાએ તેને આકાશનાં દર્શન કરાવ્યાં ને એ કાલ્પનિક વ્યોમ પ્રતિ જોઇ તેણે મનમાં ને મનમાં જ પ્રભુની પ્રાર્થના કરી કે રમાને તે એક વાર જુએ.

તેણે ક્ષણભર પોતાની ફીકકી આંખો મીંચી દીધી. અંતરમાં એ પ્રાર્થનાએ બળ આપ્યું—રમા હમણાં આવશે એવો કોઈ કાલ્પનિક વિશ્વાસ અંતર આપી રહ્યું. તેને આશ્વાસન મળ્યા જેવું થયું—એણે સુખનો, શ્રદ્ધાનો, આશાનો એક શ્વાસ લીધો ને પૂનઃ આંખો ઉઘાડી ને—

ને આંખો ઉઘડતાં જ કુદરતી રીતે તેની દ્રષ્ટિ પાછલી દિવાલવાળી બારી તરફ ઠરી. ત્યાં તેણે શું જોયું ?

રાજકુમારી વિજયવતી ને તેની દાસી વીણા અનિમિષ નેત્રે તેના તરફ જોઇ રહ્યાં હતાં.

અંબરની કરમાયલી આંખો પળભર ત્યાં ઠરી રહી. રે ! તેના મૃત્યુની કરૂણતા જોવા એ રાજકન્યા શાને આવી! વીર ઇચ્છે છે કે તે સહન કરતાં કરતાં જ મરી જાય. એ સહન કરતાં તેની થતી દશા કોઇ પારખી જાય એ તેની વીરતાને ખૂંચે છે ને તેથી જ અત્યારે અંબરના અંતરમાં કંઇક ખૂંચવા લાગ્યું.

વિજયતી એકીટશે જોઇ રહી હતી. અંબરની આવી દશા જોઇ તેનો કંઠ રૂંધાતો હતો, કંઠમાની એ કરૂણતા કંઠના સ્નાયુમાં તરવરી રહી હતી. રે! અંબર એ આટલે દૂરથી જોઇ શકતો હોત ?

અંબરે મોં ઉઘાડી સુકાતી જીભ તરફ પોતાના દુર્બળ ધ્રજતી આંગળી દેખાડી સૂચવ્યું કે તેને પાણી જોઇએ.

પાણી ? હા પાણી ! પણ અફસોસ અજયગઢની એ રાજ-કન્યા જેને જીવનથી અધિક વ્હાલી હતી તેને અત્યારે એક પાણીનું ટીપું પણ આપી શકે એટલો અધિકાર ધરાવતી ન્હોતી ! રે ! વિધિની શી વિચિત્રતા ! શી નઠોરતા !

આ વિચારે વિજયવતી ગળગળી થઇ, અંતરની કરૂણતા કંઠમાં એકત્ર થઇ છેવટે પ્રવાહી રૂપ લઈ નેત્ર દ્વારા પ્રકાશમાં આવી. વિજયવતીની આંખમાંથી આંસુનાં થોડાંક ટીપાં સરી પડયાં.

વિજયવતીએ પ્રભુ પાસે એ વખતે માગ્યું કે આંસુનાં એ ટીપાં છેક નીચે પહોંચે ને પાણીને અભાવે મરવા પડેલા એ વીર સેનાપતિના મુખમાં એ આંસુ પ્રવેશી તેની જીભને ભીની કરે.

પણ ના–વિધિ એ કયાં માને તેમ હતી ? એ આંસુ તો કાળી ઓરડીની એ બારીના શુષ્ક શ્યામ પત્થર પર પડયાં ને સરી ગયાં. પત્થર ભીનો થયો, પણ હાય ! તેના પ્રાણથી પણ અધિકતર એ અંબરની જીભ ભીની ન જ થઈ !

પુનઃ તેણે અંબર પ્રતિ જોયું. તે હવે સાદડી તરફ નીચું જોઈ બેઠો હતો. આવી અવસ્થામાં પણ તેનું ધૈર્ય, તેની અડગ શ્રદ્ધા, તેની અપ્રતિમ વીરતા: એ સર્વ જાણે તેના શરીરના પ્રત્યેક અવયવોમાંથી નીતરતાં હોય એવી રાજકન્યાને કલ્પના થઇ.

તે જોઈ રહી—જોઇ જ રહી–એ રૂપ, એ વીરતા કરમાયા છતાં કેટલાં મોહક હતાં ?

અંબરે પુનઃ તેના તરફ જોયું, વિજયવતીનું અંતર પશ્ચાતાપથી કોરાઇ જવા લાગ્યું, અંબરનાં સર્વ દુઃખનું મૂળ શું એ ન્હોતી ? હતી—હતી જ ! ને એ વિચારે તેનું હૃદય શેકાઇ જવા લાગ્યું.

પશ્ચાતાપનાં આંસુ તેની આંખોમાંથી ટપકી રહ્યાં. હૃદય ને આત્મા ગળી જતાં હોય એવો એને આભાસ થયો. રે ! જે વીરે સારા અજયગઢને બચાવ્યું હતું તે વીરની આ દશા ! પાણીના ટીપાં માટે દીન ભિક્ષુકથી પણ વધારે હીન દશા ! મનુષ્ય મનુષ્ય પ્રતિ આટલો કઠોર શી રીતે થઇ શકતો હશે ?

તેનું અંતર ડંખવા લાગ્યું. તે પોતાને ગુન્હેગાર માનવા લાગી. ક્ષણુવાર આંખ બંધ કર્યા જેવું કરી તેણે અંબર પ્રતિ બે હાથ જોડયા—ક્ષમા માગતી હોય તેમ કરવા લાગી. વીણા આ જોઇ રહી.

એટલામાં દૂરથી કોલાહલ સંભળાયો. " ચાલો વહેલા થાઓ ! ગઢના દરવાજા બહાર ચાલો ! શત્રુઓ આવી પહોંચ્યા છે ! "

ને ઘોડાની ખરીઓના અવાજ તેમજ સૈનિકો તલ્વાર કમરે બાંધતા હતા તેનો ખણુખણાટ એ પછી રાજકન્યાને કાને પડયો. યુદ્ધ ! શું રામગઢનું સૈન્ય આવી પહોંચ્યું ?

તેનો પિતા તેને શોધતો હશે એ વિચાર વિજયવતીને આવ્યો. તેણે જવું જ ઘટે. તે તરત ત્યાંથી ઉઠી. અંબરને બારીમાં દેખાતું એ કરૂણ મુખ દેખાતુ બંધ થયું !

અંબરને કાને પણ કોલાહલ અથડાવા લાગ્યો. પાએક કલાક તે ચટાઇ પર પડયો પડયો કાન માંડી સાંભળવા લાગ્યો. શહેરમાં યુદ્ધ થતું હોય એવો તેને ભાસ થયો. તેની વીરતા જાગી ઉઠી. ચેતનહીન ગાત્રો પણ હલી ઉઠયાં તેને લડવાની ઇચ્છા થઈ—પણ અફસોસ ! એ રાજકેદી હતો !

તે પછી થોડીવારે તેણે બહારના ચોકીદારને વાતો કરતા સાંભળ્યા " ગુમાનસિંહ ! નાસ ! શત્રુઓ આ તરફ આવે છે ! "

ને તેણે ચોકીદારો નાશી જતા હોય તેમ તેમનાં ઉતાવળાં પગલાં કાન માંડી સાંભળ્યાં. હા ! ચોકીદારો ગયા ! હવે એ છુટો હતો !

તેણે ઉભા થવા યત્ન કર્યો—પણ સાત દિનના ઉપવાસે તેની સર્વ શકિત હરી લીધી હતી. તે ઉભો ન થઈ શકયો. સ્હેજ ઉંચો થતાં પાછો ચટાઇ પર પટકાઇ પડયો. તેણે ક્ષીણ અવાજે ધીમી બૂમ મારી "પાણી! મને પાણી!"

પણ પાણી આપનાર ત્યાં કોઇ ન્હોતું. ચારે તરફ અંધકારે નિરાશાસૂચક જવાબ આપ્યો. અંબરનું ગળું હવે છેક જ શોષાતું જતું હતું. પાણી વિના હવે તે જીવે તેમ ન્હોતો, તે હતાશ થયો. બહારથી કોઇ આવે એવી આશા બાંધવા લાગ્યો.

હા! ખરેખર કોઇ આવતું હતું. તેણે દૂરના ધીમા પગલાં સાંભળ્યાં. કોઈક આવતું હતું—પણ ધીરે—બહુ જ ધીરે!

એ પગલાં મહા મહેનતે જાણે પૃથ્વી પર પડતાં હોય એવો અંબરને ભાસ થયો. કોણ હશે? કલ્પના વ્યર્થ જતી હતી!

પોતાની ફીક્કી આંખો તેણે દરવાજા તરફ માંડી રાખી. પગલાં વધારે ને વધારે પાસે આવતાં જતાં હતાં. પણ કેટલાં ધીરે?

તે અધીરો બન્યો! કોણ હશે તે જાણવા તલપાપડ થઇ રહ્યો. તેનું ચેતનહીન શરીર પણ સ્હેજ ઉંચું થયું કોણ હશે!

તે દરવાજા તરફ જોઇ જ રહ્યો હતો. પાણી! હા! કોઇ પાણી તો નહિ લાવતું હોય! એ વિચારે તેનું હૃદય સ્હેજ કૂદયું,

હવે પગલાં છેક જ પાસે આવ્યાં હતાં. અંબર દરવાજા તરફ જ જોતો હતો. પાસે—પાસે—પાસે!

ને દરવાજાની છેક પાસે એ પગલાં આવ્યાં. અંબરે શું જોયુ?

રમા! જેની ઝંખના તે કરી રહ્યો હતો તે રમા! જેને મળવા તેણે પ્રભુને પ્રાર્થના કરી હતી તે રમા! અંબરનું સર્વસ્વ! અંબરનું જીવન! અંબરનો પ્રાણ!

પણ આ વખતે તો અંબરનો પ્રાણ 'પાણી'! તેણે બહુ જ ધીમે સાદે કહ્યું "પાણી!"

રમા લથડતી હતી. વાળ વિખરાઇ ગયા હતા, શરીરે રસ્તાની ધૂળ વળગી હતી. મુખ પર થાકના સ્પષ્ટ ચિન્હો હતાં. રમાએ સતત્ ભાવે પ્રવાસ કર્યો હતો. રામગઢથી અજયગઢ તે એકલી આવી હતી, અવિરામ ચાલી હતી ને હવે છેક જ શક્તિહીન થઈ હતી.

રમાએ મહામુશ્કેલીએ લોખંડનો દરવાજો હડસેલ્યો ને અંદર આવી. અંબર પાસે આવતાં આવતાં લથડી પડી.

અંબર એકીટશે જોઇ રહ્યો! એ જ પરમ સૌન્દર્યમૂર્તિ! એ જ સાક્ષાત્ સૌમ્યતા! એ જ આદર્શ સ્નેહની સ્નિગ્ધ પ્રતિમા! આવી થાકેલી સ્થિતિમાં પણ અંબરને એ અતી સુદર—અતી સૌમ્ય—ને અતી સ્નિગ્ધ લાગી! રામગઢની એ રાજકન્યા—અખંડ સ્નેહવતી સતી . . . પોતાને મળવા સતત્ પ્રવાસ કરી આવી છે એ અંબર કલ્પી શકયો. રમા અંબર પ્રતિ જોતી જોતી લથડતી ચાલતી હતી. હવે તેનું બળ ખૂટી ગયું હતું. ઓલાવાતા દીવાની પેઠે છેવટનું બળ એકઠું કરી તેણે દરવાજો ઉઘાડયો હતો. તે થાકી થઇ, હાંફી રહી ને તેનું બળ ખૂટી જતું હોય એમ જણાયું.

અંબરના ગળામાં આ વખતે શોષ પડવા લાગ્યો, જીભ ચોંટી ગઇ! મહા મહેનતે તેણે ફરી ધીમે સાદે કહ્યુ 'પાણી!'

રમાએ સાંભળ્યું "પાણી? લાવું છું" એમ છેક ધીમે સાદે કહ્યું.

ને તે પાછી વળી. એક પગલું માંડયું ત્યાં તો ધબ દઇ એ સાદડી પર પડી.

અંબર આ જોઇ રહ્યો. ચેતનહીન વીરે લાચારની પેઠે દયામણી આંખે આ કરૂણાજનક દસ્ય જોયું. તેની હાજરીમાં તેના પ્રિય પ્રાણ સમી રમાકુમારી ઢળી પઢી,

તેણે ઉઠવા યત્ન કર્યો–પણ ના! ઉઠી ન શકયો. તેના ગાત્ર છેક જ શક્તિહીન થયાં હતાં.

ગળું હવે બળવા લાગ્યું. જીભ સજ્જડ ચોંટી રહી. ફરી એક બહુ જ ધીમો સ્વર કારાગૃહની ચાર દિવાલો વચ્ચે સંભળાયો "પાણી!"

ને એમ કહી તેણે સાદડી પર બેઠાં બેઠાં જ ખસવાનો યત્ન કર્યો. સ્હેજ ખસી શકયો. રમા થોડે જ દૂર હતી. તેણે ફરી યત્ન કર્યો. ગાત્રો પીડાવા લાગ્યાં. ગળામાં હવે દાહ બળતો હતો. તેણે બધું બળ એકત્ર કર્યું ને સ્હેજ ખસ્યો.

હવે રમા છેક જ પાસે હતી. એ પરમ સૌમ્ય સૌન્દર્યવતી દેહલતા કરમાયલી અવસ્થામાં અંબરની સામે જ પડી હતી. હા! સામે જ! ને છતાં અંબર કંઇ કરી શકતો ન્હોતો.

તેણે છેલ્લી વાર બળ એકત્ર કર્યું ને ખસ્યો, બળપૂર્વક ખસ્યો ને રમાની છેક જ અડોઅડ આવી ઢળી પડયો.

નિશ્ચેતન જેવી જણાતી રમા આ ધબકારાથી સ્હેજ હલી. તેણે ધીરેથી આંખો ઉઘાડી ને બહુ જ ક્ષીણ સ્વરે કહ્યું "અંબર! વ્હાલા! પા–સે!"

ને સૂતાં સૂતાંજ અંબર રમાં તરફ ખસ્યો. એણે બોલવા યત્ન કર્યો, પણ જીભ હવે સજ્જડ ચોંટી ગઈ હતી. તે બોલી ન શકયો. ટમટમતી આંખે રમા તરફ જોયું. હાય! લાચાર! નિરાધાર! રે હમણાં કોઇ દશ ટીપાં પાણી આપત તો એ વીર રમાની કુશળતા એક વાર પૂછી લેત!

રમાએ પોતાનો થાકેલો ક્ષીણ હાથ સ્હેજ ઉંચો કર્યો ને અંબરના દેહ પર નાંખ્યો. તેની આંખો મીંચાઇ ગઇ. શ્વાસ

રૂંધાવા લાગ્યો ! તેનું બળ ખુટતું હતું, સાવ ખુટી જવા આવ્યું હતું. વિધિ પોતાનો ફટકો લગાવી રહી હતી :

અંબરે આ જોયું. તેનું લોહી ઠંડુ પડવા લાગ્યું. નસો તૂટી જતી હોય એવો ભાસ થયો. તેણે બોલવા યત્ન કર્યો, પણ ચોંટેલી જીભ અળગી ન જ થઈ. તેણે મહા મહેનતે ડાબો હાથ સ્હેજ ઉંચો કર્યો ને રમાની કમર પર નાંખ્યો.

ઉભય શ્વાસોશ્વાસની ઉષ્ણતા અનુભવી રહ્યાં હતાં. એ શ્વાસોશ્વાસ તેમની પ્રણયસૃષ્ટિના વાયુ સમો હતો. ઉભયે પોતાનો સમસ્ત સંસાર એક બીજામાં અનુભવ્યો, એ શ્વાસની ઉષ્ણતા તેમને પરમ સુખદાયક બની રહી. કોઇ અપૂર્વ સુખાનુભવ તેમના અંતરને સ્પર્ષવા લાગ્યો.

ને ઉભય થોડી ક્ષણ એમ રહ્યાં, ત્યાં અંબરે અનુભવ્યું કે રમાનું શરીર છેક ઠંડુ પડી ગયું હતું ને તેનાં પોતાનાં ગાત્રો શિથિલ થતાં જતાં હતાં.

હવે તેને જીવવાની આશા ન રહી. રમા જીવતી હતી કે મૃત્યુ પામી હતી તે એ કળી ન શકયો. પણ તેના ચ્હેરા તરફ તેણે મહા પ્રયત્ને પાંપણો ઉંચી કરી, નજર ફેંકી તો જણાયું કે એ છેક નિસ્તેજ હતો ! તેને ગળામાં મહા કષ્ટ થતું હતું. શરીર ટાઢું પડવા લાગ્યું. અંતકાળ પાસે આવતો જણાયો. તેણે એક વાર પાસે સૂતેલી રમા પર સાવ ફીક્કી આંખો ઠેરવી પછી ઉંચે જોયું. પ્રભુને યાદ કર્યો ને આંખ મીંચી દીધી.

એ છેલ્લી મીંચાઇ તે મીંચાઇ ! પાણીને અભાવે અજયગઢનો એ વીર આ સંસાર ત્યાગી ગયો !

હા ! એ આદર્શ યુગલમાંના ઉભયની નજર પ્રથમ વાર મળી હતી તે ક્ષણથી અત્યાર સુધી તેઓ હૃદય અને આત્માથી અભિન્ન

હતાં ને છેલ્લા શ્વાસ સુધી પણ અભિન્ન જ રહ્યાં! એ સ્નેહ, એ આદર્શ સ્નેહ, મૃત્યુ સુધી પણ અખંડિત રહ્યો!

ને એ જ ક્ષણે પુષ્પાનો સ્વર બહાર સંભળાયો. એ વિજય-ગાન ગાઇ રહી હતી.

સૃષ્ટિના સરજનમાં અદ્દભુત સુવેશ :
મારો દેશ : મારો દેશ :
અંતરમાં—ઘટઘટમાં પ્રેરક ઉજેશ :
મારો દેશ ? મારો દેશ :

એ ગાનનો ધ્વનિ વાતાવરણમાં ગુંજી રહ્યો.

ને ત્યાં આકાશને ભેદતો સમૂહસ્વર સંભળાયો "રામગઢનો જય? મહારાજા રામસિંહનો જય!"

ફરી પુષ્પાનો સંગીતસ્વર વાતાવરણમાં છાઇ રહયો.

જીવનમાં ...ચિન્તનમાં એક જ આદેશ !
મારો દેશ ! મારો દેશ :
જાગણ કે સમણામાં એકજ સંદેશ !
મારો દેશ ! મારો દેશ !

ને કારાગૃહમાં પુષ્પાનાં ને રામસિંહનાં ભારે પગલાંનો પડઘો ગાજી રહયો.

હાથમાં બળતી મશાલ લઈ વિજયભર્યે ચ્હેરે પુષ્પા આગળ ચાલતી હતી ને રામસિંહ પાછળ હતો,

પણ દરવાજો ઉઘાડી અંદર આવતાં મશાલના પ્રકાશમાં ઉભયે શું જોયું ?

રામગઢની પરમ સ્નેહવતી એ રાજકન્યા ને અજયગઢનો એ આદર્શ વીર ઉભય નિશ્ચેતન થઈ સાદડી પર પડયાં હતાં. મરતી

વખતે પણ તેઓ એક બીજાને આલિંગી રહ્યાં હતાં. છેલ્લા શ્વાસ વખતે પણ અભિન્ન રહ્યાં હતાં! સ્નેહના સૂત્રે તેમને બાંધીને એક જ રાખ્યાં હતાં! ને એ એક રહીને જ તેઓ આ સંસાર માંથી વિદાય થયાં!

પુષ્પા આ જોઈ થંભી ગઇ. વિજયનો હર્ષ, સ્વદેશનું ગૌરવ, વીરતાનો તનમનાટ સૌ થીજી ગયાં. આ કરૂણ દસ્ય જોઇ તેની આખમાં આંસૂ આવ્યાં. તેણે એ મૃત યુગલ તરફ હાથ કરી રામસિંહને કહ્યું "જુઓ! આ આદર્શ સ્નેહ!"

રામસિંહ એકીટશે જોઈ રહયો, તેનું અંતર ગળતું જતું હતું. કંઠ શોષાવા જેવો થયો. આંખો ભીની થાઉ થાઉં થઇ રહી. હા! અંતે આ દશા! આદર્શ સ્નેહનું જગતમાં આવું ફળ!

તેને પોતાના પ્રતિ તિરસ્કાર આવ્યો. અંબર પ્રતિ સમભાવ રાખવા માટે રમાને તિરસ્કારી હતી તે યાદ આવ્યું :

વિષાદ અને ગાંભીર્યની મિશ્ર લાગણીથી આ બે મૃત દેહ તરફ તે ફરી વાર જોઇ રહયો! અભિન્ન! અખંડિત! અતૂટ!

ધ્રૂજતે સ્વરે તે બોલી ઉઠયો "સંસારની નજરે મારો જય થયો છે, પણ મારા હૃદયની દષ્ટિએ આજ મારો પરાજય જ થયો છે!"